આતસની ખુબી વિશે મલેલાં જુદાં જુદાં લખાણો.

લખનાર-એરવદ જીવનશાહ દાદાભાઈ દોરડી.

મુંબઈ:

વર્તમાન પ્રેસ—ચંદનવાડી નંબર ૨૪૧ માં

જી હોશંગજી જાગોશે છાપી પ્રગટ કર્યું છે.

સને ૧૨૭૩ યઝદેજરદી—સને ૧૯૦૪ ઈશાવી.

કીંમત બે આના.

ચોપડીઓ વેચવાની છે.

મુંબઇ વરતમાન છાપાખાનામાંથી મલશે.

ઠેકાણું—ચરનીવાડી, ના૦ ૧૪૧ મુંબઇ.

હીંદુસ્થાનનાં આતશબેહેરાંમો અને યજદેજરદી સને ૧૨૬૭ માં ર ઈમાં સ્થપાયલાં નવાં આતશબેહેરાંમનો હેવાલ, તથા મરહુમ દસ્તુરજી સા ડાકટર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પઆસાના એમ. એ., પી. એચ. ડી. સી. એલ.નું જન્મ ચરીત્ર. સુંદર સબી સાથે–કીંમત રૂ૦ાા.પોસ્ટેજ ૧ આ

શમસુલ ઓલમા દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહેરાંમજી શનજાણ એમ. એ., પી. એચ. ડી., નું જન્મ ચરિત્ર. સુંદર સબી સાથે–કીંમત બે આ

આનરેબલ શેઠ નવરોજજી નશરવાંનજી વાહડયા, સી. આઇ. ઇ. મરણ—તેમનું જન્મ ચરીત્રની ચોપડી.–કીંમત–રૂ૦ાા, પોસ્ટેજ ૧ આનો.

મહારાણી વીકટોરીયાનું જીવન ચરિત્ર—કીંમત બે આના, પોસ્ટેજ અરધો આનો.

નજુમ નાંમું–કેઆંની પાદશાહી ફાલ જોવાની તાસીર,–એક ઇરાંણુથી આવેલા ઇરાણીનું બનાવેલું.—કીંમત એક આનો, પોસ્ટેજ અરધો આનો.

હોરમજદ યસત ઉપરથી હોરમજદની સીફત વીશેની સરેહ–એ, અવસતા કલામોના ખુદ દાખલાઓ સહીત ઇનામનો રસાલો લખેલો છે. કીંમત બે આના, પોસ્ટેજ અરધો આનો.

મુંબઈ અને દેશાવરનાં જાણીતા અને જાહેર જરથોશતીઓનાં મ દીવશની નોંધની ચોપડી–પેહલેથી તે યજદેજરદી સને ૧૨૬૦ શુધીની, યજદેજરદી ૧૨૬૧ નાં ઝોરાશટરીઆન કેલેંડર ઉપરથી ઉપજાવેલી.—કીંમત રૂ૦ા. પોસ્ટેજ અરધો આ

ધર્મ નીતી—ભાગ પેહલો, ત્રીજો–દરેકની કીંમત રૂ૦ા–પોસ્ટેજ ૦)ાા–એમાં ઘણા સરસ ધર્મ અને નીતીબોધો તથા અવસતા વાણીની રૂડી સમજો, માય ફરમાંનોની મીસાલો, વીગરે આપીને ધરમની મોતેબરી માનવી જાતે દરેક વાતમાં નીતીમાન કેમ અને કેવી રી અને વાંચવા જોગ બોધ સમાવેલા છે.

એયાંમે નોશાલો–હીંગાંમે નોરોઝ–યાને અશલી ઇરાંની જરથો હાલનાં હીંદુસ્થાંની જરથોસ્તીઓમાં નવાં વરશનો હીંગાંમ કેમ પા આવે છે તેનુ વૃતાંત.–કીં૦)–ાા. પોસ્ટેજ અરધો આનો.

આતશની ખુબી વિશે મલેલાં જુદાં જુદાં લખાણો.

(લખનાર—**એરવદ દીનશાહ દાદાભાઇ દોરડી.**)

(અવસ્તાના લખાણોની સાહદતો એમ૦ કા૦ એમ૦ કાંગાની પ્રગટ કરેલીઆ કેતાબોના તરજુમાઓ ઉપરથી લીધી છે.)

આતશ વિષે ગાથામાંથી મલતું વર્ણન—જે વિદ્વાન, અએ હોરમજદ! બેહુ દુનિયાં (ના ફાએદા) ને માટે રાસ્તી (યાને રાસ્તીની બાબદ) સાંભળે (તથા તે ઉપર) વિચાર કરે, (તે શખ્સ) સાચ્ચા સખુનો ઊપર સાહેબી ભોગવનાર (તથા) પોતાની જબાનને તાબેઃ રાખનાર (હોએ છે.) ઓ હોરમજદ ! તારા રોશન આતશની મારફતે (તે શખ્સ) (જીંદગીના) ભલા સંસારમાં મશગુલ થાએ છે.—(અહુનવદ ગાથા—ઈજશનેનો હા ૩૧ મો ૫. ૧૯.)

ઓ હોરમજદ ! (હમો તારા જોરાવર, સઉથી તેજીવાળા, હિમ્મત આપનાર, હમેશાં ખુશી કરનાર, ઘણી રીતે (અથવા અજબ રીતે) મદદ કરનાર આતશને અ૫ (યાને અરદીબેહેસ્ત અમશાસ્પંદ) ની મારફતે ઈચ્છીએ (અથવા પસંદ કરીએ) છીયે. ઓ હોરમજદ ! (આતશ) (પોતાના) પુરતાં કૌવતે કરીને (તેની તરફ) દ્વેષ રાખનાર તથા કીનો રાખનાર શખ્સને મજબુત પકડનારો (યાને શિક્ષા કરનાર) (છે.)—(અહુનવદ ગાથા—ઇજશનેનો હા ૩૪ મો ૫. ૪.)

" અશોઈનું કૌવત રાખનારા તારા આતશના પ્રતાપની મારફતે ભલાં મનનું કૌવત મને મળે ?—(ઉસ્તવદ ગાથા—ઇ. જ. હા ૪૩ મો ૫. ૪.)

જ્યાંહાં સુધી મારામાં તાકાત રેહશે (ત્યાંહાં સુધી), (અએ હોરમજદ !) તારા આતશને માટે નમાજની (તથા) રાસ્તીની ભેટને ખચીત હું કીમતી ગણુશ (અથવા માનથી જોઇશ.) —(ઉસ્તવદ ગાથા—ઇ. જ. હા ૪૩ મો ૫. ૯.)

અએ આબાદી કરનાર અનદિઠ હોરમજદ ! (તારા) આતશની મારફતે તે બે હરીફોને, (તેઓની) સંપૂર્ણ મનશ્નીની તથા રાસ્તીના વધારા મુજબ, ભલા ચુકાદામાં (યાને વાજબી ઇન્સાફ કરીને) તે (યાને ઉપર જણાવ્યા પ્રમાણેનો બદલો) તું આપે છે; અને (તારો) તે (વાજબી ચુકાદો) ઉમેદવારોને પુરતી રીતે ખચીત પસંદ પડે છે.—(સ્પેન્તોમદ ગાથા—ઈ. જ. હા ૪૭ મો ૫. ૬.)

અએ હોરમજદ ! (નીતિવાન અને દુષ્ટ) એ બે લડનારાઓને તારા બળતા આતશની મારફતે તથા પીગળાવેલાં લોહોડાંની મારફતે (તેઓની નેકી તથા બદીની બાબદ) તું જાણમાં લાવે છે, તથા તેની સાબેતી જાહેર કરીને, બેહુ દુનિયામાં પાપીને તું શિક્ષા કરે છે તથા નીતિવાનને તું સુખ આપે છે.—(વોહુક્ષથ્ર ગાથા—ઈ. જ. હા ૫૧ મો ૫. ૯.)

વંદીદાદ—અએ દાદાર ! શું આતશ માણુસને મારે છે ? ત્યારે હોરમજદે કહ્યું કે આતશ માણુસને મારતું નથી; અસ્તો—વીધોતુ (નામનો દેવ) તેને બાંધે છે; વાએ તેને બાંધીને લઈ જાએ છે; આતશ (તે માણુસના) હાડકાંને તથા દીલની ગરમીને બાળે છે, ત્યાંથી તે આગળ જાએ છે, (તથા) તકદીરથી તે નીચે જાએ છે.—(વંદીદાદ ૫રગરદ ૫ મી.)

ઇજશને—હોરમજદની તરફના (સઘલી ચીજોને) પાક કરનાર આતશ તુંને,(તે) સાથે તમામ આતશોને હું ઇજન કરૂં છું (તથા) મિજલસમાં આદરમાન આપું છું.—(ઈજશને હા ૧ લો.)

આએ જોર (તથા) બરસમે કરીને અપ વહિસ્ત તથા હોરમજદની તરફના (સઘલી ચીજોને) પાક કરનાર આતશને ઇજશનેમાં હું યાદ કરૂં છું ....આએ જોર (તથા) બરસમે કરીને અશોઈના સરદાર હોરમજદની તરફના સઘલી ચીજોને પાક કરનાર તું અશો આતશને) તે સાથે તમામ આતશોને ઇજશનેમાં હું યાદ કરૂં છું.—(ઇજશને હા ૨ જો.)

હોરમજદની તરફના (સઘલી ચીજોને) પાક કરનાર તું આતશને માટે, (તે) સાથે તમામ આતશોને માટે ઈજશનેમાં હું તૈયાર કરવાને ચાહું છું.—(ઇજશને હા ૩ જો.) જુઓ એજ મુજબ ઇજશને હા ૪, ૫, ૬, ૭ તથા ૧૬.

પ્યારી (તથા) સઉથી તેજીવાળી હયાતીના સરદાર હોરમજદના આતશને હું યાદ કરૂં છું. —(ઈજશને હા ૧૩ મો.)

હોરમજદની તરફના (સઘલી ચીજોને) પાક કરનાર તું આતશને હમો વખાણીએ છિયે.

એરેજિ—સવંઘ્રહ (નામના) આતશને હમો વખાણીએ છિયે, ઉર્વાજિસ્ત (નામના) આતશને હમો વખાણીએ છિયે; વાજિસ્ત (નામના) આતશને હમો વખાણીએ છિયે; સ્પેનિસ્ત (નામના) આતશને હમો વખાણીએ છિએ. પાદશાહી નાભરાખનાર નેરયોસંગ ઇજદને હમો યાદ કરીએ છિયે; હોરમજદના પેદા કીધેલા (તથા) હોરમજદની તરફના (સઘલી ચીજોને) પાક કરનાર પાક આતશ (જે) તમામ ઘેરોનો ઘર ઘણી (તથા) અશોઇનો સરદાર (તેને) તમામ (બિજા) આતશો સાથે હમો વખાણીએ છિયે.—(ઇજશને હા ૧૭ મો.) (જુઓ એજ મુજબ ઇજશનેનો હા ૨૨,૨૩, ૨૪, ૨૫.)

(૧) (ભણનાર બોલે છે) અએ સઉથી વૃધ્ધિ કરનાર હોરમજદ ! આએ આતશની મારફતે સઉથી પેહેલ્લાં (હમો) તુંને પોહોંચીએછિયે. જેને ગલીચાઇ (લાગેલી હોએ છે) તે ગલીચાઇ તે (ઇઆને આતશ) લઇ લે છે.

(૨) (તે) માણસ પોતે એ શક્તિથી ઘણોજ ખુશાલ છે. અએ હોરમજદના આતશ ! ઘણાજ ખુશાલીવાળાની ખુશાલીથી (તથા) ઘણાજ નામાંકિતની બંદગીથી (તું) હમુને પોંહોંચ. કામોમાંના સઉથી મ્હોટાં (કામ) ને માટે તું (હમુને) પોંહોંચ.

(૩) અએ આતશ ! હોરમજદની (તું) એક નિશાન છે. અએ આતશ ! (તું) તે મીનોની (ઈઆને દાદાર હોરમજદની) સઉથી વૃધ્ધિ કરનાર નિશાન છે. અએ હોરમજદના આતશ ! નામોમાનું તારૂં (એક નામ) વાજિસ્ત (છે) તે (નામ) ની મારફતે તુંને, આએ હોરમજદ ! હમો પોંહોંચીએ.—(ઇજશને હા ૩૬ મો.)

અએ હોરમજદના આતશ ! તુંને નમાજ (હોજો) ! કામોમાંનું સઉથી મ્હોટું (કામ કરવા) ને માટે તુંને આવવું જોઇએ.—(ઇજશનેનો હા ૫૮ મો.) જુઓ વળી વીસ્પરદ કરદા ૮,૧૧,૧૩,૧૫,૧૬.

ઋગ વેદમાંથી આતશની મલતી વખાણ—ઓ અગ્નિ (આતશ) એક સુંદર બલીદાન જે એક દુધના પીણાનું બનેલું છે તે અર્પણ કરવા માટે તુંને આરાધવામાં આવ્યો છે; ઓ અગ્નિ (આતશ)! મારૂતો ('વા' ઇજતો) ને લઇને તું અહીંઆ આવ.

તું કે જે મહા બળયો છે તેના જોરને કોઇ માણસ (આદમજાત) તો શું પણ કોઇ ફરેસ્તો વટીક હઠાવી દેતો નથી; તેટલા માટે ઓ અગ્નિ, મારૂતોને લઇને તું અહીંઆ આવ !

તેઓ કે જેઓ બુલંદ આસ્માનના ભેદ–ભર્મોને જાણનારા છે, અને જેઓ બેષક ' વિશ્વ-દેવો ' છે, તેવા મારૂતોને લઇને ઓ અગ્નિ તું અહીંઆ પધાર.

તે મારૂતો કે જેઓ પોતાના ગાયણો ગાય છે, અને અજીત છે તેઓને લઇને ઓ અગ્નિ અહીંઆ આવવું કર.

તે મારૂતો કે જેઓ તેજસ્વી. ભયાનક યોજનાઓ ધરાવનારા, શક્તિવાન, અને દુસ્મનોનો ભક્ષ કરનારા છે, તેવા મારૂતોને લઈને ઓ અગ્નિ અહીંઆ આવ.

તે મારૂતો કે જેઓ આસ્માનના ઝળકાટમાં બેહેસ્તની અંદર ફરેસ્તાઓ તરીકે તખ્તનશીન થયલા છે, તેવા મારૂતોને લઇને ઓ અગ્નિ અહીંઆ પધાર.

તે મારૂતો કે જેઓ ઉછળતા દર્યાની આસપાસ વાદલાંઓને ફેંકી દે છે તેવા મારૂતોને લઇને ઓ અગ્નિ અહીંઆ આવ.

તે મારૂતો કે જેઓ બળવાનપણે દર્યાની એકથી બીજુ બાજુને પોતાના તીરોથી કરી ચીરી નાંખે છે તેવા મારૂતોને લઈને ઓ અગ્નિ અહીંઆ આવવું કર!

તારે માટેના વહેલા અથવા વખતસરના પીણા (ચાશણી) તરીકે હું તારી નજદીક મીઠો સોમ (હોમ) નો રસ રેડું છું, તેટલા માટે ઓ અગ્નિ મારૂતો સાથે અહીંઆ આવ!–(Rigveda Mandala I, Hymn 19.)

બંદગીનો ખાવીંદ અગ્નિ (આતશ) જે એક દોસ્ત જેવો, તેમજ ઝળકાટમંદ છે તેની આરાધના કરવાને માટે તારા અવાજથી તું બાપોકાર જાહેર કર—(Rigveda Mandala I, Hymn 38.)

(જે કોઇ) આતશ, ખોરશેદ, ચંદ્રમાં સામે અને પાણીમાં તેમજ બ્રાહ્મણ (પવિત્ર પુરૂશ) એક ગાય (ગોસ્પંદ), અથવા તો પવનની સામે (મેલ) મુત્ર કરે તો તેની સમજણ શક્તિ નાશ પામે છે.

તેણે પોતાના મોહોડાંવતી આતશને ફુંક મારવી ન જોઇએ; તે આતશમાં (તેણે) કાંઇબી નજીસાત નાંખવી ન જોઇએ; અને તેણે પોતાના પગોને તે (આતશ) ની સાંમા ધરીને ગરમી આપવી ન જોઈએ.

તે આતશને એક બીછાણા અથવા એવી બીજી કોઇ ચીજ તળે મુકવો ન જોઇએ; તેણે તે આતશ ઉપરથી ચાલી જવું ન જોઈએ; તેમજ જ્યારે તે ઉંધમાં પડે ત્યારે પોતાના પગના તળીઆ તરફના બીછાણાના ભાગ નજદીક તે આતશને તેણે મુકવો ન જોઇએ; તેણે જીવતાં પ્રાણીઓને કષ્ટ આપવાથી દુર રહેવું જોઇએ.

એક બ્રાહ્મણ જે (ગોસલ પાણીથી) અપવિત્ર થયો હોય છે, તેણે પોતાના હાથો વતી એક ગાય, એક બ્રાહ્મણ (પવિત્ર પુરૂશ) અથવા આતશને અડકવાં ન જોઈએ; તેમજ સારી તંદુરસ્ત હાલતમાં જ્યારે તે અપવિત્ર થયો હોય ત્યારે આકાશમાની સુરજ, ચંદ્ર અને તારા વીગેરે ઝળકાટમંદ ચીજો તરફ તેણે નજર કરવી ન જોઇએ.––(Rigveda Mandala IV.)

ઓ અગ્નિ (આતશ) મારૂતોનું મજબુત લસ્કર જે સોનેરી સાંકલી અને ઘરેણામાં સજ થયલું છે તેઓને જઇ મળ.

જે તું (અગ્નિ) તારા અંતઃકરણમાં વિચારે છે તે ચીજ તરફ મારી ધારણાઓ દોડે છે. આએ મારૂતો કે જેઓને જોવાથી ત્રાસ પેદા થાય છે, અને જેઓ તારી દુવાઓને સૌથી વધારે પોંહોચનારા છે તેઓને તું મજબુતી આપ.–(Rigveda Mandala V, Hymn 56.)

નમસ્કાર કરીને માયાલુ અગ્નિ (આતશ) પાસે હું માગી લેવું છું કે તે અહીંઆ બેસીને જે કાંઈ બળીદાન હમે (તેને માટે) તૈયાર કીધું છે તે જમા કરી લે. સરતમાં ઉતારેલાં રઠની માફક હું તેને બલીદાન અર્પણ કરૂં છું. હું ઇચ્છું છું કે જમણી બાજુએ ફરીને મારૂતો માટેનું તૈયાર કીધેલું આએ ગીત ગાવું.

ઝળકાટમંદ મારૂતો કે જેઓ ગવૈયા છે અને જેઓ સઘલી ચીજોને 'હસ્તી રમતી' બનાવે છે, જેઓ માણસો (આર્યો) સાથે ટોળાંમાં થઇને આવે છે, તેઓની સાથે સોમ (હોમ) નું પીણું પીવાને ઓ અગ્નિ તું ખુશી બતાવ. ઓ વિશ્વાનર (અગ્નિ) તું કે જે હમેશનો ભભુકદાર છે તે એટલી મેરબાની કર!—(Rigveda Mandala V, Hymn 60.)

તે પુરાણો અગ્નિ સુરજના ઝળકાટમાંથી બહાર પડતી રોશની માફક જન્મ પામ્યો છે, અને મારૂતો પોતાની રોશનીઓ સાથે ઓરોળા વિસ્તારપર પંડરાઇ ગયા છે.—(Rigveda Mandala VIII, Hymn 7.)

તે સર્વોઉત્તમ નર (પુરૂશ) કે જેને નાના કરતા વધારે નાનો, સોનાની માફક ઝળકાટમંદ, અને (જ્યારે માત્ર) નિંદ માફકની સુન્યકારક હાલત (એટલે આસપાસની સર્વે વસ્તુઓ બાજે બેભાણપણું થાય અને ચિત એક વસ્તુપર લાગી રહે એવી હાલત) માંજ અક્કલથી કરી પીછાણી શકાય તેવા પુરૂશ (ખોદા) ને તેઓ સઘળાનો સર્વોપરી રાજ્ય કરતા તરીકે તું જાણ.

તે (નર) ને કેટલાક અગ્નિ (આતશ) તરીકે, બીજાઓ તેને મનુ તે સઘળા પ્રાણીઓનો ખાવીંદ તરીકે, બીજાઓ ઇંદ્ર તરીકે, કેટલાકો પ્રાણ ટેકાવનારી વાતાવર્ણ તરીકે અને વળી બીજાઓ હમેશંગીમાં રહેતા "બ્રહ્મા" તરીકે ઓલખે છે.-(Rigveda Mandala XII.)

અગ્નિની સ્તુતિ— અગ્નિદેવ જગતમાં ધન્ય છે. તે વિશ્વવ્યાપક વિશ્વંભર અગ્નિ, સીતાજીના પિતા તથા શ્રી રામજીનાં સસરા છે ॥૧॥ અગ્નિમાં હોમવાથી ઇશ્વરને પહોંચે છે. વળી તે ઋષિઓને ફળ આપનાર, સરદી—અંધારૂ અને રોગ વગેરેને દુર કરનાર તથા જગતનું પોષણ કરનાર છે ॥૨॥ જીવના અનેક ભેદ છે, પણ અગ્નિ જીવ માત્રને અભેદ છે. અશુદ્ધ તે અગ્નિ છે ॥૩॥ અગ્નિવડે સૃષ્ટિ ચાલે છે, અગ્નિથી લોકો તૃપ્ત થાય છે, અને અગ્નિથી નહાના મોટા સર્વ ઉત્પન્ન થાય છે ॥૪॥ અગ્નિવડે પૃથ્વી—પાણી અને લોકોને રહેવાનું ઠેકાણું થયું. અગ્નિથી દીવા તથા જવાળાઓ ઠેકાણે ઠેકાણે છેજ ॥૫॥ પેટમાં જઠરા અગ્નિ છે તેથી ભૂખ લાગે છે અને ખાધામાં સ્વાદ આવે છે ॥૬॥ અગ્નિ સર્વ શરીરમાં વ્યાપક છે, તેથીજ લોકો જીવે છે. અગ્નિ ન હોય તો સર્વ લોક મરવાના ॥૭॥ પેટ માહેલો અગ્નિ પ્રથમ મંદ પડે છે, પછી પ્રાણીનો નાશ થાય છે; એવો પ્રાણી માત્રને અનુભવ આવે છે ॥૮॥ અગ્નિના જોરથી શત્રુ જીતાય છે. અગ્નિ છે ત્યાં સુધીજ જીવવું છે. ॥૯॥ અનેક રસ અગ્નિથી નિર્માણ થાય છે, અને મહા રોગીની કાયા એક પળમાં તેથી રોગ વિનાની થાય છે ॥૧૦॥ સૂરજ સર્વથી મોટો છે, તે ઉપર અગ્નિનો પ્રકાશ છે; અને રાત્રીના વિષે સૂરજના પ્રકાશનો અગ્નિ નથી, તેથી બીજા અગ્નિની મદદ માણસો લે છે ॥૧૧॥ ઢેડના ઘરનો અગ્નિ લેવાથી તેમાં દોષ નથી; કેમકે સર્વ ઠેકાણે તે પવીત્રજ છે ॥૧૨॥ અગ્નિહોત્રોની ક્રિયા, તથા અનેક યજ્ઞ યાંગ, અગ્નિથી યથા સાંગ થાય છે; અને અગ્નિ તૃપ્ત થવાથી પ્રસન્ન થાય છે ॥૧૩॥ દેવ, દાનવ, માનવ, સર્વ અગ્નિથી ચાલે છે; કેમકે સર્વ જગતનો ઉપાયજ અગ્નિ છે ॥૧૪॥ મોટા મોટા લોકો લગ્નમાં આતશબાજી ઉડાડે છે, અને મોટી મોટી જાત્રામાં રોશનીની શોભા દેખાડે છે તે અગ્નિ છે ॥૧૫॥ અનેક રોગ થાય છે તે વખત ગરમ ઓસડ ખાવું પડે છે, તે અગ્નિજ છે. તેથી રોગ મટે છે ॥૧૬॥ બ્રાહ્મણને તન-મનથી સૂરજ તથા અગ્નિદેવ ઇષ્ટ છે ॥૧૭॥ લોકોના શરીરમાં જઠરાગ્નિ છે; સમુદ્રમાં વડવા નળ અગ્નિ છે; ભૂગોળની બહાર અગ્નિનો વીજળીરૂપી અગ્નિ છે ॥૧૮॥ શીશીમાંથી અગ્નિ નીકળે છે; ઊંચા કાચમાંથી અગ્નિ પડે છે, અને લાકડું ઘસવાથી તથા ચકમકથી અગ્નિ ઝરે છે ॥૧૯॥ અગ્નિ સર્વ ઠેકાણે છે, તે જોનારે ઘસવાથી પ્રકટ થાય છે. આગિયા જાતના સાપના ઝેરથી સાપ સુધ્ધાં જંગલ બળી જાય છે ॥૨૦॥ અગ્નિવડે અપાય-ઉપાય એ બેઉ થાય છે ॥૨૧॥ જમીન ઉપર જે નાના મોટા વસે છે તે સર્વને અગ્નિનો આધાર છે. અગ્નિમાં હોમવાથી પરમેશ્વર સંતુષ્ટ થાય છે ॥૨૨॥ એવો અગ્નિનો મહિમા વર્ણવિયે તેટલો થોડો છે. અગ્નિ સર્વથી શ્રેષ્ટ છે ॥૨૩॥ જીવતાં અગ્નિ સુખ આપે છે, અને મરવા પછી કાયાને હોમ કરી લે છે. એવો સર્વ ભક્ષક અગ્નિ છે. તેનું મોટાપણું કેટલું કહેવું ? ॥૨૪॥ પ્રલયકાળમાં સર્વ સૃષ્ટિનો અગ્નિ સંહાર કરે છે. અગ્નિની આગળ કોઇ પદાર્થ બાકી રહેતો નથી ॥૨૫॥ અનેક હવન હોમ કરે છે, ઘેર ઘેર વિશ્વદેવ રોજ કરે છે, અને અનેક ક્ષેત્રોમાં દેવની આગળ રાત દિવસ દીવા બાળે છે ॥૨૬॥ દીપકની પૂજા કરે છે. દેવને આરતી ઉતારે છે, અને સાચા જુઠા સોગન બાબત હાથમાં ગોળો તપાવી લે

છે ॥૨૭॥ અષ્ટધા પ્રકૃતિ તથા ત્રણ લોક વ્યાપીને અગ્નિ રહેલો છે; એવો અગ્નિનો અગાધ મહિમાં છે ॥૨૮॥ અગ્નિને ચાર શિંગડા, ત્રણ પગ, બે માથા, સાત હાથ ને સાત જીભ છે; એવું શાસ્ત્રમાં લખ્યું છે ॥૨૯॥ એવી ઉષ્ણતા રૂપી અગ્નિની મૂર્તિ છે, તેનું યથામતિ વર્ણન કરયું. તેમાં વધઘટ થયું હોય તેની શ્રોતાઓએ ક્ષમા કરવી ॥૩૦॥—(મી૦ કામાનું દાસબોધનું ભાશાંતર.)

અગ્નિ અથવા આતશ એ વેદીક ત્રિમુરતિ દેવતાઓના સમુદાએ માનો એક છે—જે એકજ હૈયાતી કે જે સઘળી બાજુએ પસરી રહી છે તેનો એ આતશ હમેશાં હાજર દેખાત રૂપ છે. વળી તે દેવતાઓ (ફરેસતાઓ) નો દુત (કાસદ) છે, તેથી માણસો દેવતાઓની જે આરાધના કરે છે, તે બાબે એ આતશ હંમેશનો સાક્ષી તરીકે છે. અગ્નિની હાજરી વગર કીધેલી બંદગી શાસ્ત્ર રીતીને અનુસરતી નથી. બ્રહ્માચારીને અગની કુંડ નજદીક જનોઈ પહેરાવાની ક્રીયા કરવામાં આવે છે. જે ગ્રહરથાઇને પુગનાર હોએ છે, એટલે સંસારમાં ઠરીઠામ થનાર હોએ છે, તેને પોતાની જોડુ તરફ પ્યાર રાખવા માટે પવિતર અગ્નિ સામા સપત ખાવા પડે છે. 'વાન પ્રાસ્ત' (યોગીરાજ) જંગળમાં અગ્નિ ઉત્તપન કરે છે. જેણે સનયાસ લીધું હોએ છે, તેને કુટુંબને લગતા અગ્નિને આતમીકરૂપ આપી પોતાની સાથ લઇ જતો ધારવામાં આવે છે. તે સનયાસી સુરય નારાયણ કે જે ઝળકાટ આપતો દેવતા છે અને જે દુનીઆની અંદર એકસરખી રીતે પંથરાતુ (આતમીક) અગનીનું સ્વરૂપ છે, તેનું ભક્તીભાવથી નમન કરે છે.

હિન્દુઓ અને જરથોસતીઓએ અસલના વખતમાં આતમીક અથવા મીનોઇ અગ્નિની પુજા કીધી હતી. તેઓની આતમીક યાદદાસત ફરીથી તાજી થાએ એવું આપણે ઈચ્છીશું—The Theosophic Thinker.

આતમા એક નુરમંદ આતશ છે; તે તેના બાપ (અહુરમજદની) શક્તીથી કરી અમરગ જીંદગી ભોગવે છે. તે (આતમા) જીંદગીની શેઠાણી છે, અને પૃથવીની અંદરની ઘણીક ખાલી જગાઓ તેનાથી ભરાઇ જાય છે.

તેમાંની (પૃથવીની ખાલી જગાઓની) નેહરો એક બીજા સાથે મળેલી હોવાથી, ત્યાં તેણી (આતમા) બગડયા વગર એવા આતશના જેવાં કામો કરે છે.

જે કાંઈ આપણી ખાકી વસતુઓની પેલી મેરનું અને પેહેલું છે, તેની હદ કાંઇ જડ પદારથોમાંજ ઘેરી લેવામાં આવી નથી. તેની તેજી ક્રીયા શકતી તો 'મનસ' માં છે; કારણકે આતશી દુનીઆનો બનાવર તો મનસનું મનસ છે.

જે મીનોઈ આતશ પેહેલાં મનસમાંથી પેદા થયો તેણે અસલ આતશને એક એક ઉપર એક એવી રીતે આતશોથી ઢાંકી લઇ તેઓ સઘળાને સાથે બાંધી લીધા. એમ કીધાનું કારણ એ કે મુળ આતશનું નુર બગડયા વગર જળવાઈ રહેવા ઉપરાંત તે ફુવારાની માફક આસપાસ ચીજો ઉરાડતા જવાલા મુખી પહાડના મોહડાંઓની અંદર આમેજ થઇ પોતાનું કામ બજાવે.

અને તે ઉપરથી આતશી વંતોલીઆઓ ચમકદાર બળતાનું તેજ અંદર ખેંચી લઇ જઇને સૃષ્ટીના ઉંડાણ સુધી પુગી જાએ છે; કારણકે તે પછી તે આતશોના અજાએબ જેવાં કીરણો નીચે સુધી લંબાએ છે.

સઘળી ચીજો 'અકલ્લે અવલ' આતશના બુધ્ધીરૂપી મધ્ય બીંદુઓને તે બાપની પતાવત રૂપી શીખામણોથી કરી તાબે થાએ છે.

જે ખાકી આદમ તે આતશની નજદીક પોહોંચે છે અને મનમાં તેના ઝળકાટનો વીચાર લાવે છે, તે પહેલી પંકતીએ ચઢે છે, એટલે ખોદા તરફથી તેને જ્ઞાનની રોશની મળે છે.

ફરેસતાઓ રોશનીના કીરણો રૂપી આકાર વીશે જ્ઞાન મેળવવાને આપણને ઉતેજન આપેછે.

તે રોશની તરફ તેમજ તે બાપ કે જેમાંથી તુંને આતમા સાથનું મનસ મોકલવામાં આવ્યું છે તેના કીરણો તરફ જવાનું તુંને લાયક છે.

તે આતશના કીરણો દરેક બાજુએથી તે મોક્ષ મેળવેલા આતમા તરફ લંબાએ છે.

જ્યારે તું તે પવીતર અને નીરાકાર આતશને સ્રષ્ટીના ભીતરમાં પુર ઝળકાટથી પરકાશતો જોએ, ત્યારે તું એ આતશનો નાદ સાંભળજે.

આકાશી રોશનીઓની છેક ઉપર એક નહી ઝાંખો મારી ગયલો આતશ હમેશ પરકાશે છે. તે આતશ જીંદગીનું મુળ છે. તે સઘળાં જીવવાળાં પ્રાણીઓ તેમાંથી જનમ લે છે, અને સઘળી ચીજો તેમાંથી પેદા થાએ છે ! આ (મીનોઈ) બળતું સઘળી ચીજો પેદા કરે છે; અને તે જેનો નાશ કરે છે તે સીવાએ કશુબી નાશ પામતું નથી. (વળી) તે પોતાની મેળે દેખાવ દે છે. આ આતશ કાંઇ અમુક જગાએ સમાવી શકાએ એ ન બની શકે એવું છે. તેને કાંઇબી શરીર નથી અથવા તે જડ પદાર્થનો બનેલો નથી. તે સઘળા આતશોની આસપાસ ફરી વળેલો છે. એ આતશમાંથી જે નાની નાની ચીંગારીઓ ઉડે છે, તેમાંથી સુરજ ચંદર, અને સેતારાઓના સઘળા આતશો બને છે. જુઓ ખોદા વીશે હું (જરથોસત) શું જાણું છું ! તે વીશે વધારે જાણવાને ફાંફાં ના માર; કારણકે ગમે તેવોબી તું ડહાપણવાળો હશે તોપણ તેમ થવું તારી શક્તીની હદની બહાર છે. બીજી બાબદો વીશે બોલતાં સમજકે જુઠો અને બદકાર માણુસ ખોદાની હાજરીથી દુર પોતાનું મોહડું છુપાવવાને શક્તીવાન થશે નહી !

તેની તીક્ષણ આંખો આગળથી કોઈબી જાતની ડોંગાઈ અને બહાણાને છુપાવી શકાશે નહી. સઘળી ચીજો ખોદાથી ભરપુર છે, તેમજ ખોદા સરવે ચીજોમાં છે !

ખોદા એ પાર વીનાનું મહા સાગરરૂપી બળતું છે ! તે છતાંબી તે આરાધનાને લાયક આતશ નજદીક જવા માટે અથવા તો તે આપણને અડકે તો તેથી બીહીક રાખવી નહી. તે ખુશબોદાર આતશ જે પોતાની નરમ અને શાંત ગરમીથી કરી દુનીઆ બાંધ્યુવાનું, તેમજ તેને કાંઈ પણ હરકત કરવા વગર એકસરખી રીતે ચલાવવાનું અને તેની જીંદગી લાંબી કરવાનું કામ કરે છે, તેથી કરી તે અંતકરણનો કાંઈ નાશ થશે નહી.

આએ આતશ જે ખુદ ખોદા પોતેજ છે, તે વગર કોઇબી હેયાતી ધરાવી શકતું નથી. કોઇ પણ પુરૂશમાંથી તે (ખોદા) પેદા થેયો નથી. તે માએને પેટે જન્મ પામ્યો નથી. તે સઘળી ચીજોનું નુર છે, અને તેની કોઇબી નેમ શીખવાની નથી.

તે તેની નેમોમાં કદીબી હાર ખાએ એવો નથી, અને તેનું નામ લેવાએ એમ નથી. ત્યારે હવે તું ધીઆન ધર જે ખોદા તે શું ચીજ છે ? જ્યારે આપણને માટે પુછાવો તો આપણે તેના કાસદો છીએ; આપણે ખોદાના એક નાના સરખા ભાગ છીએ.

સઘળી ચીજોએ તે એકજ આતશમાંથી જનમ લીધો છે.

તે બાપના વીચારને અનુસરીને હું જે જીવ છું, તે સઘળી ચીજોમાં તેઓને સજીવણ રાખતી ગરમી રૂપે રહું છું–The Oracles of Zoroaster.

આતશના મુળ તત્વે માણસ જાતને માટે જે સેવાઓ બજાવી છે, તે એટલી બધી મોટી છે કે તેનું લગભગ વર્ણન કરવું મુશકેળ છે. દુનીઆની સુરૂઆતથી જે સુધારો વધારો થતો આવ્યો છે, તે આતશની મદદ વગર કરવો બીલકુલ મુશકેલ થઈ પડતે એમ કહી શકાય. તેટલા માટે અસલના વખતમાં આતશને ખોદાઈ માન આપીને તે કીમતી તત્વને બુજાઇ જતું તેમજ અપવીતર થતું અટકાવવાને ધરમગુરૂઓ નેમેલા હતા. એ કામમાં કાંઇબી નવાઇ જેવું જણાતું નથી. આતશને કેવી રીતે ઉત્તપન કરવો તે જ્ઞાનની માહીતી વગરના અસલના વખતમાં કોઈબી લોકો હતાં, એમ તવારીખ પરથી જણાતું નથી. પણ જો એ બનવાજોગ હતે

તો તે લોકોની જીંદગીની હાલત કેવી દુખદાયક થઇ પડી હતે તેનો આપણને સેહલાઇથી વીચાર લાવી શકીએ એમ છે. ઠંડા પવન અને જોશબંધ પડતા વરસાદની ખરાબ રૂતુથી બચવા સારૂ તે માણસો ગોપ્રાઓમાં વાંદરાઓની માફક એકમેકની સાથે સંકોચાઇને બેસતે. કોઇબી રીતે તેઓ પોતાની ખાધ ખોરાકીની જણસો રાંધવાને શકતીવાન ન હોવાથી કરી, તેઓ મુળીઆં, ફળફળાદી, અને મુએલાં માલમ પડેલાં પ્રાણીઓ અથવા જે પ્રાણીઓને તેઓ લાકડી અથવા પથરથી મારવાને શકતીવાન થયા હોય તેઓના કાચા ગોશત ઉપર ગુજારો કરતે. દુનીઆ પેદા થવા પછી ઘણું કરીને લાંબે વખતે આતશ ઉતપન કરવાનું માણસ જાતની જાણમાં આવ્યું હતું. તોપ્રાનને લીધે ઝાડોની ડાંખલીઓ ઘસાવાથી કરી જંગલમાં આગ લાગવાના દેખાવ ઉપરથી કોઇ પેહેલ વહેલો માણસ જે બીજાઓ કરતાં વધારે અકલમંદ હોવો જોઇએ તેને બે લાકડાના ટુકડા ઘસીને તેવુંજ પરીણામ લાવવાનું સુજ પડયું હોય, અથવા તો ઓચીંતી રીતે બે ચકમકોના અડડામણથી કરી આ મોટી શોધ થઈ હોય. પેહેલ વહેલાં આતશની જે ચીંગારી પડી હોય તે નાના છોકરાઓને ગમત કરવાના બચુકલાં રમકડાં જેવી માનવામાં આવી હોય. અને વીજળી કે જે કોઇ કોઈ સંજોગો વચે નુકશાનકારક થઇ પડે છે, તેની માફક તે બીજા કશાબી ઉપીઓગનો તેઓને જણાયો નહી હોય. વખતના વહેવા સાથે આતશની નાશકારક શકતી જોઈને તેને જાત જાતના ઉપીઓગમાં લેવાનું તેઓને સુજ પડયું હોય, અને તે દહાડેથી તેના માણસ જાતને ઉપીઓગી થઈ પડવાની સુરૂઆત થઈ હોય. ઝાડો કાપવાના, જમીન ખેડવાના, હથીઆર બનાવવાને ધાતુઓનો ઉપીઓગ કરવાના, તેમજ તે હથીઆરથી જમીનપર મુશાફરી કરવાની ગાડીઓ તેમજ દરીઆ ઓળંગી જવાના વહાણો બાંધવાના કામોમાં તે વપરાયો. આએ પ્રમાણે આતશની મદદથી ખુદરતની ઉપર સાહેબી ચલાવવાનું માણસજાતે સીધ કરી લીધું, અને ઉજડ જગાઓએ ખેતરો અને ગામડા અને વસતીવાળાં શેહેરો ઉભાં થયાં. હાલના જમાનાની અંદર બંદુખનો દારૂ અને વરાળ યંત્રની બળવાન શકતીથી કરી સુરૂઆતના સુધારાના વખત કરતાંબી વધારે અજાએબ જેવાં કામો કરવાને આપણે આતશની મદદથી શકતીવાન થયા છીએ.—Simple Essays by Mr. M. Mac Millan.

આતશ એ ખોદાનું એક ચીનહ છે—એવું કહેવામાં આવે છે કે મુસા પેગમબર સાથે ઇજીપતથી છુટા પડી ચાલી ગયલા યાહુદીઓના ટોળાને ખોદાએ દીવસના વાદળાના આકારમાં દેખાવ દીધો હતો (જુઓ જુની તોરાતનું બીજુ પુસતક) અને ખોદા તેઓની આગળ આગળ એક વાદળાંના સ્થંભ જેવા આકારમાં રસતો બતાવતો ચાલતો હતો; અને રાતની વખતે એક આતશી સ્થંભ જેવા આકારમાં દેખાવ દેતો હતો. એટલા માટે કે તેઓને રાતને દહાડો ચાલવાને બની આવે." ....

આએ પ્રમાણે આપણે જોઈએ છીએ કે યજ્ઞકુંડમાં 'પરમાતમા' ની હાજરી માનવામાં લોકો વાજબી છે. 'યજ્ઞો' કેટલી જાતના અને કેટલી તરેહના હોય છે તેને માટે ફકત એટલુંજ કહેવું બસ થશે કે આતશ જે પાંચ મુળ તત્વોમાંનો એક છે તેના સ્વરૂપમાં 'પરમાતમા' ની પરસતેસ કરવામાં આવે છે. 'તૈતરોપનીશદ' અને 'ત્રીસીકા બ્રમ્હોપનીશદ' માં પરમાતમાના સ્વરૂપમાં આતશની ઉપાસના કરવાની ખુલ્લે ખુલ્લી તાકીદ કીધી છે.

યજ્ઞનો બહારનો દેખાવ શરીરનાં સઘળા તત્વોનો ભોગ આપવા જેવો છે, જેથી કરી એ ભોગના પરીણામ તરીકે અપારોક્ષ જ્ઞાનમાં જીવઆતમા અને પરમાતમાનું જોડાણ કરવાને બની આવે.

યજ્ઞના બહારના રૂપમાં બહારની એટલે જડવાડ ચીજોનો ઉપીઓગ કરવામાં આવે છે, જ્યારે યજ્ઞના અંતર રૂપમાં એવી ચીજો વપરાતી નથી તેથી તેમાં બેવડો અર્થ ઉઠાવવાને કારણ

મળતું નથી; પણ એથી ઉલટુ બહારના આકારના જડવાડ યજ્ઞમાં તો તેનો એવડો અર્થ ઉઠવાનું કારણ જણાય છે. ખોદા સઘળી ચીજોમાં પસરેલો હોવાથી અને તે આતશનું રૂપ ધારણ કરી શકે એમ બની શકતું હોવાથી કરી માણસો જો ખોદાની હાજરી આતશમાં જોએ તો તેમ કરવામાં તેઓ વાજબી છે, એમ યજ્ઞના બહારના રૂપ ઉપરથી જણાય છે. 'એકઝોદસ' પરથી આપણે જોઇ ગયા છીએ કે ખોદાએ યાહુદીઓ આગલ આતશના રૂપમાં દેખાવ દીધો હતો.

આપણું બહારની જડવાડ ચીજોથી બનેલું યજ્ઞ જેનો એવડો અર્થ ઉઠે છે, એટલે કે ખોદા સઘળે ઠેકાણે છે, સઘળા રૂપો ધારણ કરે છે અને તેથી આતશમાંબી છે, તે યજ્ઞના ધોરણપરજ પારસીઓ અર્થવા જરથોસતીઓની આતશની આરાધનાનો પાયો રચાએલો છે. જે બળીદાણો જુની તોરાતમાં આપવા જણાવેલાં છે, તે આતશની મારફતે ખોદાને આપવાના હતાં, અને તે બળીદાણો ખોદા તરફથી કબુલ રખાતાં હતાં. જો આતશમાં બળીદાણ ચઢાવવામાં આવતાં હતાં તેની અંદર જો ખોદાની હાજરી ન હોએ તો પછી તેઓને ખોદા કબુલ રાખેજ કેમ ?

કારલાઇલના લખેલા 'સારતર રીઝારતસ' નામે પુસતકને પાને ૪૮ મે જે બાબદ આવેલી છે, તે આપણી બાબદ સાથે મલતી આવવાથી નીચે આપી છેઃ—

જયારે હું 'રકવારઝવાર્ડ' માંથી પસાર થતો હતો, ત્યારે મારે મનસે હું બોલવા લાગો કે, જે જગયાએ કાજળથી ભરાઇ ગએલો લોહાર પોતાની એરનપર વાંકો વળે છે, અને તે લોહાર પાસે તું તારા ઘોડાની ખોવાઇ ગએલી નાળ પાછી જડાવવાની ઈચ્છા રાખે છે, તે જગયાએ આતશની નાની ચીંગારી, પોતાનું તેજ ખોઇ દઇ આઠમતા જતા ચંદરમાં સામે તારાની માફક ઝળકાટ આપે છે, તે ચીંગારી શું જુદી પડેલી અથવા છુટી પડેલી અને આખી જગતના સંબંધથી વખુટી પડેલી છે, અથવા તો શું તે આખી સૃષ્ટી સાથે કદીબી છુટી ન પડે એવી રીતે જોડાયલી છે ? અરે મુરખા, તે લોહારનો આતશ તો અસલ સુરજમાંથી રોશન થયો હતો. 'દોગસ્તાર' (તેશ્તર સેતારા) ની પેલી મેર દુરથી નોઆહની રેલની વખત આગમજ જે વાતાવરણ (હવા) ફરતી રહી છે, તે (હવા) થી એ આતશનો નીભાવ થાય છે. તેમાં લોઢામાની શકતી, કોલસામાંની શકતી અને તે ઉપરાંત વળી ઘણા વધારે જોરાવર માણસની શક્તીથી કરી ગુપત રહેલી આકૃષણ શકતીઓ અને લડાઇ અને જીતો મેલવાય છે; બળવાન જીવણ રૂપી સમુદાય (જગત) ના અખંડ વીસતારમાંનો તે આતશ નાની ગાંઠ અથવા જ્ઞાનતંતુ રૂપી મધયબીંદુ જેવો છે. તારે ગમે તો તેને તું સઘળાના બીતરમાના બેમાલુમ રીતે બનાવેલાં યજ્ઞકુંડ (પવીતર કેબલાની જગયા) તરીકે સમજ, જેનો લોખંડી ધુવાડો તેમજ જેની અસર સરવે તરફ એકસરખી રીતે પસાર થતી પોહાંચે છે. જેનો સામળો ધરમગુરૂ (લોહાર) બોલોથી નહી, તોપણ ભેજાં અને નસોની મદદથી શકતીનો ભેદભરમ સમજાવે છે, એટલુંજ નહી પણ માણુસની શકતી જે સત્તા ધરાવે છે અને એક દહાડે સઘળી ચીજો ઉપર સત્તા ધરાવશે તે વીશેનો સબક તે "ગોસપલ ઓફ ફ્રીદમ" માનો નાનો પાઠ પુરતી ખુલ્લી રીતે વાયજ કરી સમજાવે છે.

આ દુનીઆમાં અલગાપણું અથવા છુટાપણું શું હસતી ધરાવે છે? પણ હું કહું છું જે આપણે ધારીએ છીએ તેવા રીતનું જુદાપણું કોઇબી ચીજો વચે છેજ નહી. કોઈ પણ ચીજો કુદરતની મદદ વગરની એક વહાણની માફક કીનારાપર લાધી ગયલી અથવા બાજુ ફેંકી દીધેલી કદીબી જોવામાં આવી નથી. પણ સઘળી ચીજો પછી તે માતર ખરી પડેલું પાંદડું હોય તો શું થયું ? તોપણ એકમેક સાથે મળી ક્રીયા ચલાવે છે. તેમજ સઘળી તલીઆં વગરની એકીનાર ક્રીયાની રેલની માફક આગળને આગળ વધે છે, તેમજ હમેશના રૂપમા બદલાતી રહે છે....
...............વાજબી રીતે બોલતાં કોઇબી નજીવામાં નજીવી લાગતી ચીજ કોઈબી

રીતે બીન ઉપયોગી તો નથીજ; સઘળી વસતુ એક ઘરની બારી સમાન છે જેમાંથી એક ફીલસુફની આંખો અનંતા (ખોદા) ને પોતાને પણ જોઇ શકે છે."

એક સાધારણ લોહારની ભઠીનો આતશ સરવે ચીજોના બીતરમાં બેમાલુમ રીતે સળગાવેલાં યજ્ઞકુંડ તરીકે છે એમ 'કારલાઈલ' ધારે છે. હીંદુઓએ બળીદાન આપવા માટે તૈયાર કરેલો આતશ તેમજ પારસીઓના પવીતર આતશ (બેહેરાંમ) એ પરમાતમા (અહુરમજદ) ના તત્વ તરીકે સળગાવેલાં સચેત યજ્ઞકુંડ છે.

આએ બાબદના સતાધારી તરીકે 'ઈકાશરોપનીશદ' માંથી નીચલો વેદીક ફકરો ટાંકી બતાવીશું.

જેની સામવેદ અને યાજુરવેદમાં યજ્ઞ કરવા તેમજ બળીદાનો આપુવા કહી કીરતી અથવા આરાધના ગાઇ છે, તે તું પોતેજ છે. તું પોતે ચામડી, નરનારીનું સ્વરૂપ, છોકરો અને છોકરી, પૃથ્વી, બ્રહ્મા, વરૂન રાજા, વરસ અને આતશ, અને ટુકામાં તું સરવે ચીજ છે. તું સુર્ય છે, તું ગરૂડ દેવતા છે, તું ઈંદ્ર દેવ છે; તું રૂદ્રા, ત્વશતા, વિષ્ણુ, શીવ, સઘળી જાતના પ્રાણીઓનો અથવા વેદનો પીતા છે, મુળ તત્વ તે તુંજ છે."--The Thinker (ધી થીંકર)

કારલાઈલનું "સઘળું" એ પરમાતમા પોતેજ છે, અથવા ફેસ્તની કઠામાં પૃથ્વીનો આતમાં તે (સઘળાં) ને ખોદાનો નજરે પડતો જીવતો પોશાક તરીકે લેખે છે. 'જે પોશાકને મેં (પૃથ્વીના આતમાએ) મારી પોતાની બીતરની શકતીના ઉજાશથી કરી અથવા આપણા ખીઆલની કલપના શકતીથી કરી તે (ખોદા) ને માટે વખતની ઘોઘાટ ભરી સાલ ઉપર વણી તૈયાર કર્યો હતો.—આદમીજાત પોતે શું છે તેમજ તેની આએ સૃષ્ટી ઉપરની આખી જીંદગી શું છે? સીવાય કે તેની અંદરની મારી ઈશ્વરતા જેને એક હલકી રજકણુની માફક આકાશમાંથી અહીંઆ નીચે ફેંકી દીધી છે, તે માટેનું એક ચીનહ એક ઢાંકણ અથવા તો નજર પડતો ઝભો છે. અરે કુદરત!—અથવા કુદરત શું ચીજ છે? હા! શા માટે હું તુંને ખોદાના નામથી નથી બોલાવતો? શું તું પોતે ખોદાનો જીવતો પોશાક નથી? અરે ખોદા! દરેક તારા (માણુસના) કામમાં તો ત્યારે તે હમેશ તારામાંથી બોલે છે, જે તારા દીલમાં રહી પ્યાર કરે છે, જે મારામાં વસીને પ્યાર કરે છે!"

કારલાઈલના આ ઊંડાણ વચનો, એ આપણા ઉપનીશદોમાં જણાવેલી ઉમદા સચાઇઓના કેટલાક જરમન-ઇંગ્રેજ ભાશાઓમાં જણાવેલા વીચારોના નમુના છે. દરેક ચીજોના બીતરમાં બેમાલમ રીતનું આતશી યજ્ઞકુંડ સળગાવેલું છે એમ ખુલ્લે ખુલ્લું માલમ પડે છે. અને એક બળીદાન માટે તૈયાર કરેલો આતશ સરવેના બીતરમાં સળગેલાં આતશનું પ્રગટ યજ્ઞકુંડ છે, "અને સઘળું જે છે તે મારા (એટલે પરમાતમાનો) જીવ અથવા આતમાનો સ્વચીતનનો દેખાવ શીખવવા સીવાએ બીજું કાંઇજ નથી.

કારલાઇલ કહે છે કે જે લોહારની ભઠીના આતશ વીશે તે ઈસારો કરે છે તે આતશને પેહેલા વહેલાં સુરજમાંથી સળગાવીઓ હતો. હા, કારલાઈલનું આ બોલવું ખરૂં છે. એ બાબે વેદનું સુર્યોપનીશદ શું કહે છે તે સમજીએ:—

"હવા સુરજમાંથી ઉતપન થઈ, પૃથ્વી સુરજમાંથી ઉતપન થઈ; પાણી સુરજમાંથી ઉતપન થયું; રોશની (આતશ) સુરયમાંથી ઉતપન થઇ; અને આકાશ સુરયમાંથી ઉતપન થયું."

એજ ઉપનીશદમાં વળી કહેવામાં આવે છે:—સુરજ પરમાતમાં અથવા બ્રહ્મા છે. આતશ જે સુરજમાંથી ઉતપન થયો હતો, અને સુરજ જેમાંથી આતશ ઉતપન થયો હતો તે સઘળા પરમાતમાના આકારો છે. તેથી કરી આતશના આકારમાં અથવા આતશને પરમાતમા (અહુરમજ) ના ચીનહ તરીકે પુજવામાં કાંઈબી ગેરવાજબીપણું નથી."

સરબોપનીશદમાંનો નીચલો ફકરો આએ બાબદને બરોબર બંધ બેસતો આવે છે:—

"આતશ જેની ઉપર બળીદાન આપવામાં આવે છે, બળીદાન જે આતશને આપવામાં આવે છે, અને જે માણસ બળીદાન આપે છે એ સઘળા પરમાતમાં છે."

આએ પ્રમાણે યજ્ઞમાં પરમાતમાને જોવાનું કાંઈબી ખોટું નથી. —The Brahmin Graduate in the Thinker.

આતશ એ ઇથરનું સૌથી સવચ્છ રૂપ છે, અને તે કારણથી તેને પ્રકૃતી (ખાક) તરીકે લેખવામાં આવતો નથી. પણ તે સૌથી સવચ્છ ઇથર (નામના તત્વ) સાથે એકજ છે—તે સૃષ્ટીમાં સઘળે ઠેકાણે જણાયલો અને પ્રગટ રૂપ ધારણ કરેલો બીજી પંકતીનો દેવતા છે. પણ આતશ એ જાતના છે, જેઓ વચેનો તફાવત ગુપત જ્ઞાનના શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યો છે. પેહેલો અથવા તદન નીરાકાર અને અદીઠ આતશ જે મધ્ય બીંદુમાં રહેલા આતમીક સુરજમાં છુપાયલો છે, તેને આ તત્વ વીચારની રીતે જોતાં ત્રેવડો કરી કહ્યો છે. જયારે પ્રગટ જગતની અંદરનો આતશ સખ્ત રૂપે સૃષ્ટીમાં અને સુરજ મંડળમાં હોય છે. "જ્ઞાનનો આતશ માયા (ખાક) ના ભુવનપરનું સઘળું બાળી નાખે છે" એમ સરેહની અંદર કહેવામાં આવ્યું છે. તેટલા માટે જેઓએ તે (જ્ઞાન) મેળવીયું છે, તેઓને મોક્ષ (તારણ) મલ્યું છે, અને તેટલા માટે તેઓ આતશો કહેવાયા છે.—The Secret Doctrine.

આતશના કેટલાક ઉપીઓગ—સઘળા હુનરો અને જીંદગીને જરૂરીઆતની સઘળી ચીજોની ઉતપંતીના એકસરખાં હથીઆર તરીકે આતશ કેટલેક દરજજે ભાગ બજાવે છે. એનો ચાલુ ઉપીઓગ માણસ જાત કરી શકે એવી નેમથી દુનીઆના પેદા કરનારે હવા, પાણી, અને સઘળી જાતની ચીકાશ અને તેલવાળી ચીજોમાં એનો ભેળ કરી રાખ્યો છે.

બળતણ તરીકે કામ લાગે એવી સઘળી સળગી ઉઠનારી ચીજો આપણને કેટલી બધી ઉપીઓગી છે. કુદરતે તેના તૈયાર કરી રાખેલા પુરતા સંગ્રહ વગર આપણે સરવે મોટા ફાયદા ખોઈ બેશીએ એટલુંજ નહી પણ તેથી કરી સરવેથી મોટી આપદાઓ આપણને ખમવી પડે.

શીયાળામાં જો આતશ સળગાવી આપણે રોશની નહી કરીએ તો આપણો ઘણો ખરો વખત નહી સાંખી શકાએ એવાં અંધારામાં કહાડવો પડતે. તે હસકૃત (હાથની બનાવેલી) રોશનીની મદદ વગર સાંજ પડતાં આપણને આપણી સરવેથી માનીતી રમત ગમતો બંધ કરવી પડતે. અંધારૂ થતાંજ હીલચાલ કર્યા વગર આપણને એક બાજુ થંભ બેસી રહેવું પડતે. કારણકે જો અંધારામાં ભટકવા નીકળતે તો સંખીઆ બંધ જાતના જોખમોના ભયમાં આવી પડવાની ધાસતીમાં રહેતે. શીયાળાની આટલી લાંબી સાંજ દરમીઆન વાંચવા લખવા અને કામ કરવાના સાધનોનો ઉપીઓગ કરી શકાતે નહી, અથવા તો એક બીજાની સોહબતથી ઉપજતી ખુશાલી નહી ભોગવવાને લીધે આપણી હાલત કેવી અંધારી ઘોર જેવી તેમજ ઉદાસીત લાગતે. આતશની મદદ વગર ખોરાકનો મોટો ભાગ પીગળ્યા વગરનો, નરમ થયા વગરનો, અને ચોકશ પરમાણમાં તૈયાર થયલો ન હોવાથી તે કેટલો અવગુણકારક અને કેટલો બધો ઓછો પુષ્ટીકારક નીવડતે તેનો કાંઇ ખ્યાલ કીધો.

જે મજુરો અને કારીગર વરગના લોકો આપણને જરૂરની અને સુખદાયક ચીજો આતશની મદદ લઇ પુરી પાડે છે, તે મદદ તેઓને જો ન મળતે તો શું થાત? વળી એ તત્વની મદદ વગર ધાતુ પીગળાવવાને તે ધાતુને નરમ આકારની બનાવવાને તેમજ તેને સવચ્છ કરવાને, તેજ પ્રમાણે રેતીનો કાચ બનાવવાને અને ચુનાને પથર જેટલી મજબુતી આપવાને બની શકતે નહી. આતશની મદદ વગર કુદરત અને તેનો સઘળો ખજાનો આપણને નીરઉપીઓગી થઇ પડતે અને તેથી કરી તેનું ખેંચાણ આપણી નજરમાં ઘણું ઓછું થઇ પડતે.—Sturm.

આતશને સૌથી નજીવી ચીજ ગણીને તે તરફ તું જે હોશ હાશ વગરની આંખોથી જોતાં શીખ્યેલ છે તેવી આંખ વીચારમણી આંખોથી તું હવે જોતો ના. તે શું છે તું ભુલી ગયો છે,

અથવા તે શું છે તે તુંએ કદીબી જાણેલું લાગતું નથી. રસાયણ શાસ્ત્રીઓએ તેને વીશે ચુપકીડી અખતીઆર કીધી છે. જે પ્રમાણે વહાડકાપ કરનારા વૈદો માણસ જાતના શરીરના બાંધા બાબે વાદવીવાદ કરે છે, તેમ ફીલસુફો આતશના બંધારણ બાબે બોલે છે. માણુસ જાત અને દુનિઆ માટે તેને બનાવવામાં આવ્યો છે, અને તે ઘણું કરીને તેના જેવો એટલે માણસના જેવો છે, એવું તેઓ ઉમેરશે. પણ શું આતશ વીશે અહીંઆ સઘળું આવી રહ્યું? માણુસ જાતનું શરીર,—તારૂ પોતાનું શરીર, તું કે જે એઅકલી દુનીઆનું યંત્ર,—તું માણુસ! ને તે ઝવાહેર જડીત દાબડાવાળી બતીની આટલીજ કીમત કે? અથવા માતી રૂપી બંધારણની બતીની અંદર શું એક ચેરાગ બળતો નથી? ઓ જડ પદાર્થ વિજ્ઞાન જાણનારા• આલમાઓ તે શું છે તેનું વર્ણન કરો. આએ ચીજ ખાકની અંદર બંધાઇ ગઈ છે એવો ખીઆલ કરો. તે ખોદા સઘળી ચીજોની બહાર તેમજ સઘળી ચીજોના ભીતરના ઉંડાણમાં છે એમ વીચારો અને કે બહારની તેમજ અંદરની બાજુ બને એકમેકને મળતી છે એવો ખીઆલ કરો, અને ત્યાર પછી અજાએબ જેવી ખરી હકીકતો શું છે તે સમજી શકશો. આતશને માન આપી તેના દેખાવથી કરી ધ્રુજ.

જે પ્રમાણે મેજાઈ (મોબેદ) લોકો તેથી બીહીને પોતાનો ચેહરો ફેરવતા હતા, તેમજ તેની તરપ ઓચંબાથી નમન કરતા હતા તે મ પક તુંબી તે તરપ તારો ચેહરો ફેરવ. જો કે આતશની આરાધનાને મુરતી પુજા તરીકે ગણી આટલો લાંબો વખત સુધી સ્વીકારવામાં આવી નથી, તોપણ અસલી ઈરાનીઓ અને તેઓના મેજાઇ ધરમગુરૂઓએ આ અજાએબીથી ભરપુર દમામદાર તતવમાં 'સઘળું' જોયું હતું એવું અનુમાન કીધું હતું. પણ તેમ છતાં માણુસ જાતની કલમના અને તેની ફીલસુફી એટલુંજ નહી પણ તેની સૌથી સાધારણ અકલ પરમાણે કદીબી બની ન શકે એવા ખોદાનો સરવેથી સાચો અને દેખઇતો આકાર તે આતશને બનાવીને, તેમજ તેની આગળ ઘુંટણ મડીએ પડીને તેઓએ (અસલી ઈરાનીઓએ) તેની બંદગી કીધી હતી તેથી તું હવે વધારે વાર અ તએબ થતો ના.—Robert Fludd.

વલખીલા રૂશીઓએ પ્રજાપતીને પુછ્યું, "અરે ભગવાન હમો તુંને વીનંતી કરીએ છીએ કે હમારો એક બાબદનો શક છે તે દુર કર. અગ્નિ, હવા, સુરજ, પ્રાણ, ખોરાક, બ્રહ્મા અને વિષ્ણુમાંથી કોઈ એક અથવા બીજાની આરાધના કરે છે. પણ એ સરવેમાં સરસ કોણ છે? જે કાંઇ તારા મન પ્રમાણે સરવેથી સરસ હશે તેને હમોબી સરસ ગણીશું"

"આતશ અને બીજા પરેસતાઓ મોટા અને નાશ વગરના તેમજ શરીર વગરના બ્રહ્માના મુખય સ્વરૂપો છે. એઓમાંથી આએ દુનીઆમાનો દરેક જણ જેને ગમે તેને આરાધે છે. આએ સઘળા દેવતાઓ (પરેસતાઓ) નો બનેલો બ્રહ્મા પોતે છે. તેઓ બ્રહ્માના શરીરના મુખય ભાગો તરીકે છે. તેઓ બ્રહ્મા છે એવી રીતે તેઓને જોઇને મનન (મનની બંદગી) કરવું જોઇએ. તેઓને દેવતાઓ તરીકે નહી પણ સરવેથી સરસ બ્રહ્મા તરીકેજ ઓળખવા જોઇએ. જે કોઈ આએ પ્રમાણે તેઓની પુજા કરે છે તે તેઓ સાથે એકત્ર થઇ જાય છે અને વધારે ઉંચાને ઉંચા આકાશીક ભુવનો મેળવે છે. છેવટે જ્યારે દુનિઆમાં તેને માટે કાંઇ પણ કરવાનું બાકી રહેતું નથી ત્યારે (પોતાના પુરજોર ભેરના ભકતી ભાવને લીધે) આતમા સાથે એક થઈ જાએ છે."

પ્રજાપતીએ આગળ બોલવાનું ચાલુ રાખી કહ્યું કે નિચે પ્રમાણેની ભકતી કુતસ્યને કીધી હતીઃ—

"તું બ્રહ્મ છે; તું વિષ્ણુ છે; તું રૂદ્ર છે; તું પ્રજાપતી છે; તું અગ્નિ છે; તું વરૂન છે; તું વાયુ છે; તું ઇંદ્ર છે; તું ચંદ્ર છે; તું ખોરાક છે; તું યમ છે; તું ધરતી છે; તું આખી શ્રષ્ટી છે; તું નાશ પામીઆ વગરનો છે. જીંદગીના ફળ મેળવવા માટે અને સરજાવેલી વસતુઓનો બંદો-

બસત માટે તને આભારી છે. તું કે જે સઘળાઓનો બાપ છે, તેને નમશકાર હોજો. તું મને સૃષ્ટીના રૂપમાં દેખાય છે. જેણે આ દુનીઆ સરજાવી તે તુંજ છે. (આખરે) તું આએ દુનીઆ તારામાં ખેંચી લે છે. તું આએ સૃષ્ટીનો જીવ અને જીંદેગાની છે. સઘળા આતમીક તેમજ સુખો અથવા મોજ મજાહોનો આપનાર તુંજ છે. નીરંતર સંતોષીઆત તે તું છે. તને નમશકાર હોજો. તું કે જેનો વીચારજ કરી ન શકાય તેમજ અનહદ અને સરૂઆત અથવા છેડા વગરનો એવો છે, તેને નમશકાર હોજો—Key to Vedic Worship from the Parabudh Bharat July 1897.

અગ્નિ જે વડો ધરમગુરૂ, ખોદા અને હોમ હવનની ઉપરનો મવકલ ફરેસતો, જે છુટથી ખજાનો બખશનાર છે તેની વખાણ ગાવું છું.

જે પ્રમાણે પ્રાચીન કાલના માહાતમાઓ અથવા રૂશીઓએ તેની આરાધના કરી હતી, તે પ્રમાણે હાલ જીવતાં માણસો માટેબી તે આરાધનાને લાયકનો છે. આએ તરફ તે પોતાની સાથે ફરેસતાઓ લઈ આવશે.

અગ્નિની મારફતે માણુસજાત કીરતીવંત યોધ્ધાઓના રૂપમાં દહાડે દહાડે વધતી જતી પુરતી દોલત મેળવે છે.

અગ્નિ તું કે જે ખામી વીનાના હવનની આસપાસ ફરી વળે છે, તે હવન ખરેખર રીતે તો ફરેસતાઓને પુગે છે.

અગ્નિ તું કે જે ડહાપણથી ભરેલા મનવાળો ધરમગુરૂ, તેમજ સાચો અને સૌથી સરસ કીરતીથી કરીને ઉમદા જાતનો ફરેસતો છે, તે બીજા ફરેસતાઓ સાથ અહીંઆ આવે.

ઓ અગની તું જે કાંઇબી આસીરવાદ તારા ભક્ત માટે વરસાવે છે, તે તારી ખરેખરી બક્ષેશ છે.

ઓ અગ્નિ તું કે જે રાતનું અંધારૂં દુર કરનારો છે, તેની આગળ હરરોજ પુરતા માન સાથે હમો આવીએ છીએ.

તું હોમ હવનનો ધણી, હમેશગીના કાયદાઓનો રાહબર, અને નુરમંદ છે, તે તારા પોતાના મકાણમાં ફરાખી પામતો જાય છે.

જેમ એક છોકરો પોતાના બાપની આગળ કાંઇ પણ હરકત વગર જાય છે, તે પ્રમાણે હમો તારી આગળ પણ ઈજા પામ્યા વગર સેહલાઈથી પોહોંચી શકીએ એવું થાઓ. ઓ અગ્નિં હમારા ભલાં માટે તું હમારી સાથે રહે.—India in Vedic Times.

હવે આપણે આતશની બાબદ હાથમાં લઇએ છીએ. તે ખોદાની ઉમદા નીશાન છે. તે મીનોઇ જીંદગીનું લક્ષણ છે. તે આતશ કે જેને અહુરમજના છોકરા તરીકે ગણીને તે પવીતર કેબલાને આજના જરથોસતીઓ સૌથી વધારે માન આપે છે. જેમ આપણે ધારીએ છીએ તેમ આતશને માટેની સંખીઆબંધ બંદગીઓ જરથોસતી ધરમ પુસતકોમાં આપણને માલમ પડે છે. આતશની આરાધના સૌથી ઘણીજ સાદી રીતે, સૌથી વધારે ખોલાસાવાર, અને સૌથી વધારે સમજાય એવી સાદી ભાશામાં કરેલી જણાય છે. આતશને મીનોઇ ફરેસતાઓમાં આદમ જાતને સૌથી વધારે મદદગાર ગણવામાં આવ્યો છે. વળી તે આતશ હોરમજદમાંથી ઉતરી આવેલો તેમજ સઘળા મીનોઇ ભેદ ભરમોથી જાણીતો હોવા ઉપરાંત માણસ જાતનો સરવેથી શ્રેષ્ઠ દોશત છે એમ જાહેર કરવામાં આવ્યું છે.

"અએ આતશ તું કે જે હોરમજદનો છોકરો છે, તે જે માણુસની નજદીક પુર જોશમાં જાય છે, તે માણસ ભાગ્યવાન હોય છે."

"જે કાંઇ સૌથી માનીતું છે તેના કરતાં તું વધારે માનીતો છે. જે કાંઇ સૌથી માનને લાયકનું છે તે કરતાં તું વધારે આરાધનાને લાયકનો છે. જે સૌથી મોટું કામ છે તે કામ માટે

અએ આતશ તું મદદ કરતો આવે ! અએ આતશ તું હોરમજદમે પીછાણે છે. તુને બેહસ્તના રહેનારાઓ બાબે માલુમ છે. વાઝીસ્ત નામનો જે આતશ સૌથી પવીતર છે તે તું જ છે. અએ આતશ હોરમજદના છોકરા અમે તારી નજદીક પોહોંચીએ."

"આતશ એ શું ચીજ છે? આતશને દરેક ધરમમાં સરવે શકતીમાન ખોદાની નીશાન તરીકે હમેશાં ગણવામાં આવ્યો છે. બ્રહ્મા તે આતશ છે; અહુરમજદ તે આતશ છે, એક બળતા આતશ તરીકે યાહુદીઓ પોતાના ખોદાની બંદગી કરે છે. દરેક ઠેકાણે આતશને સરવેથી સરસ ચીનહ ગણવામાં આવ્યો છે, અને હજુર પણ ગણવામાં આવે છે. કારણ કે તે (ખોદા) કે જે પ્રકાશ રૂપે છે, તે આતશના રૂપમાં પ્રગટ થયલો છે. જે કાંઇ અતીબ્ય રોશનીને લીધે અંધારૂં જેવું લાગે છે તેમાંથી તે ભભુકબંધ પ્રગટ થાએ છે. અને આખી જગત જે છે, તે ધગ ધગતા બળતાનું પરીણામ રૂપ છે. અરે! હું એવું ઈચ્છું છું કે જે સચાઇઓ વીશે માહાતમાં જરથોસ્તને આતશે ઇસારો કીધો હતો તે સચાઇઓ લોકોને સમજાવતો જ્યારે તે આતશ આગળ ઉભો રહ્યો હતો તે વખતનો દેખાવ તમારી સનમુખ રજુ કરવાને હું શકતીવાન હતે. તે (મીનોઇ) આતશ પુત્રોએ એ સચાઇ લોકોને શીખવવા માટે તેને (જરથોસ્તને) આ પૃથ્વી ઉપર મોકલ્યો હતો. એટલા માટે આપણે તે યજ્ઞકુંડ (આફ્રરગાનીઆં) ની નજદીક ઉભા રહી તે આતશે તેને શું શીખવ્યું તેનો ખ્યાલ કરીએ. જરથોસ્તના વચનો કે જે આગલી દંતકથાઓની યાદ આપણા માતાજી કરે છે તેમાના એક વચનમાં શું કહ્યું છે તે વીશે નીચે જણાવેલું બ્યાન સમજીને જરા ધ્યાનમાં લેઈશું.

"જ્યારે તું નીરાકાર, એકાએક તેજસવી રૂપથી પ્રકાશતા પવીતર આતશ તરફ નજર કરે ત્યારે તે મીનો આતશનો અવાજ તું સાંભળજે."

જે વખતે જરથોસ્ત બોલતા હતા ત્યારે પરથમમાં તો તેવણની બાજુના અફ્રરગાનીઆમાં આતશ રોશન કીધેલો નહતો; ત્યાં ખુશબો પાંઠરતાં સુખડના લાકડાં ઢગળા બંધ પડેલાં હતાં. તે જગયાએ જાત જાતની ખુશબો હતી મગર આતશની ગેરહાજરી જણાતી હતી. જ્યારે તે પેગમબર તે યજ્ઞકુંડ (આફ્રરગાનીઆં) ની નજદીક ઉભા હતા તે વખતે તેવણના હાથમાં એક દંડ પકડેલો હતો. એ દંડ વીશે ગુપત જ્ઞાનીઓ જાણે છે તેમ ગુપત કીઆઓમાં તેનો નમુનો વપરાતો હતો—તે દંડની અંદર આકાશીક (મીનોઇ) ધગધગતા આતશનો સમાવેસ હતો, અને તેની આસપાસ પેચદાર આતશી સરપોથી ભરેલો હતો. જે વખતે તેવણે તે દંડ ઉંચકી અપાર વીસતારના આકાશ તરફ તાંકયો, ત્યારે જાંબુરા રંગના આસમાનના પરડામાંથી તે આકાશ ફાટીને આતશ રૂપે પ્રગટી નીકળીને આમ તેમ હીલચાલ કરતા અથવા કુદાકુદ કરતાં બળતાની ભભુકો દરેક બાજુએથી ફરી વળી. હવાને ચીરી નાખીને તે બળતાંનો કેટલોક ભાગ નીચે ધસ્યો આવ્યો અને તેવણની બાજુપરના યજ્ઞકુંડને રોશન કીધું. અને જ્યારે તેવણ તે મીનોઇ આતશ વીશેના મંત્રો ભણ્યા, ત્યારે તે ધગધગતો આતશ તેની આસપાસ વીંટળાઈ જઇને તેનો આતશી ગોળો બનાવ્યો અને સદાકાળ નીભે એવી સચાઈ બાપોકાર જાહેર કીધી.

અસલના વખતમાં જરથોસતે લોકોને કેવી રીતે શીખવ્યું હતું તે ઉપલાં વરણન ઉપરથી માલમ પડે છે. અને જરથોસ્તે તેઓને આતશના ભજનો શીખવ્યાં—જે ભજનો બળવાન શકતી ધરાવનારા મંત્રો એટલે હકુમત ધરાવનારા બોલો હતા—તેની મદદથી તેવણ આકાશમાંથી તે આતશને નીચે બોલાવી શકતા હતા. અને તેવણના જમાનાને સૈકાપર સૈકા ને હજારોપર હજારો વરસો ગુજરવા છતાં જરથોસ્તી આતશ બેહરામના યજ્ઞકુંડ ઉપર જે આતશ બળતો હતો, તે આતશ જુદી જુદી જાતના ખાકી આતશોના માત્ર મીશ્રણથી બનેલો ન હતો. તે પવીતર આતશને આતશી આકાશ એટલે ઉંચે આવેલાં બેહેસ્તમાંથી હમેશ આ સૃષ્ટી ઉપર નીચે બોલાવવામાં આવતો હતો. જેવો તે (મેનોઇ) ધરમગુરૂનો મંત્ર (માથ્રવાણી) યજ્ઞકુંડ ઉપર પડતો

કે તુરતજ ત્યાં ખોદાની જીવતી જાગતી નીશાન તરીકે આતશ પ્રગટી નીકળતો હતો. જ્યારે માહાતમા જેવા પવીતર દસતુરો હાજર નહી હોવાને લીધે તેઓથી ઉતરતા દરજજાના દસ્તુરો પાસે કામ લેવું પડતું હતું ત્યારે તેઓને તે આતશી દંડ (ગુરૂજ) કે જેમાં હમેશાં વીજળીનો આતશ ધગધગતાં બળતાં રૂપે ચળકતો હતો તે આપવામાં આવતો હતો. અને જેવો તેઓ તે દંડ (ગુરૂજ) યજ્ઞકુંડના બળતણને લગાડતા કે તુરતજ તે મીનોઈ આતશ સળગી ઉઠતો હતો.

નવા આતશબેહરામ બનાવતી વખતે હાલ જે ક્રીયા કરવામાં આવે છે તે બાબેની વંશ પરંપરા ચાલતી આવેલી રીત જરા જુઓ. જો કે આતશને આકાશમાંથી બોલાવવાની શકતી જવી રહેવાથી કોઇબી હાલના જમાનાનો દસતુર તેમ કરી શકતો નથી તે છતાં આગળ ચાલતી આવેલી સચાઇનો હાલના ક્રીયાકામો ફકત ઝાંખો ખ્યાલ રજુ કરે છે. સઘળી જાતના આતશો એકઠા કરી તેનું બળતણ સળગાવવામાં આવે છે. પણ એ આતશ કે જે ખાકી બળતણમાંથી એકઠો કરવામાં આવ્યો હોએ છે તેને રૂપીઓગમાં લેવામાં આવતો નથી. કારણકે ક્રીયા કરનાર મોબેદ તે એકઠા કરેલા આતશ ઉપર (આંધરાવાળી) સુખડથી ભરેલી રકાબી (ચમચ) ધરે છે, અને તેને એટલી તો ઉંચી રાખવામાં આવે છે કે નીચેની જે ચીજમાંથી બળતું બળે છે તે ખુદ ચીજના સમાગમથી તે (ચમચ) ઘણી દુર રહે છે. નીચેના આતશના બળતાંથી કરી રકાબીમાનું સુખડ સળગી ઉઠે છે, અને એવી રીતે બીજો આતશ પેદા થાએ છે. જ્યાં સુધી નવ વખત્ત આંધરાવાળી સુખડથી ભરેલી રકાબીઓને એક એક ઉપરથી એક એક સળગાવીને છેલ્લી રકાબીનો આતશ ઉપીઓગમાં લઈ બાકીના આતશોને રદ કરવામાં આવે છે ત્યાં સુધી જાણે કે તે ચીજનો અરકરૂપી આતશ ખેંચવાનું અને તેમ કરી પવીતર નુર કેબલા માટે પવીતર આતશને લાયક કરવાનું કામ ચાલુ રાખવામાં આવે છે. એ ઉપરાંત તેઓ વીજળીના આતશની શોધમાં રહે છે, જે આતશ વીજળી પડવા સાથે આકાશમાંથી નીચે ચમકતો ઉતરે છે. અને (હાલના દસ્તુરો) પોતે આતશને નીચે બોલાવવાને અશકત થઇ પડયા છે તેથી કરી તે યજ્ઞકુંડપર બળતા બાકીના નુરી આતશોની સાથે એ આતશને આમેજ કરવા માટે તેઓને કેટલીકવાર વરસોના વરસો સુધી શાંતપણે વીજળી પડવાની રાહ જોતા થોભવું પડે છે. એ પવીતર આતશના કેબલા નજદીક દરેક જરથોસ્તી નમન કરે છે. એક આતશનું ખુશબોદાર બળતું ધુપદાન સાંજની વખતે ઘરના દરેક ઓરડાઓમાં ફેરવવામાં આવે છે, જે તે સરવ શક્તીમાન ખોદાની હવા સવચ્છ કરનારી તેમજ બચાવનારી શકતી અને ચીનહ છે.—Annie Besant.

દરેક ધરમમાં આતશને માન આપવામાં આવે છે. સુરજ અને આતશને જીવણુ શકતીના સૌથી બંધ બેસતા ચીનહો તરીકે અને તે ઉપરથી જીવણુશકતી આપનારા મુળો તરીકે આરાધ્યા નહી હોએ એવો કોઇબી ધરમ માલમ પડતો નથી, એટલુંજ નહી પણ આપણી સૃષ્ટી ઉપર ખ્રીસ્તી ધરમનેબી સાથે લેતાં એકબી એવો ધરમ નથી કે જેની અંદર જો કે વખતના બદલાવા સાથે તેના ચીનહો બદલાઇ જઇ બેડોળ થઈ ગયાં છે, તો પણ ક્રીયા મારગોમાં આએ જાતનો ભકતી ભાવ સંભાળી રાખવામાં આવ્યો ન હોય.–(H. P. B in the Theosophist.)

આતશનો મુળ અરથ—આતશને વીશે ગુપત વીદ્યાના શીક્ષણો શું કહે છે? આતશ એ એક આખું બળતું (ખોદા) અને આકાશ તેમજ પૃથ્વીપરનો સર્વેથી સંપુર્ણ અને કાંઇ પણ ભેલસેલ વગરનો એટલે પવીત્ર પ્રતીબીંબ છે. તે પોતે જીંદગી અને મોહત છે. તે દરેક વસતુઓની સરૂઆત અને અંત છે. તે નુરી ચીજ છે. આએ પ્રમાણે આતશની આરાધના કરનાર પારસીજ નહી પણ અમેરીકાની દરેક ભટકતી જંગલી જાતો જેઓ આતશમાંથી પેદા થએલી પોતાને જાહેર કરે છે, તેઓના ધરમ અને વહેમમાં હાલના પદાર્થ વિજ્ઞાન અને અનીઆસની અંદરના સઘળાં અનુમાનો કરતાં વધારે એલમ અને સચાઈ સમાએલાં છે—The Secret Doctrine.

આતશનો ઉપીઓગ કરવા સાથે માણુસ જાતમાં સુધારાની સુરૂઆત થઈ હતી. અને જે પ્રમાણે વાચા અને તરક શકતી વડે માણુસજાત અને દુનીઆના બીજાં પ્રાણીઓ વચેનો અંતર જણાઇ આવે છે, તેજ પ્રમાણે આ ફાયદાકારક તત્વનો ઉપીઓગ માણુસજાત કરતું હોવાથી આપણી દુનીઆના દરેક ભાગ ઊપર તેને ઈશ્વરી દરજજાનું માન આપવામાં આવે છે. તેમ છતાં 'અવસ્તા' ના જમાના લોકો માટે આતશ સુધારાના પાયા કરતાં કાંઈ વધારે જરૂરનો જણાયો હતો. તેઓના મત પ્રમાણે આતશ સરવેથી અશો અને સવચ્છ તત્વ હોવા ઉપરાંત તેઓ (ઇરાનીઓ) ના સરવેથી મોટા ખોદા હોરમજદનો તે પ્રતીબીંબ (પડછાયો) સરીખો હતો. વળી એ ઉપરાંત આતશને નીતી શાસ્ત્રના ચીનહ જેવો અને દેવો સામે લડવાના એક મજબુત હથીઆર જેવો ગણવામાં આવે છે-(Civilization of the Eastern Iranians.)

પારસી ધરમગુરૂ પવીતર યજ્ઞકુંડ (અફરગાનીઆં) માંથી પાક આતશ લઈ (બીજું) અફરગાનીયું ભરતો, તે કામ આતશની આરાધના કરનારાઓને મીનોઇ સચાઈ શીખવવાના ચીનહ બતાવતું હતું. અને ભગવત ગીતામાં કૃષ્ણ ને અરજુન જણાવે છે કે ખોદા યજ્ઞકુંડના આતશમાં હોય છે; (કે) "હું આતશ છું, હું ભોગ છું"

તે પવીતર આતશ ઇરાનના પાક યજ્ઞકુંડ ઊપર સદા બળતો રહે છે, કારણ એ આતશને કદીબી બુજાવવા દીધેલો ન હોવાથી કરી તેને કદીબી ફરીથી સળગાવવામાં આવ્યો નથી. તે કાંઇ ખરેખર મરજી પડે ત્યારે સળગાવી લેવાય એવો સાધારણ આતશ નથી. પણ તેને સળગાવવા માટે તો દરેક ખ્યાલમાં આવતી ચીજોમાંથી આસરે એક હજાર ઉપર આતશના બળતાં એકઠાં કરી તે દરેક જુદાં જુદાં બળતાંનો સરવેથી પાક અરક એકડો કરી ઉપીઓગમાં લેવાની જરૂર જણાએ છે—અને તેમ શા માટે કરવામાં આવે છે? "કારણકે જેમ આપણે 'ધી સ્પીરીત ઓફ ઝોરોએસ્ત્રઅનીઝમ' માં કહ્યું તેમ આ આતશનું મીનોઇ તતવ સઘળી કુદરતમાં પંઠરાઈ રહેલું છે. તે કુદરતનું જીવ અને જીંદેગાની છે. અને તે ખાકી ગરમીનો જે દેખાવ ઉતપન કરે છે, તે ગરમીની રજકણોની અંદર તેનાથી ગતી મુકાય છે. અને સરવે વ્યાપક જીવણ શકતીના આટલા બધા ટુકડાઓની માફક તે આતશને આ સઘળા હજાર ચુહુલામાંથી એકઠો કરીને એક આરાધનાને લાયકનું બળતું બનાવવામાં આવે છે; જે બની શકે એટલું એકઠું કીધેલું અને અહુરમજની રોશનીના નમુના જેવું ગણાય. તે મોબેદ જુદા જુદા ચુહુલા, ભઠી અને ખાડાઓમાંથી કાચા (અરધા) બળેલા કોએલા લેતો નથી, તે વાત તમારે ધીઆનમાં રાખવી જોઇએ. પણ દરેક બળતાં ઉપરથી એક ગંધકનો ટુકડો, એક રૂનો દડો અથવા કોઇ બીજી સળગી ઉઠે એવી ચીજો લઇ સળગાવે છે. આએ બીજાં સળગાવેલાં બળતાં ઉપરથી વળી બળતણનો બીજો જડો સળગાવે છે, એમાંથી ત્રીજો, તે ત્રીજામાંથી ચોથો અને એ પ્રમાણે આગળ ચાલે છે. જ્યાં સુધી તે પહેલા મુળ તરીકે લીધેલા આતશની અપવીતરાઇવાલી ચીજ સાફ થઈ જઇને માત્ર સરવેથી શુધ્ધ અરક બાકી રહે છે, ત્યાં સુધી કોઈ કોઈ દાખલામાં ૯ વખત અને બીજામાં ૨૦) વખત સુધી એ ગાળવાની કીયા કરવામાં આવે છે. ત્યાર પછીજ માતર એ આતશ હોરમજદને લગતાં યજ્ઞકુંડ ઉપર મુકાવાને લાયકનો થાય છે અને તે છતાંબી હજુર તે બળતું તે હમેશના ચળકાટમંદ અહુરમજદને લગતું ચીનહ થયલું હોતું નથી. તે હજુર તો માતર ખાકી બળતાના શરીર જેવું છે, જેની અંદર તેના સરવેથી ઉમદા જીવની જરૂર જણાએ છે.................................એક પથરના ઢીમચાં ઉપર સુકી જાતનું સુખડ મુકવામાં આવે છે, પછી ચાર ખુણે ચાર મોબેદો ઉભા રહે છે, એ વખતે ગાથા ભણવામાં આવે છે. અને ધરમગુરૂઓ અથવા મોબેદો ગંભીર નમશકારોથી પોતાના માથાં નમાવે છે. દસ્તુર (તેઓમાંનો વડો ધરૂમગુરૂ) ઉંચે આસમાન તરફ નજર કરી શકતી ધરાવનારા ગુપત શબ્દો (માંથરવાણી) ભણે છે. એ વખતે જુઓ! આકાશની ઉપલી દુનીઆમાંથી આતશ નીચે ઉતરે છે અને

પોતાની રૂપાં જેવી જીભો રૂપી બળતાંની રજાળને પેલાં સુગંધીદાર લાકડાંની આસપાસ ફેરવે છે તેથી તે સળગી ઉઠે છે. આએ ગુમાઇ ગયલો પવીતર આતમા છે જેને માટે 'પ્રોમેથીઅસે' બંદગી કીધી હતી. જ્યારે આએ રીતના આતશને બીજા હજાર જાતના બળતા આ આતશની સાથ મેળવવામાં આવે છે ત્યારે ખોદાઇ ચીનહ સંપુરણ થાએ છે, અને પોતાની આરાધના કરનારની નજદીક હોરમજદનો ચેહેરો ચળકતો થાય છે. આવી રીતે સળગાવેલો તવારીખમાં મહશુર થયલો આતશ આજ લગભગ સાતશોથી વધારે વરસો થયાં કોઇબી રીતે બુજાયા વગરનો બળતો ચાલુ રાખવામાં આવ્યો છે. અને જ્યાં સુધી બીજો દારાં દસ્તુર તમો પારસીઓમાં જનમ લઇ આવી આસપાસના પંઠરાએલા આકાશમાંથી બળતું ખેંચી લાવી તમારા યજ્ઞકુંડમાં મુકે ત્યાં સુધી આએ આતશને જરાબી ખાંચો પાડયા વગર એકસરખી રીતે બળતો ચાલુ રાખો ....

......આવી રીતે આકાશમાંથી આતશ ખેંચવાનો હુનર અસલના વખતમાં 'સેમોથ્રેશીઅન' અને "કબીરીક" ગુપત વીદ્યાઓમાં શીખવવામાં આવતો હતો. ન્યુમાં જેણે રોમ મધે કુવારી દેવીને લગતી ગુપત ભકતી દાખલ કીધી હતી, તેણે એ પ્રમાણેનો આતશ રોશણ કરીને વેસ્તા દેવીની પવીતર કીધેલી કુવારીકા પુજારીઓના હસ્તકમા સોંપ્યો હતો. જે તેઓના જીવના જોખમે હમેશાં જાળવી રાખવાની તેઓની ફરજ હતી.

સ્વીગરના જણાવીઆ પ્રમાણે એવી રીતનો આતશ, હરમીસના આતશ અથવા જરમોનોના મત પ્રમાણે એલમીસનો આતશ હતો. તે વળી સીબીલની વીજળી તરીકે, એપોલો નામના દેવતાની મસાલ તરીકે, થેનના યજ્ઞકુંડના આતશ તરીકે પલુતોના સુકાનના આતશી બળતાં તરીકે, એથેન્સના એક્રોપોલીસ ઉપરના ગ્રીસીઅન એથેની દેવળના હમેશ બળતા આતશ તરીકે, અને ઘણી જુદી જુદી આરાધનાના ચીનહોના ગુપત આતશ તરીકે ઓળખાયલો છે. આ ગુપત વીદ્યા આગળા જમાનાની આખી જુની દુનીઆના ગુપત જ્ઞાનીઓમાં જણાયલી હતી.

એને લગતું પેહેલ વેહેલું જ્ઞાન ખાલદીઆ દેશમાં મેળવવામાં આવીયું હતું, જ્યાંથી તે ગ્રીસ થઇ વધારે પશ્ચીમ અને ઉતરે આવેલા મુલકોમાં પંઠરાયું હતું"—(Zoarastrianism in the Sight of Occult Philosophy)

અગની દેવતા એ આતશ ઉપર મવક્કલ કરેલો ફરેસતો છે તેને લાતીન ભાશામાં 'ઇગનીસ' આતશ કરી કહે છે, રીગવેદમાં તેને મોટા દેવતાઓમાના એક તરીકે ગણ્યો છે. કારણકે ફકત ઇંદ્ર ગીવાએ બીજા કોઇબી દેવતા કરતાં એના ભજનોની સંખીઆ સૌથી વધારે છે.

માણુસ જાતના જીવણ માટે આતશ ઘણો જરૂરનો છે. તે ખોરાક પકાવવા માટે મદદગાર થઇ પડે છે. રાતને વખતે આપણું કામ ચાલું રાખવાને તે પોતાનું બળ વાપડે છે. ઠંડા મુલકોમાં લોકોને ઠંડીથી બંધાઇ જઇ મરી જતા તે બચાવે છે. લાકડાના ઘસાડાથી કરી જે આતશ ઉતપન થાએ છે અથવા વીજળીના આકારમાં આકાશમાંથી તે એકદમ નીચે આવે છે તે દેખાવો એક બચાના જનમ પામવા જેટલાજ અજાએબીથી ભરપુર જણાયા હતા. આતશ જે માણુસનો સૌથી સરસ અને સૌથી માયાલુ દોસત છે, તે બેહેશતમાંથી નીચે ઉતરી આવી આ સૃષ્ટી ઉપર માણુસ જાતના દોસત તરીકે, ફરેસતાઓના પેગામચી તરીકે, અને ફરેસતાઓ અને માણુસો વચે પડનાર, તેમજ આપણે ખાકી માણસજાત વચે અમરગ જીંદગી ભોગવનાર તરીકે રહ્યો છે. તેનાં રીગવેદનાં ભજનમાં વખાણ અને આરાધના કરવામાં આવ્યાં છે. તેને આર્યો (એરીઅનો) ના રહેઠાણોનો બચાવ કરનાર અને કાલી ચામડીવાળા દુશમનોને ભયમાં નાંખી નસાડી મુકનાર તરીકે ઓળખવામાં આવ્યો છે.

અગ્નિની ઉતપતીના જુદા જુદા હેવાલો આપવામાં આવ્યા છે. તેને બેહેસ્તી તથા આ સૃષ્ટીના એક છોકરા તરીકે કેહેવામાં આવે છે. તેને બ્રહ્મા (અહુરમજ)ના વડા પુત્ર તરીકે ઓળખવામાં આવે છે. અને તેથી કરી "અભિમાની" તરીકે જણાવલો છે. તે જે કસીઆપ અને 'આદીતી'ના વારસોમાના એક તરીકે મળી આવે છે તેથી તેને 'આદીત્યા'માંનો એક તરીકે લેખવામા આવે છે. વધારે પાછલા લખાણોમાં તેને અગ્નિ રાસ, તે પીતૃઓના ગજાના છોકરા તરીકે, જણાવવામાં આવે છે. ઇંદ્ર, વિષ્ણુ, વરૂન, રૂદ્રા, સરસવતી વિગેરે બીજા દેવતાઓ અને દેવીઓ તરીકેના તેને વારંવાર રૂપ આપવામાં આવે છે. એવું કહેવામાં આવે છે, કે સઘળા દેવતાઓનો તેની અંદર સમાવેશ થઇ જાય છે.

સહવારના દેવતા (આતશ) સળગાવવામાં આવતો હતો, તે આતશથી અગ્નિ દેવતાની પુંજા કરવામાં આવતી હતી. આખુ કુટુંબ તેની આસપાસ એકઠું થતું હતું, અને જાણે તે એકી વખતે તેઓનો દોસત ને ધર્મગુરૂ હોય તેમ તેની તરફ પ્યાર અને માનની નજરથી જોવામા આવતું હતું. બીજા દહાડાની સહવાર સુધી ખાકી આદમીઓએ ચઢાવેલાં બળીદાન દેવતાઓને પોહોંચાડનારો તે એક નજરે પડતો દેવતા ગણાતો હતો. તેના કીરણો આસપાસ બહારની બાજુ ચળકી નીકળી અંધારાના દેવોને દુર કરતાં હતાં.

અગ્નીનું ખરેખરૂં બળીદાન તો ઘી છે. જે બળતાં ઉપર એ ઘી નામવામાં આવે છે, ત્યારે તે બળતું ઉંચે જાયે છે, તેથી વધારે જોશ બંધ ઉજાસ ફેંકે છે. તે દેવતાઓ તે નજર કીધેલી ભેટ ખાઇ જઈ પોતાનો સંતોશ અને ખુશાલી જાહેર કરે છે. તેનાં કેટલાંએક ભાવ વાચક નામો ઉપરથી તેને માખણ માટે શોખ ધરાવતો વરણવવામાં આવ્યો છે. તેનું માખણથી પોષણ થયલું, તે માખણનો બનેલો, માખણના બાલવાલો, માખણની પીંડવાળો વીગેરે નામો છે ગરીબ માણસ જે તેને ઘી અર્પણ કરી શકે એવી હાલતમાં હોતો નથી, તે આતશ ઉપર ચઢાવવા માટે પોતાની સાથે એક લાકડાનો ટુકડો લઇ જાય છે.

રાક્ષસોના નાશ કરનાર તરીકે અગ્નિ દેવતા જુદા જુદા રૂપો ધારણ કરે છે. જે પ્રાણીઓનો ભક્ષ કરી નાખવાને તેની મદદ માગવામાં આવે છે તે ભયંકર પ્રાણીઓની સામે થવા માટે તે તેટલુંજ ભયંકર રૂપ ધારણ કરતો જણાવવા આવે છે. તે પોતાના બે હાથીના જેવા દાંતો અણીઆલા બનાવે છે, ને પછી પોતાના તીરોના અણીઆળા છેડા ગરમ કરીને તે રાક્ષસોના દીલગુરડામાં ચલાવી દે છે.

રીગવેદના પેહેલાં ભજનમાં અગનિની વખાણ કરવામાં આવી છે.—India in Vedic times.

જ્યારે મહા પ્રાચીનકાળમાં ઇરાન-દેશસ્થ આર્ય વિદ્વાનોનો એવો મત ચાલે છે કે દરેક વસ્તુમાં દ્રવણિ છે, અને હિંદુ યોગીઓએ કહ્યું છે કે મહામાયાની શક્તિ વડે સઘળી સૃષ્ટિ પેદા થઈ છે, ત્યારે અર્વાચીન વિદ્યા એવું શિખવે છે કે સૃષ્ટીમાં કોઇ વસ્તુ એવી નથી કે જેમાં વિજળીનો ગુપ્ત અગ્નિ ન રહેતો હોય. માટે જ્યારે એક વસ્તુ બીજી વસ્તુ જોડે ઘસાય છે ત્યારે તે અગ્નિ પ્રગટી નિકળે છે. ગાડીની ધરી તથા પૈડાંની અંદરની ગોળ ચક્રી એ બન્ને ઘસાવાથી આગ ગાડીમાં આગ લાગે છે. ધૂળ સાથે ગાડાંની વાટ ઘસાયા કીધાથી તે ગુપ્ત અગ્નિ તપિ આવે છે અને તે વાટ ફુલી જઇ બહાર નિકળી પડે છે. તેજ પ્રમાણે શરીરમાં લોહી દોડા દોડ કરે છે તેથી ગરમી પેદા થાય છે ને તેનીજ સાથે, જેમ "વિદ્યુત જનક યંત્ર" માથી

વિજળીના આચકા પ્રવાહ રૂપે આવ્યા કરે છે તેમ, વિજળી પેદા થતી જાય છે, અને તેના નરમ પ્રવાહ ચાલુ રહે છે. એ વિજળીનો પ્રવાહ બરોબર પેદા થતો હોય છે તોજ માણુસની સુખાકારી સચવાય છેઃ હાથ, પગમાં ચાલાકી ચેતનાને કૌવત રહે છે; માંસના રેષા પૂર્ણ શક્તિવંત રહે છે, મગજે તેજી રહે છે ને શરીરમાં મંદી રહેવા પામતી નથી. એ કાયિક વિજળી, મંદ ચાલવાથી અને તેના પ્રવાહનો પ્રસાર બરોબર ન રહેવાથી શરીરમાં ઘણાક વિકાર ઉત્પન્ન થાય છે. માટે હગામણ, તાવ, સંધિવા, પક્ષવાયુ, તંતુ તથા લોહીના વ્યાધિઓ મટાડવા સારૂ વૈદશાસ્ત્રીઓ વિજળીને કામમાં લે છે—અંતર જગત પ્રવાસ.

આકાશી દેવતા કરતાં પૃથ્વીપરના દેવતા સાધારણ માણુસનો ભક્તિ-ભાવ દ્રઢ કરવાને વધારે સબળ પડતા છે, તેથી ઇરાની અગ્નિ-હોત્રીઓ ઘરમાં હમેશ રહેતા અગ્નિ-આદર યઝત, અર્દીબેહશ્ત યઝત-ને હરરોજ આરાધવાની અયન ફરજ માનતા અને તેમ કરતા. એ ચાલનું પલટેલું રૂપ ઠાકોર-સેવાને નામે હિંદુ હરીજનમાં હજી ચાલે છે—અંતર જગત પ્રવાસ.

જે દહાડેથી યાહુદીઓની વચમાં દેવળ ઉભું કરવામાં આવ્યું તે દહાડેથી તે જ્યાં સુધી તેઓ જોરડન નદી પસાર કરી ગયા ત્યાં સુધી ખોદાનો વાદળાંરૂપી દેખાવ આ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાય એવાં દેવળ ઉપર ઠરી ઠામ થતો, તો કોઈ કોઈવાર તે દેવળના આરાકા ઉપર હવામાં ચાલતો ચાલતો તેઓની સાથે જતો હતો.

જોકે ખોદા શિવાય તેમાં બીજું કશું ન હતું, તો પણ તેનું સૌથી સુંદર નામોમાનું એક નામ ખોદાનો ફરેસતો હતું (જુઓ એકઝોદસ ૧૪). આપણે યાદ રાખવું જોઇએ કે એ આપવામાં આવેલાં નામથી એમ નથી ઠરતું કે પવિત્ર ફરેસતાઓમાનો એક તેમાં હાજર હતો, પણ તેઓ એ વાદળાને પોતાને એ નામથી બોલાવતા હતા.

'આરોન' કીયામતને દહાડે જ્યારે તે પવિત્રમાં પવિત્રની નજદીક દાખલ થયો ત્યારે તે ખોદાની હાજરી બતાવનારાં આએ ચીન્હને જ્યાં સુધી ધુળરૂપી વાદળાંથી ઢાંકી નાખવામાં આવ્યું ત્યાં સુધી તે તરફ જોવાને હીમત કરી શકયો ન હતો. તેજ પ્રમાણે તે વાદળરૂપી સ્થંભ એવી 'શેકીના' નામથી ઓળખાતા ભેદી આતશના બળતાંનું બહારનું ઢાંકણ હતું, જે જો કાઢી નાખવામાં આવતે તો તેઓ (યાહુદીઓ) બી જોઇ શકતે નહી.

તે આતશી સ્થંભે યાહુદીઓ માટે ઘણી મીત્રાચારી ભરી નોકરી બજાવી હતી, તે નીચે પ્રમાણે હતીઃ—

(૧) એક ભોમ્યા તરીકે રસતો બતાવવાનું તેનું મુખ્ય કામ હતું. (જુઓ એકઝોદસ) ...... કદે ઊંચો હોવાથી દીવસે રૂપેરી રંગના વાદળાંના આકારનો અને રાત્રે બળતાંના આકારનો તે હોવાથી કરી તે અંધારી રાત્રે તેમજ દીવસે દબદબા ભર્યો લાગતો હતો. અને એ રીતે તેણે પોતાનો હક સાબેત કરીને હજારો યાહુદીઓ તરફથી સંપુર્ણ રીતની તાબેદારી મેળવી. જ્યારે તે આગળ પગલાં ભરતો ત્યારે તેઓબી તેની પાછળ પાછળ જતા; જ્યારે તે સ્થિર થઈ ઉભો રહેતો, ત્યારે તેઓબી ઉભા રહી જઈને તેની આશરો આપતી પાંખો નીચે છાવણી કરી પડતા. કોઈ કોઇવાર તે ગમે એટલો ઉલટી રીતે વરતતો હતો, તોપણ તે તેઓને સીધે ને સલામત રસ્તે દોરવતો હતો..............વળી તે સ્થંભ-ખોદાની કોઈબી બનાવથી ઓછી થતી પણ હમેશાં જેટલીને તેટલી રહેતી મેહરબાનીનો નકલ કરવા જોગ દાખલો હતો. તેઓના બડબડાત, તેઓમાં ઉઠેલો બખેડો, તેઓમાં રહેલા મુર્તી પુજાના ખ્યાલથી કરી કદીબી તે પરનો મવકલ ફરેસતો તેઓને છોડી ચાલી જતો નહી હતો. વળી જેવી રીતે તે તેઓની નાગેહબાની કરતો હતો તે રીત સર્વેથી પુરતી મેહરબાનગીથી ભરપુર હતી. મેંઢાની માફક તે પોતાના લોકોને આગળ ચલાવતો અને જંગલ બીઆબાનમાં એક ટોળાંની માફક દોરવતો.

(૨) તે એક રોશની હતો.

જો તે સ્થંભ અંધારી રાત્રે તે ટોળાં સારૂ પોતાનું સ્વરૂપ બદલતે નહી તો તેઓને તે જણાઇ શકતે નહી. પણ સુરજ અસત પામી અંધારૂ થવા માડયું કે તુરતજ તે સ્થંભ એક તેજસ્વી ચળકતા અને સર્વને દેખાય એવા ભભુકદાર સ્થંભમાં બદલાઈ જતો. અને તે ફકત તેઓને દોરવતોજ નહી હતો પણ ગમેતો લશકર છાવણી કરી પડયું હોય અથવા કુચ કરી જતું હોય તોપણ હમેશાં એકસરખી ખુલ્લી રોશનીનો ઉજાસ તે પાંઠરતો હતો. જો તે આ શી સ્થંભની મોહોબત ભરી મદદથી કરી તે જાત્રાળુઓની આસપાસ રોશનીનો ઉજાસ ફેલાતો નહી હતે તો રાતને વખતે તે જંગલ બીઆબાનમાં વખત કહાડવો બહુજ ભય ભર્યો લાગતે.

વળી તે એક થાંભલાંની માફક તેઓનો બચાવ કરતો હતો. "તે ધણી જે તમારો ઇશ્વર છે તે તમારી આગળ આગળ જાય છે તે તમારે માટે લડાઇ કરશે"..જંગના મેદાનમાં જયારે ખોદાનું આ વાદળારૂપ યાહુદીઓ અને તેઓના દુશમનો વચે આવતું હતું ત્યારે જરૂરજ મુક્તી મળશે એવી આશા દરેક સાચો યાહુદી રાખતો હતો. રાતા સમુદ્ર નજદીક તે પુઠે લાગનારા (દુશમનો) અને નાસી જનારા (યાહુદીઓ) વચે એક નહી ઓળંગી શકાય એવો તે કોટ સમાન થઇ રહ્યો હતો. અને તે ખોદાનો દુત કે જે યાહુદીઓ આગળ આગળ જતો હતો તેણે પાછો ફરી તેઓની પછાડીનો રસતો લીધો. અને તે વાદળાંરૂપી સ્થંભ પણ યાહુદીઓના મોંહોડા આગળથી નીકળી જઈ તેઓની પીઠે જઇ ઉભો. (જુઓ એકઝોદસ)........ ઈજીપશીઅન લશકર તરફની બાજુએ અતિ ભયાનક અંધારૂ થઇ ગયું, તેથી તેઓનો સદંતર નાશ થયો પણ ડાબી તરફની બાજુએ ઝળકાટમંદ રોશની પંઠરાઇ ગઇ, તેથી યાહુદીઓનો ટોળો રાતા સમુદ્રની પુર્વ બાજુએ જઇ પુગો. આએ પ્રમાણે આએ બનાવોથી ભરપુર રાતના આતશના વાદળારૂપી સ્થંભે ખોદાના પસંદ કીધેલા લોકોમાં એકી વખતે એક સુરજ અને ઢાલની ગરજ સારી હતી.

તે વળી એક સવાલનો ઉતર આપનાર દેવળ હતું. જ્યારે આપણે જાણીએ છીએ જે તે વાદળાંરૂપી સ્થંભમાંથી ખોદા પોતેજ બોલતો હતો, તે ઉપરથી 'જીહો વાહ' જેણે મુસા પેગમબર સાથે વાત કીધી હતી તે 'જીહો વાહ' ને એ સ્થંભ તદન મળતો આવતો હતો જેમ એક માણસ પોતાના દોસત આગળ વાત કરે છે તે પ્રમાણે જ્યારે મુસા પેગમબર આગળ ખોદાએ સામ સામા આવી વાત કીધી, ત્યારે તે વાદળાંની અંદરની તેજસ્વી ઝલુક જે મીનો (ખોદા) ની હાજરી બતાવનાર ચીનહ હતું, તે નજરે પડયું હતું, એમ બનતું સંભવીત હતું.

આપણે વાંચીએ છીએ, કે 'વાદળારૂપી સ્થંભમાં રહીને તેણે (ખોદાએ) તેઓની સાથ વાત કીધી' તે સવાલનો જવાબ આપનારા દેવળમાંથી ટોળાની રાહબરી માટે અને તેના શિક્ષણ માટેના જરૂર જોગ બોલો અવાજ કરતા બહાર પડતા હતા. જે (ખોદાએ) બળતી ઝાડીમાંથી વાત કીધી હતી તેજ ખોદાએ પોતાનું મોહોડુંબી વાદળારૂપી સ્થંભમાંથી ખોલીને યાહુદીઓના ભલાં માટે વારંવાર વાત કીધી હતી.

વળી તે સ્થંભ વેર લેનાર હતો.

જ્યારે ખોદા પોતાની નાખુશી જાહેર કરવા ઈચ્છતો ત્યારે તે વાદળાંનો દેખાવ ઘણો ભયંકર દીસતો હતો. ખોદાએ આતશી સ્થંભમાંથી ઇજીપશીયન ટોળાં તરફ જોઇને તેઓને હેરાનગતીમાં નાખ્યા, જ્યારે તેમાંથી બળતાં જ્વાળ જઇને "નદબ" અને 'અબીહુ' ને બાળી નાખ્યા (Levi X 2). અને વળી તે બળતું બહાર આવીને ૨૫૦ માણસને બાળી નાખ્યાં. જેઓ સાથે ખોદા નાખુશ થતો તેઓને ઈજા પુગાડવા માટે એવું ભયંકર.રૂપ ધારણ કરતો હતો, તો બીજી વખત જ્યારે પોતાના ટોળાં ઉપરે મેહરબાની બતાવવાની તે ઈચ્છા રાખતો હતો ત્યારે તે ખુશ સ્વભાવ દેખાડતો હતો, એમાં કાંઇબી શકજ નથી. જે વખતે તેઓ

ઉંચે જોતા ત્યારે તેઓ પોતાની ફરજ બજાવ્યા જવાને ઉતેજન આપતા અને ખુશાલીનો પોકાર કરતા પોતાના ફરેસતાઇ ભોમ્યાને જોતા.

આવી રીતની મતલબ તે સ્થંભરૂપી વાદળાંથી સચવાતી હતી. તે એક ભોમ્યો હતો, એક રોશની, એક છાયો, એક ઢાલ અને કીનો લેનાર તરીકેની ખાશિયતો ધરાવતો હતો. તે તેઓને દોરવતો હતો, તે ઉજાસ આપતો હતો, તે આરો પરહો કરતો હતો, તે બંચાવતો હતો, તે બોલતો હતો, તે હસતો હતો, તે ભવાં ચઢાવતો હતો, તે રસતો દેખાડતો હતો અને હજારો યાહુદીઓને તેની પાછળ જવાને ઇસારતથી સમજાવતો હેતો. તે અંધારાંને ઉજાળાંમા ફેરવી નાખતો હતો. 'તે ખરી બપોરના તપતા સુરજના ઉભા બાણરૂપી કીરણોની અસર રદ કરતો હતો. ઇજીપસ્યનો અને હીબ્રુઓ વચે તે એક કીલ્લા જેવો હતો. તે ખોદાના પસંદ કીધેલાં લોકો માટે લડયો હતો. જ્યારે તે ખુશી થતો ત્યારે તે બદલો વાળી આપતો હતો, જ્યારે તે નહી સાંખી શકાય એવી રીતે હદ બહાર ગુસ્સે થતો હતો ત્યારે તે શીક્ષા કરતો હતો. તે વીસાળ અને ફલદ્રુપ જમીનનો મુલક કે જે "કનઆન" ને આપવાને માટે નીરમાન થયલો હતો, તે મુલકની અંદર જોરદન નદી પસાર કરી તે ટોળો જઈ પુગ્યો ત્યાં સુધી તે સ્થંભે પોતાની મોહોબત ભરી રાહબરીનું, રોશની આપવાનું, બચાવ કરવાનું, સહલાહ આપવાનું તેમજ ઉતેજન આપવાનું કામ ચાલુ રાખ્યું.

જે સઘળી ચીજોના દેખાવો આએ યાહુદી જાત્રાળુઓને નજર પડયા હોય તેમાં આ આતશ સ્થંભનો દેખાવ સૌથી ભયંકર, સૌથી ગંભીર અને સૌથી ચકચકીત જણાયલો હોવો જોઈએ.

જે લોકો માટે આએ સ્થંભ નીરમાન થયલો હતો, તે લોકો બોહોલી રીતના હકો ભોગવનારા હતા.

તેઓ અને તેઓજ સારૂ 'કીર્તિ' હતી—The Tabernacle of Israel and its Priests and Sacrificies by William Brown.

રોશનીઓમાની છુપી રોશની, જે સઘળી જીંદગીનું મુળ છે અને જેને તેઓ હોરમજદના નામથી ઓલખે છે, તેનો ખ્યાલ મનમાં લાવવા માટે પારસીઓ જેવી રીતે સુરજ અને દર્યા તરફ મોહોડું કરી બંદગી કરે છે તેજ માફક તેઓ આતશ સામે મોહોડું કરી બંદગી કરેછે.–Mystery of the Ages.

શરીર અથવા તેના ભાગોની હાલતપર ઇચ્છા શક્તીની ગુપ્ત અસર થાય છે. વિદ્વાનોના જણાવ્યા પ્રમાણે આએ અસર ઇચ્છા શક્તીની શારીરીક શક્તિપર અસર થવાથી કરી માત્ર યતી હોય એમ જણાતું નથી, પણ તે ઉપરાંત મનુષ્ય 'તેજસ' અથવા ખોરેહ ઉપર તેની અસર થવાને લીધે હોય છે. આએ શક્તીને બીજી ચીજોના ખોરેહ મારફતે તેઓના શરીરપર અસર કરવાને વાપડી શકાય છે. અહીંઆ જણાવેલી શક્તિને સંસકૃતમાં 'તેજસ' કરી કહે છે.

વળી 'તેજસ' એ બોલ અગ્નિનુ બીજુ નામ છે; અને તે રોશની અને ગરમી આપતી સઘળી ચીજોનું મુળ છે. તેથી કરી જુદી જુદી જાતના અગ્નિ (આતશ) ની જાત થઇ છે. પણ ગમે એટલાબી બીજી જાતના 'આતશો' હશે, તેઓ સઘળા અમર્ગ અગ્નિમાંથી નિકળેલા ફાંટાઓ સમાન છે. (જુઓ રીગવેદ). એટલા માટે અગ્નિના ત્રણ મુખ્ય ભાગ થયા છે. વિષ્ણુ પુરાણ કહે છે કે અગ્નિને ત્રણ છોકરા છે, જેવાકે 'સુચિ, 'પવમાન' અને 'પાવકા' સુચિ એટલે 'સોરા' અથવા સુર્જમાનો આતશ, 'પવમાન' એટલે 'નીરમથન' અથવા ઘસારાથી ઉત્પન્ન કીધેલો આતશ; જેવો કે બે લાકડાનાં ટુકડા ઘસાવાથી પેદા થયલો આતશ; અને 'પાવકા' એટલે "વૈદ્યુતા" અથવા આકાશી આતશ અથવા વીજ અથવા વીજળીનો આતશ.

વળી આગળ ચાલતાં મારે કહેવું જોઇએ કે આ ત્રણે આતશની ઉત્પતિ વેદમાં જણાવેલા ત્રણ મુખ્ય દેવતાઓ જેવાકે સુરજ જે તે નામના આતશ ઉપર મવકલ કરેલો દેવતા અથવા ફરેસતો છે, ઇંદ્રિ અથવા કોઇ વખત જેને વાયુ (પવન) નામથી બોલાવવામાં આવે છે તે આકાશી આતશપરનો મવકલ કરેલો ફરેસતો છે; અને અગની દેવતા આ સૃષ્ટી ઉપરનો આતશ જે ઘસાડાથી સળગે છે તે પરનો મવકલ કરેલો ફરેસતો છે; તેઓથી થયલી છે. અને આએ ત્રણે એકજ આતશના ફાંટા સરખા છે, જે આતશ વળી પોતે તે સર્વ શક્તિમાન સાહેબ ઉપરથી નિકળ્યો છે. એ બાબે જો વાંચનાર વિષ્ણુ પુરાણમાં આવેલું અગ્નિનું દ્રષ્ટાંતરૂપી બ્યાન વાંચશે તો જણાશે કે તે બ્રહ્માના મુખમાંથી જન્મેલો તેનો છોકરો થતો હતો.

હવે આપણે કહેવું જોઇએ કે ત્રણ જાતનાં આતશોમાનાં દરેકના અસંખ્ય પેટાં ભાગો થઇ ગયા છે. તે મોટો ઝળકાટમંદ સુરજ તેના કીરણો ફેંકવાની જુદી જુદી ખાસ્યતને લીધે તેમાંના આતશના જુદા જુદા પેટા ભાગમાં વેહેંચાઇ ગયલો જણાય છે. આ સૃષ્ટીનો આતશ એટલે જે ઘસાડાથી ઉત્પન્ન થતો તેને જુદી જુદી રીતે કામે લગાડવાથી તે જુદે જુદે નામે ઓળખાય છે, જેવાકે 'અહાવનીઆ' એટલે બળીદાનની ચીજો નાખવામાં આવે છે તે આતશ છે. બીજો 'ગારહપસ' એટલે ઘરનો આતશ અને એ વિગેરે બીજા છે. અને ગગન અથવા વાયુ અગ્નિ માણસની આસપાસ તેમજ તેની અંદરના કામો જેવાં કે ખોરાક જરપત કરવા વિગેરેના બજાવે છે તે ઉપરથી તેને જુદા જુદા નામોથી બોલાવવામાં આવે છે. (જુઓ પ્રશ્ન ઉપનીશદ 'મંદાકયોપનીષ્દ,' શ્રી 'ભગવતમ;' અને વાયુ પુરાણ.) તે અને આકાશનો અગ્નિ ગરમીરૂપે માણસના શરીરમાં રહે છે તેનું નામ 'વૈસ વાનરા' છે. (જુઓ રીગવેદ). જે 'વિસ્વ' એટલે સઘળા અને 'નર' એટલે માણસ—સઘળા માણસોમાં રહેતું તત્વ—છે.

આ ટીકાઓની બાબદ સાથ સંબંધ ધરાવતા 'વૈસ વાનર' આતશ સાથે આપણને સરવેથી વધારે કામ છે, તે માણસના શરીરમાં વિજળીના આતશરૂપે કામ કરતો હોવાથી તેના કામો ઘણા ઉપયોગના છે. એવું કહેવામાં આવે છે કે એક જમીનમાં દાટેલાં થાંભલાની માફક એક માણસની નાભી (દુતી) તેને ટેકા સમાન છે. (રીગવેદ). એટલે કે જેમ એક સ્થંભ એક ઘરને ટેકાવે છે તેજ પ્રમાણે એક માણસને નાભીનો ટેકાવ છે. માણસના શરીરમાં નાભીની આસપાસ ગુપ્ત ચક્ર છે જેથી કરી તેના આખા શરીરને તે નાભી સ્થંભ અને ટેકાની મીશાળે છે. તેને 'મુળાધાર' કરી કહે છે. અને જ્યાં 'વૈસ વાનર' આતશ પોતાનું કામ કરે છે તે જગ્યા નાભીની છેક નજદીક છે તેને 'અગ્નિમંડળ' કરી કહે છે. તે શ્વાસો શ્વાસ (દમ) લેવાની હવાથી સળગેલો રહે છે. અને એવી રીતે "મઇત્રાયન બ્રમ્હોપનીષ્દ" અને બીજા ભેદ ભર્યા પુસતકોમાં સુંદર રીતના વર્ણન આવેલાં છે.

અહીંઆ આપણે જણાવવું જોઈએ કે જે વઇદયુસ (આકાશીક) અગ્નિ 'વૈસ વાનર' રૂપે ઉપર જણાવેલી રીતે માણસ જાતની જીંદગી ટેકાવી રાખે છે, તેજ વળી આખી જગતનેબી ટેકાવી રાખે છે. કારણ કે વેદ પ્રમાણે તે એકસરખી રીતે સૃષ્ટીનો ટેકો અને નાભી છે. (રીગવેદ). તે વિજળી, લોચુંબક, રોશની અને ગરમી વિગેરે રૂપે છે જે બોલેથી હાલની ખાકી વિદ્યા તેની સમજણ આપે છે, તે રૂપે તે આખી જગતમાં બધે જણાયલો છે. અને જીવતાં પ્રાણીઓમાં તે જે ક્રીયા ચલાવે છે તે ઉપરથી તેને જાનવરી આકૃષ્ણ શક્તિ કરી કહે છે. માણસના શરીરના ભીતરને લગતા પ્રાણ અને આત્મીક ભાગોને લગતો તે છે. અને તે સૃષ્ટીમાં વિજળીના સઘળા ગુણ ધરાવે છે, એટલુંજ નહી પણ તે માણસની ઇચ્છા શકિતનો પ્રવાહ જે વખતો વખત તેમાંથી ઉત્પન્ન થાય છે તે ઈચ્છા શકતિથી ઉત્પન્ન થતી બુદ્ધિ જ્ઞાનથી ભરપુર છે.

આએ આતશ જે વઇદયુત (વિજળીક) અથવા 'વૈસં વાનર' આતશ ચોકસ કારણોને લીધે શારીરીક અગ્નિ એટલે શરીરમાં રહેતો આતશ કહેવાય છે. અને ઉપર જણાવેલી જીવન

શક્તિ સારૂ આએ શકિત જરૂરની છે; જે ઉપર ઇચ્છા શકિતના પ્રવાહની અસર થવાથી કરી સ્નાયુની હીલચાલ વિગેરે ઉત્પન્ન થાય છે. 'મચ્છત્રીના બ્રહ્મોપનીષ્દ' માં જણાવ્યા પ્રમાણે "ઇચ્છા શકિત શરીરમાના આતશને ઉસકેરે છે. ત્યાર પછી તે આતશ શરીરમાના મારૂત (પવન) ને ખળભળ ખળભળ કરે છે, અને તે પવન દીલગુરડામાંથી પસાર થઇને અવાજ ઉત્પન્ન કરે છે. આએ આતશ જે આએ પ્રાણને માટે જરૂરની શકિત છે તેને હું 'તેજસ' ના નામથી બોલાવવાની દરખાસ્ત કરૂં છું. જે અગ્નિ (આતશ) નો અર્થ ઉપર જણાવ્યા પ્રમાણે રોશની, ગરમી, શકિત, જુસસો, ચૈતન્ય શકિત, શરીરનું કૌવત, અને એ વીગેરે બીજા થાય છે. જે રૂપો'માણસના શરીરમાં રહેતા વિજળીક આતશના કામો શું છે તે વિષેનું ખરેખર વર્ણન કરે છે. અને આ 'તેજસ' ની બહાર પડતી ધારોનું જે નામ ઇંગ્રેજીમાં પશ્ચિમ તરફની વિધ્યાને આધારે આપવામાં આવ્યું છે, તેને 'ઓરા' (aura) કરી કહે છે. એનો અર્થ વેબસ્તર દીક્ષનેરીમાં જોતાં નીચે પ્રમાણે જણાય છે.—

"પદાર્થમાથી વેહેતો કોઇબી જાતનો બારીક અને અંદીઠ પ્રવાહી; વરાળરૂપે ઉડી જતી ચીજ; બહાર પડતો પદાર્થ; બાફ."

માણસનો શરીર તેમજ આત્મા સાથનો સંબંધ ટકાવી રાખવાને તેની ('તેજસ'ની) શકિતઓ ઘણી બળવાન છે. અને આર્ય (એરીઅન) ગુપ્ત વિદ્યાના પુજારીઓ બીજાના વિચાર વાંચવામાં અને પોતાના વિચાર બીજાને પોહોંચાડવાના કામમાં તેમજ વળી દરદીઓને સાજા કરવા માટે તેમજ બીજાઓને આસીરવાદ આપવા માટે અને જુદી જુદી જાતના બીજાં એવાં કામોમાંબી તે શક્તિઓનો બોહોલો ઉપયોગ કરે છે. આર્ય રૂશિઓના હાતમાં આ 'તેજશ' એક બળવાન શકિત જેવું છે. "બ્રહ્માંનો 'તેજસ' આ શક્તિઓમાં સૌથી જોરાવર શક્તિ છે" એવી રીતનો મુદ્રા લેખ મહારૂશિ વિશ્વામિત્રનો છે. એ 'ઓરા' (ખુરેહ) અથવા મનુષ્ય તેજસમાંથી બહાર પડતી ધારોમાં રંગ અને અવાજની હાજરી જણાય છે. એ બાબદ વિષે ઇસારો કરતાં પુર્વ તરફનો એક મહાત્મા પોતાની સાથે પત્ર વહેવાર ચલાવનારાઓમાના એકને કહે છે કે—તે અર્ધ સમજદાર શક્તિઓ કે જેઓના આપણી સાથે સંબંધ ધરાવવાના સાધનો બોલેલા બોલોથી નહી પણ બને સાથે બંધ બેસતી આવતી ધ્રુજરીઓના એકસરખા પરમાનુઓમાના અવાજો અને રંગોની મદદથી હોય છે, ત્યારે ખરેખર તે શક્તિઓને તમો કેવીરીતે સમજીને તાબે કરી શકશો? કારણ કે અવાજ, રોશની અને રંગ એ ચઢતી ઉતરતી પદવીના 'હોશો' ઉત્પન્ન કરવામા મુખ્ય ભાગ બજાવે છે, જે 'હોશો'ની હસ્તી વટીકથી તમો બીન માહીતગાર છો.

હવે મારા વાંચનારાઓને ખાતરી સાથે કહેવાદો કે 'તેજસ' અથવા શારીરીક આતશ અથવા પ્રાણી આકૃષ્ણ શક્તિ અને 'ઓરા' (ખુરેહ) રૂપે બહાર પડતી તેની અંદીઠ ધારો એ કાંઇ હવાઈ વિચાર નથી અથવા તેમાં કાંઈ નવું છેજ નહી. જમાનાઓ સુધીના અનુભવો ઉપર એ બાબદનો પાયો રચવામાં આવેલો હોવાથી તે ખરેખરી સચાઇથી ભરપુર છે. પ્રોફેસર વીલીઅમસ કહે છે કે "ગમે ત્યાંબી તલાસ કરો તોપણ આ શક્તિની હસતી એકસરખી રીતે કબુલ રાખવામાં આવી છે. દુનિઆની સઘળી જાતો અને પ્રજાઓએ તેનો ઉપયોગ કીધો છે, અને તેથી કરી તેને આજકાલની શોધી કહાડેલી વિધ્યા ગણવા કરતાં તે ઘણાજ અસલના જમાનાની અને વરસોના વરસોની બારીક તપાસમાંથી સહીસલામત રીતે પસાર થયલી અને એવી રીતનું બેવડું માન ધરાવતી એ વિદ્યા છે. ખરેખર ખાતરી પુર્વક કહીએ છીએ કે હાલની હસતી ધરાવતી વિદ્યાઓમાં એ સર્વેથી પુરાણી વિદ્યા છે, અને તેની આગમજ કોઇ પણ વિદ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો"

એવી રીતે આકૃષ્ણ શકિત વૈદક વિદ્યાનો મુળ પાયો અથવા વૈદયોનો ભેદ ગણાતી હતી. અને તે ધર્મના ટેકા જેવી અથવા ધર્મગુરૂઓની શક્તિ જેવા ગણાતી હતી.

ઉપર જણાવેલા પ્રોફેસર વીલીઅમસની એ બાબદને લગતી ચોપડીઓ વાંચવાને હમારા વાંચનારાઓને ભલામણ કરૂં છું. તેમજ મી० વીલીઅમ ગ્રેગરી જે એદીનબરોની યુનીવરસીટીમાં રસાયણ શાસ્ત્રનો આગલો ઉસતાદ હતો, તેણે બેરન રીકન બાકની ચોપડીનો અંગ્રેજીમાં તરજુમો કીધો છે, તે વાંચવાની ભલામણ કરૂં છું. એ સઘળા લખનારાઓએ પોતે જાતી શોધ કરી પોતાનો જાતી અનુભવ તેમજ બીજા સેંકડો જણ જેના નામઠામ તેમાં વિગતવાર આપવા આવ્યાં છે તેઓની શાક્ષી ઉપરથી પોતાની કેતાબોનો પાયો રચ્યો છે.

આ પશ્ચિમ તરફના લખનારાઓ 'તેજસ' ને જુદે જુદે નામે ઓલખે છે, જેવાંકે 'ઓદીલ,' 'ઓદીલ ફોર્સ,' 'ઓદાઓદીક ફોર્સ,' પ્રાણી આકૃષ્ણ શકતી, પ્રાણી વિજળી, 'મેસમેરીઝમ,' 'ઓરા,' 'મેગનેતીકઓરા,' એ વિગેરે બીજાં નામો. તેઓમાનો એક પ્રોફેસર વીલીઅમસ એનું નીચે પ્રમાણે વર્ણન કરે છે:—ભેજાં અને જ્ઞાનતંતુના સમુદાયમાં એ 'ઓરા' પસરી રહેલો છે. તે જો કે વિજળીક ગુણ ધરાવે છે તોપણ વિજળી કરતાં તેમાં કાંઇ વધારે ખાસ્યત છે. તે ઉપરથી વધારે સારા નામની ગેરહાજરીમાં તેને પૃથ્વીપરની આકૃષ્ણ અથવા વિજળીક શક્તિઓમાંથી અલખી કહાડવા માટે 'પ્રાણી આકૃષ્ણ શક્તિ' અથવા વિજળી એવું નામ આપ્યું છે. પહેલી જાતની વિજળીમાં જાણે કે કાંઇ 'હોશ' હોય એમ લાગે છે. તે આતમીક અર્ક જેવું છે. તે પોતાની જુદીજ જાતની ખાસ્યત ધરાવતું હોવાથી બીજી જાતની વિજળીમાંથી તે તુરતજ પારખી શકાય છે. સાધારણ જાતની વિજળી પાણીમાં દાખલ કરીને ફકત એકજ જાતનું પરીણામ લાવી શકાય. પણ તેથી વધારે સારૂ પરીણામ જો પ્રાણી વિજળી વાપડવામાં આવે તો જે વખતે માનસીક વિજળી ઉત્પન્ન કરી તેના ઉપર કાર્ય કરનાર જ્યારે તે વિજળી પાણીમાં મેળવે છે ત્યારે તે પાણી રોગ નિવારણ દવાના ગુણવાળું થાય છે.—Comments on the Light on the Path by P. Shrinivasrao.

આતશ એ કાંઈ મુળ તત્વ નથી પણ તુરી ચીજ છે. તેનું ખાકી બળતુ સર્વેથી ઉમદા આત્માના નજરે પડતાં, વહાણ સમાન છે. આતશના 'એલીમેનતલો' (યોનિઓ) સરવેથી ચઢતે દરજ્જેના છે.

આ દુન્યાની દરેક ચીજને 'ઓરા' અને આત્મા છે. તમો દીવો લઇ બતી સળગાવોછો, તેને તે બતી સાથ કાંઈ પણ સંબંધ નથી. તે ચીજનો 'ઓરા' (ખુરેહ) તે દીવાના સૌથી હલકા ભાગ સાથે સંબંધમાં આવે છે, વળી ગ્રેનાઇત નામનો પથ્થર બળી શકતો નથી તેનું કારણ એ કે તેનો ઓરા આતશી છે. આતશી 'એલીમેનતલો' ને આએ ભુવન ઉપર કશુ ભાણ નથી, કારણ કે તેઓ એટલાં તો ચઢતા દરજ્જાના છે કે પોતાના ઇશ્વરી પદમાં થયલી મુળ ઉત્પતિનો આભાશ પાડી શકે નહી.

માણસોની જાતિ ખાસ્યતના બીજાં 'એલીમેનતલો' પ્રતિબિંબ જેવાં હોવાથી તેઓને આ ભુવનનું ભાણ હોય છે. ખણીજ પદાર્થો અને વનસપતિ પદાર્થો વચે ઘણો તફાવત હોય છે. દાખલા તરીકે દીવાની દીવટ નિઆકૃષ્ક છે, તેને દીવાની આંચ લગાડી આકૃષ્ક કરી શકાય છે. પણ તેમ કરવા માટે તેલના સાધનની જરૂર છે. ઈથર એ આતશ છે. ઇથરનો સરવેથી હલકો ભાગ જેને તમો બળતાં તરીકે જુઓ છો તેનો બનેલો છે. આખી સૃષ્ટીમાં અધ્યાર્યરૂપે જે આતશ મળી આવે છે તે આતશ 'ઇથર'ના પદના છે. બીજા સંજોગો વચે એ આતશ પાણી, હવા અને ખાક રૂપે દેખાવ દે છે. આપણી નજરે પડતી સૃષ્ટીમા આ એકજ તત્વ છે. જે સઘળી જાતની જીવવાળી ચીજોના આકારની ક્રિયા શકિતરૂપે પસરેલું છે. તેનાથી કરી રોશની, ગરમી, મરણ, જીંદગી વિગેરે છે. તે વળી લોહી બને છે. તેના જુદા જુદા આકારમાં ખરેખરો તો તે એકજ છે. આતશને જે માન આપવામાં આવ્યું હતું તે વિષેનો પુરાવો જુની તોરાતમાં મળી આવે છે. આતશી સ્થંભ, બળતી ઝાડી, મોઝીઝનો ઝળકાટવાળો ચેહેરો, એ સઘળા આતશો છે.

આતશ તેની (ખોદાની) અંકરૂપી ખાસ્યતનો સૌથી હલકી જાતનો પેહેલો ઘડેલો ઘાટ છે.........આતશના 'એલીમેનતલો' ઇશ્વરી રૂપમાંથી પેહેલ વહેલા નિકળેલા ગુચવાડા ભર્યા વિચારો છે. જ્યારે તે આ પૃથ્વીપર આવે છે ત્યારે તેઓ આકાર ધારણ કરે છે. તેઓ સરદાના જેવાં પ્રાણી અથવા હલકી જાતના આતશના 'એલીમેનંતલો' ના રૂપમાં ૫ક૫ક કરતા અવાજ સાથે બળતાની અંદર ઉડી આવે છે. હવાની અંદર આપણા વિચારોથી નિપજતાં પ્રાણીરૂપો ઉપરાંત કાંઈ બીજી જાતના જીવતાં અને ભાણવાળા પ્રાણીઓ છે જેને તેઓ પકડી લે છે.

આતશી 'એલીમેનતલો' જોવાના અવ્યવોને લગતાં છે જેથી કરી બીજી બધી ઇંદ્રિઓને લગતા એલીમેનતલો પોતામાં ચુસી લે છે. આએ પ્રમાણે નજરથી કરીને લાગણી, સાંભળવું, સ્વાદ વિગેરેનું ભાણ થાય છે, કારણ કે સઘળાં એલીમેનતલો જોવાની ઇંદ્રીમાં સમાઇ ગયલાં છે.—
(Secret Doctrine Vol. III P. P. 589)

આતશ એ ઇથરનું સૌથી સ્વચ્છ રૂપ છે, અને તે કારણથી તેને પ્રકૃતિ તરીકે લેખવામાં આવતો નથી, પણ તે સૌથી સ્વચ્છ ઇથરની સાથે એક છે—તે સૃષ્ટીમા સઘળે માલમ પડે છે, તે પ્રગટરૂપી બીજી પંક્તિનો દેવતા છે. પણ આતશો બે જાતના છે, જેઓ વચેનો તફાવત ગુપ્તજ્ઞાન શાસ્ત્રોમાં સમજાવ્યામાં આવ્યો છે. પેહેલો અથવા તદન નિરાકાર અને અંદીઠ આતશ, જે મધ્ય બિંદુમાં રહેતા આત્મીક સુર્યમાં છુપાયલો તેને આ તત્વ વિચારની રીતે જોતાં ત્રેવડો કરી કહ્યો છે. જ્યારે પ્રગટ જગતની અંદરનો આતશ સપ્તરૂપે સૃષ્ટી અને સુર્યમાં હોય છે. "જ્ઞાનનો આતશ માયાના ભુવનપરનું સઘળું બાળી નાખે છે". તેટલા માટે જેઓએ તે (જ્ઞાન) મેળવ્યું છે તેઓને મોક્ષ મળ્યો છે અને એજ કારણથી તેઓ "આતશો" કહેવાયા છે.—
(Secret Doctrine Vol. I. P. P. 114.)

જે સૌથી સુરૂઆતની બંદગીઓમાં સુર્ય અને આતશની બંદગીઓ કરવામાં આવતી હતી તેમાં ઘણી ઉંડાણ ફીલસુફી સમાયલી છે. પ્રકૃતિ વિવેક જ્ઞાનની વિધ્યાને જેટલાંખી મુળ તત્વો જણાયાં છે, તેમાં આતશ એવું તત્વ છે કે જેનું ચોકસ પ્રથકરણ કરવાની કોશેશો હમેશાં વ્યર્થ ગઇ છે. હવા ઓકસીજન અને નાઇટ્રોજન તત્વોની બનેલી છે એવું ખાતરીપુર્વક કહેવામાં આવે છે. આપણે સૃષ્ટી તેમજ જગતને ચોકશ પ્રમાણમાં રસાયણીક રજકણોથી બનેલાં સમજીએ છીએ. આપણે મુળ દશ ખાકો વિષે બોલીએ છીએ, જે દરેકને આપણે ગ્રીક અથવા લેતીન નામો આપીએ છીએ. આપણે કહીએ છીએ કે પાણી ઓકસીજન અને હાઇડ્રોજનનું બનેલું છે. પણ આતશ શું ચીજ છે? તે બળતુ સળગવાનું પરીણામ છે એવું ગંભીરપણે કહેવામાં આવે છે. તે ગરમી અને રોશની તથા ગતિ અને પ્રકૃતિવિવેકને લગતો તેમજ રસાયણીક શક્તિઓનો સાધારણ રીતે બનેલો છે. અને 'વેબસતર દીક્ષનેરી' માં આ વિધ્યાને અનુસરતાં વર્ણનમાં એક તર્કશાસ્ત્રરૂપી વર્ણનનો ફીલસુફી ભરી રીતે વધારો કરવામાં આવે છે તે એ છે, કે "તે (આતશ) શિક્ષા કરવાનું હથિઆર અથવા બીજી જીંદગીમાં ઉધ્ધતાઇ ભરેલા માણસની શિક્ષા છે."—એ જીંદગી વિષે આગળ ચાલતાં જેમ ધારવામાં આવ્યું છે તેમ તે આત્મીક છે. પણ અફસોસ! આતશની હાજરી એ તેઓને તે ખાકનો બનેલો છે એવી ખાતરીપુર્વક શાબેતી પુરી પાડતી જણાય છે. પણ આતશપરથી ઉત્પન્ન થતા દેખાવને તેઓ તદન જાણીતો તદન સાદો ધારવાની અંદર ભુલ કરે છે એમ જણાવીને પ્રોફેસર બેન કહે છે કે:—

ઘણીક જાણીતી બાબદોને સમજાવવાની જરૂર જણાતી નથી અને જે કાંઇ તેઓને બંધ બેસતુ થઇ પડે છે તેઓનો ખોલાસો કરવાને તે કામ લાગે છે. આએ પ્રમાણે ઉકળતાં અને વરાળ રૂપે ઉડી જતાં પ્રવાહીના નજરે પડતા દેખાવનો કાંઇ પણ ખોલાસો કરવા જોગ નથી એમ ધારવામાં આવે છે. અને તેમાંથી વળી વધારે બારીક નજરે પડતા દેખાવનો ખાતરી પુર્વક

ઓલાસો મળતો જણાય છે, તે એ કે પાણીનું સુકાઇ જવું તે એક બીન કેળવાયલાં મગજને તુરત ધ્યાનમાં ઉતરી જાય છે. જ્યારે બીજા હાથ ઉપર પ્રકૃતિ વિવેક જ્ઞાની જણને પ્રવાહી હાલત કાયદાથી ઉલટી અને ન સમજાય તેવી લાગે છે. એક બળતુ લઇ આતશ સળગાવવાનું કામ એ વિદ્યાની મોટી મુશ્કેલી જેવું લાગે છે, તે છતાંબી ઘણુાજ થોડા એમ સમજે છે. (Logic II. 1:5.)

ગુપ્ત જ્ઞાન આતશ વિષે શું કહે છે ? " આ જગત અને સૃષ્ટીમાં પથરાઇ ગયલો આતશ એ એકજ મુળ બળતાંનો સર્વેથી સંપુર્ણ અને સ્વચ્છ પડછાયો છે. તે ખાકી ચીજોની જીંદગી અને મોહત છે તેમજ સુરૂઆત અને અંત છે. તે ઇશ્વરી ચીજ છે. "

આ પ્રમાણે આતશ પરસ્તી પારસીઓજ નહી પણ અમેરીકાની ભટકતી જાતો જેવો પોતાને આતશમાંથી જન્મેલી તરીકે બાપોકાર જાહેર કરે છે, તેઓ હાલના પ્રકૃતી વિવેક જ્ઞાન અને વિધ્યાની કલપનાઓ કરતાં પોતાના ધરમોમાં વધારે પ્રમાણમાં વિધ્યા તેમજ તેઓના (કહેવાતા) વહેમોમાં વધારે પ્રમાણમાં સચાઇ છે એવું બતાવી આપે છે.

ખ્રીસ્તીઓ કહે છે, કે " ખોદા એ ધગધગતો અંગાર છે "; અને ઇસુ (ક્રાઇસ્ત) ના મરણ પછી પવિત્ર આત્માએ પ્રવેશ કીધેલી ' આતશી જીભોનું અને ' મોઝીઝ (મુસા પેગમબર) બળતી ઝાડી ' નું વર્ણન કરે છે, તેમાં તેઓ કોઈબી બીજા નાસ્તિક અથવા મુર્તી પુજકની માફક આતશ પરસ્તી ઠકે છે.

ગુપ્ત જ્ઞાનીઓ તેમજ ' કેએલીસ્તો 'ની અંદર ' રોઝી ક્રુશીઅનસ ' નામનો એક પંઠ હતો જેઓ આતશનું સૌથી વધારે ચોકસ રીતનું વર્ણન કરતા હતા.

એક ચાર આનાની કીમતની (નાની) બતી લાવી તેની અંદર માત્ર તેલ પુરવાનું કામ ચાલુ રાખશો તો તેના બળતાંથી કરી તમો બતીઓ, મીનબતીઓ, અને આખી જગતના આતશો સળગાવવાને શક્તિવાન થશો; તે છતાં તેનું બળતું જરાએ ઓછું થશે નહી. જો તે ઇશ્વર કે જે મુળ તત્વ જેવું છે તે હમેશ સુધી રહેનારી અને હદ વગરની ચીજ છે, તો તે કદીબી બળી જતી નથી, (" તે ધણી તે તારો બાળી નાખતો આતશ છે ") ત્યારે બીજા હાથપર વળી ગુપ્ત વિદ્યા આપણને શિક્ષણ દે છે, કે " આએ પ્રમાણે અરૂપો અને રૂપો દુન્યાંમાં બનાવવામાં આવ્યાં હતાં; એક રોશનીમાંથી સાત રોશનીઓ અને સાતમાંની દરેકમાંથી સાત વખત સાત રોશનીઓ પેદા થઇ હતી " વિગેરે. એટલા માટે તે ગુપ્ત જ્ઞાન વગર ફીલસુફી ભર્યું કહેવું વાજબી લાગતુ નથી. (Secret Doctrine Vol. I. P. P. 145)

મુળતત્વને કેટલાકો માહભૂતની અપંચીકૃત સ્થિતિ તરીકે લેખે છે. પ્લેતો તથા પીથેગોરસની પુઠે ચાલનારાઓ તેને ' પાણીઓ ' અથવા ગુચવાડો કહેવા પછી આ દુન્યાના જીવ તરીકેનું તેને નામ આપવામાં આવ્યું. કેએલીસ્તોના કહેવા પ્રમાણે તેની અંદર પડછાયો પડવાથી કરી એક ચીજની ઉપર મનન કરવાને લીધે મુળનિયમે કરી દેખઇતી પ્રગટ સૃષ્ટીના અસલ દેખાવો પેદા થયા. ગુચવાડો અથવા દુન્યા પ્રગટ થઇ ન હતી તે વખતની હાલત પહેલી હતી; એ પછી તેનો પડછાયો પડતાં પહેલી ચીજ ઇથર નિકળી હતી; તે મુળ વસ્તુ હજુર ઈશ્વર તરીકે ગણાય છે. જે આકાશ સઘળે ઠેકાણે અને સઘળી ચીજોમાં પસરેલુ છે, તે અંદીઠ અને જેનું વજન કરી નહી શકાય એવો આત્મા છે; અને તે અંદીઠ છતાં તેમાં માત્ર એટલી ખુબી છે જે તેનો સ્પર્શ થાય એવું તે પ્રવાહી રૂપ છે; અને તે ' મેસમેરીઝમ ' નો પ્રયોગ કરનાર તંદુરસ્ત માણસના આંગલાંઓમાંથી બહાર ફુટી નિકળે છે. કારણકે તે પ્રાણને અત્ર્સયકારક વિજળી છે એટલે કે તે જીંદગી પોતે છે. એને મારકવીસ ડી મરવીલી ' ધી નેબ્યુલસ ઓલમા ઇતી ' એટલે " ધુમાડા અથવા વાદળા સરખો દેખાતો સર્વે શક્તિમાન ખોદા " કરી મશ્કરીમાં કહેતો હતો. ખોદા ફેનાશીઓ અને ગુપ્ત વિદ્યા જાણનારાઓ તેને " હેવાતી ધરાવનારો આતશ "

કરી કહે છે. અને હિંદુઓમાં કોઇ એવો નહી હશે જે તેનું સહવારના પોહરમાં સ્વચિંતન કરતો નહી હોય. તે રોશનીનો આત્મા અને 'મેગનીસ' છે. એક સામી પક્ષવાળો વાજબી રીતે જણાવે છે તેમ 'મેગસ' અને 'મેગનીસ' એ સાખાઓ છે, જે એકજ ડાળીમાંથી ઉગે છે. અને હૈયાતી ધરાવનાર આતશ નામમા આપણને વળી ઝંદ અવસ્તાના ગુચવાડો પેદા કરનારાં વાક્યનો અર્થ સમજાશે. તેમાં જણાવવામાં આવે છે કે "એક આતશ ભવિષ્યનું જ્ઞાન તથા આગાહી આપે છે, વિદ્યા અને પ્યાર પેદા કરનાર બોલીની બક્ષેસ ઉતારે છે". એટલે જે આતશ ભવિષ્ય જોનાર સ્ત્રી, 'હલકા' અંગનો માણસ અને કેટલાક છટાદાર ભાષાણ કરનારોમાં સુભાષિતપણું ખીળવે છે. આએ બાબદ લખતાં 'આઇસીસ અનવેલ્દ' માં હમોએ કહ્યું છે કે:—અસલી લોકોથી મનાતી આવેલી "સૃષ્ટી પેદા થવાની આગમજની ગુચવાડા ભરી હાલત;" જરથોસ્તી પવિત્ર આતશ અથવા પારસીઓના આતશબેહેરામ, હરમીસનો આતશ; અસલી જરમનોનો 'એલમીસ' આતશ, 'સીબીલી'ની વિજળી, 'એપોલો'ની બળતી મસાલ; 'પાન'ના દેવળના યજ્ઞકુંડનો આતશ અથવા બળતું; 'એકરોપોલીસ'ની તેમજ 'વેસ્તાનો' કદીબી નહી બુજાએ એવો આતશ; પ્લુતોના સુકાનનું આતશી બળતું; 'ડાયો સકુર'ની તોપીમાંથી નિકળતી તેજસ્વી ચિંગારી, 'તેગોર'ના માથામાંથી નિકળતું આતશી બળતું; 'પલાસ'નું સુકાણ; અને 'મરકયુરી' (બુધ) નામના દેવતાનો રાજદંડ અથવા દંડુકો; ઈજીપસ્યનોનુ 'તાહરા;' ગ્રીસીયનોનું 'પેનસેનીયનનું' 'ઝઅસ કેતઈબેતીસ;' પાંચધારી આતશી ઉભો, મોઝીઝની બળતી ઝાડી; 'એક્ઝોદસ' માંનો આતશી સ્થંભ અને ભવિષ્યવાણી કહેતી વરાળ અથવા ધુમાડો; હિંદુ રૂષિઓનું આકાશ; એલીપ્કલેવીની આકાશીક અથવા સુક્ષ્મીક રોશની; જ્ઞાન તંતુઓનો તેજસ; અને મેસમેરીઝમનો પ્રવાહી, રીએક્નો 'ઓદ;' થરીનો 'સાઇકીક ફોર્સ' (આતમાને લગતી શકિત); સારજંત કોગસજ અને કેટલાક કુદરતી વિદ્યા જાણનારાઓની વાતાવરણની આકૃષ્ક શકિત; રસાયણીક વિજળી અને છેલ્લે (સાધારણ) વિજળી—એ સઘળાં એક ગુપ્ત અને સઘળે પસરેલાં કારણ, જેને ગ્રીકો 'આ ર્ચીઅનસ' કહે છે, તેની અસર અથવા તેના ઘણા જુદા જુદા પ્રગટરૂપો માટેના જુદા જુદા નામો માત્ર છે."

હવે આપણે અહીંઆ કાંઈ વધારે કહીશું—તે આપણે આગળ કહી ગયા તે ઉપરાંત ઘણું વધારે છે. આએ આતશ વિષે સઘળા પવિત્ર હિંદુ પુસ્તકોમાં તેમજ 'કબાલા'ના પુસ્તકોમાં વર્ણન કરવામાં આવ્યું છે "જોહર" નામના તેને 'રીશાહવુરાહ' માની ગુપ્ત સફેદ રોશણી તરીકે જણાવે છે. તેમજ સફેદ માંથુ કે જેની અંદરની ઈચ્છાશકિત સૃષ્ટિની દરેક બાજુએ આતશી પ્રવાહીના ૩૭૦ પ્રવાહઓ વહેતા કરે છે, તે 'સીપરાહ દીઝેનીઓથા' નામનો સાંપ જે ૩૭૦ કુડકા મારતો દોડે છે તેની બરોબર છે. તે સાંપ કે જે જ્યારે સંપુર્ણ માણસને તેની લાયક પદવી ચઢાવ્યો હોય છે, એટલે કે ઇશ્વરી આત્મા હેવાન્યતમાં આવી વસે છે, તે ત્રણ આતમાનો એટલે આપણે થિયોસોફીસતો બોલીએ છીએ તેમ "આત્મા-બુધ્ધિ અને મનસ" નો બનેલો છે.—(Secret Doctrine Vol. I. P. P. 361.)

આત્મીક આતશ—પેહેલા વેહેલાં જે ખાકી આદમી પેદા થયો તેનો અથવા તેના શરીરનો ઉત્પન્ન કરનાર બાપ તે સુર્યમાં રહેતી પ્રાણને અવસ્યની વિજળીક-આત્મીક શકિત છે. ચંદ્રમાં એનીમા છે, કારણકે માણસજાતના ગર્ભધારણ કરવા અને બચા જણવાની ક્રિયા ઉપર ચંદ્રમાની ખુલ્લે ખુલ્લી અસર થતી જણાય છે. જેમ તે રોપાઓ અને જાનવરોને વધારે છે તેમ તે ગર્ભના વધારાની વ્યવસ્થા કરે છે. પવન અથવા 'ઈથર' એ બાબદમાં એક જગયાએથી બીજી જગયાએ લઇ જનાર આડત્યાનું કામ કરે છે. જેથી કરી આ તેજસ્વી નુરોમાની અસર નીચે

લઈ જઈને તે જમીનપર પાંઠરે છે. તેટલા માટે તેને "આપા" કરી કહે છે, જ્યારે માત્ર 'આત્મીક આતશ' જ એકલો માણસને એક ઇશ્વરી અને સંપુર્ણ અસ્તિ તત્વરૂપ બનાવે છે.

હવે આત્મીક આતશ શું ચીજ છે? કીમ્યાગરની વિદ્યા અથવા રસાયણશાસ્ત્ર પ્રમાણે તે સાધારણ રીતની 'હાઇડ્રોજન' છે. જ્યારે ગુપ્તવિદ્યાની રૂએ ખરેખરો અર્થ કરતાં તે મુળ તત્વમાંથી બહાર પડતો પ્રવાહ અથવા ધાર અથવા કીરણ છે. હવે 'હાઇડ્રોજન ગેસ' એ આપણા ખાકી ભુવનને લગતી 'ગેસ' છે. પણ રસાયણ શાસ્ત્ર પ્રમાણે આપણી મતલબ ઉઠાવતાં તે પ્રકૃતિનું એકલુંજ હૈયાત રૂપ છે, અને તે ઘણું ખરૂં 'પ્રોતાઇલ' ને મળતું આવે છે...... એ પ્રમાણે કહીએ તો તે હવા અને પાણી એ બનેનો બાપ અથવા તો બંનેની વૃધ્ધિ કરનાર અથવા વધારે સારી રીતે બોલીએ તો 'ઉપાધી' છે. અને ખરેખર તો આતશ, હવા અને પાણી ત્રણ જુદાં જુદાં રૂપે હૈયાતી ભોગવતાં હોવા છતાં એકજ તત્વના બનેલાં છે. અને તેથી કરી રસાયણી અને ક્રિમ્યાગરની એઓ ત્રીમુર્તિ ગણાય છે. પ્રગટ જગત અથવા પ્રકૃતિમાં તે દેખીતું ચિન્હ છે. અને પ્રકૃતિની પેલી મેર તેને અધ્યાર્યે અને તદન આત્મીક વસ્તુની હાજરી વાળી હૈયાતી જે મુળ વસ્તુના રાજ્યમાં છે તે કહે છે. 'ગોદક્રે હીઝીન્સે' હાઇડ્રોજનને ગ્રીગેનની "એકત્તા" સાથે લગભગ મળતી આવતી ચિતારી છે. કારણકે તે ટીકા કરે છે જે હાઈડ્રોજન જોકે પાણી ઉત્પન્ન કરે છે તોપણ પાણી નથી, જોકે તે આતશને સળગાવે છે તોપણ તે આતશ નથી; વળી જોકે હવા તે પાણી અને આતશના જોડાણથી ઉત્પન્ન થયલી છે એમ ગણીએ તોપણ તે હવા નથી,—જોકે હાઈડ્રોજન હવાના ભીણાસવાળાં તત્વોમાં માલમ પડે છે તે છતાં તે ત્રણ રૂપે એકજ છે.

જો આપણે 'કમપેરેતીવ ચિયોલાજી' નો અભ્યાસ કરીએ તો માલમ પડશે કે આ આતશોની ગુપ્ત બાબદોના ભેદો વિષે દરેક અસલી લોકોને તેમાં મુખ્ય કરી 'સેમાથેસ' ને શિખવવામાં આવ્યું હતું. 'કબીરી' જે સઘળા અસલી દેવતાઓ અને માણસો, મોટા દેવતાઓ અને 'તીતનસો' માં ઘણા ગુપ્ત દેવતાઓ કહેવાતા હતા તે 'કુમારા' અને રૂદ્રાઓ જેઓનો વડો 'કરતી કય' છે, જેપણ એક કુમારો છે, તેઓને મળતા આવે છે. એ બાબદ અંતરભેદથી નહી ઉકળાવતાંબી તદન સંભળાએ એવી છે. અને આએ હિંદુ દેવતાઓ, 'કબીરી' દેવતાઓની માફક કુદરતની સર્વેથી છુપી શક્તિના પવિતર આતશોરૂપી હતા. આર્યજાતની કેટલીએક શાખાઓ જેમાં મુખ્ય કરી એસિઆ અને યુરોપની પ્રજાઓ, હિંદુઓ અને ગ્રીકોએ આએ દેવતાઓનું ઉપયોગીપણું, નહીતો તેઓનો ખરેખરો ખવાસ છુપાવવાની સાથી બને એટલી તજવીજ કરી હતી. કુમારાઓની માફક કબીરીઓની સંખ્યા પણ અચોકસ છે, કેટલાકો કહે છે કે તેઓની સંખ્યા માત્ર ૩ થી ૪ જેટલી છે. જ્યારે બીજાઓ તેને સાતની કહે છે. 'એકાઝાઇરસ,' 'એકઝોસેરસા,' એકઝયોસરેસસ,' અને 'કાસમીલસ' નામો ચાર કુમારાને બદલે વપરાય છે, જેઓના નામો 'સાંન્ત કુમારા,' 'સનદા,' 'સનકા, અને 'સનાતન' છે. (Secret Doctrine P. P. 110 Vol. III.)

ખોદા આતશી દેહવાલો છે-પ્રગટ સૃષ્ટીની પેલીમેર તદન એકતારૂપે આતશી પ્રાણવાળો ઇશ્વર છે. પ્રગટ સૃષ્ટીમા તે મધ્ય બીંદુમાં જણાતા આત્મીક સુર્ય તરીકે, તેમજ સૃષ્ટીના આત્મા તરીકે અને આ જગતનાં ખોદા તરીકે ગણાય છે. આપણી પૃથ્વીની અંદર, ઉપર અને બહાર આતશી આત્મા હોય છે.—જેમાં હવા એટલે પાતળો આતશ, પાણી એટલે પ્રવાહી આતશ અને જમીન એટલે ઘટ આતશ આવી જાય છે. સઘળી ચીજો આતશ છે—તેના છેવટના રૂપમાં આત્મામાંથી ઉતપંન થયલી વસ્તુ અથવા 'હુ' જેનો મુળ ધાતુ "ઓ" (નહી) કરી આપણા ધ્યાનમાં આવે છે, તે કુદરત અને તેના 'મનસ' માં 'સઘળા' તરીકે છે.

તે બનાવનાર, નાશ કરનાર તેમજ સંભાળનાર છે. ખોદાના આગલાં નામો આર્ય અગ્નિથી તે યાહુદીઓનો ખોદા જે પોતે 'બળતો આતશ' છે તે આતશ સાથે જોડાયલાં છે હિંદુસ્તાનની જુદી જુદી ભાષાઓમાં ખોદાને ઇશુર, ઈસુર, ઇસવર અને સંસક્રીતમાં 'ઇશ' એટલે ધણી શબ્દ રથી નિકળેલા ઇશ્વર નામોથી બોલાવવામાં આવે છે. પણ સુરૂઆતમાં શિવને નાશ કરનાર એવું નામ આપવ માં આવ્યું હતું. વેદમાં ત્રણ મુખ્ય દેવતાઓ છે, જેવાકે અગ્નિ (ઇનીસ), વાયુ અને સુર્ય. કારણ કે અગ્નિ, વાયુ અને સુર્ય એ આતશની ગુપ્ત ચઢતી ઉતરતી પદવીઓ છે. હીબ્રુમાં "અઝ" રોશની કરવી અને 'અસ' એટલે આતશ થાય છે. ગુપ્ત વિદ્યામાં "આતશ રોશન કરવો" એનો અર્થ ત્રણ મોટી આતશી શક્તિઓમાંથી એકની આરાધના કરવા બરોબર થાય છે, અથવા "ખોદાને બોલાવવો" થાય છે. સંસક્રીતમાં મુળ ધાતુ "ઉશ" એ આતશ અથવા ગરમી થાય છે; અને ઇજીપસ્યન બોલ 'ઓરીસીસ' જોડા શબ્દોનો બનેલો છે, જે શેલીંગના બતાવ્યા પ્રમાણે એ મુળ શબ્દો 'અઇશ' અને 'અસ્ર' અથવા એક આતશી જાદુગર કરી થાય છે. તે મુળરૂપી આતશને માટે કહે છે કે કાંઇબી ચીજ ભક્ષ કરવાને માટે તેને નહી ધરાએ એટલી ભુખ હતી. તાયર શેહેરનો 'મેકસીમસ' કહે છે કે અસલી ઇરાનીઓ સળગી ઉઠે એવા પદાર્થો આતશમાં નાખી એમ બોલતા હતા કે "હે પ્રભુ! ભક્ષ કર"! આઇરીસ ભાષામાં 'ઈસમ' અથવા 'અસમ' એટલે બનાવવું અથવા ઉત્પન્ન કરવું થાય છે (અને) ઇસર નામનો અસલી દેવતાઓમાનો એક હતો; એનો બોલેબોલનો તરજુમો લઇએ તો 'આતશ સળગાવવો કરી થાય છે." (Secret Doctrine Vol. III. P. P. 120.)

ત્રિમુર્તિ અગ્નિ—"હેરાકલીતસ ધી ઇફેઝ્યન" નામનો ફીલસુફ જે ક્રાઇસ્તના જમાનાની પાંચસો વરસ આગમજ થઇ ગયો છે તેના ફીલસુફી ભર્યા અંતરજ્ઞાન બાબે પ્રોફેસર બાલફોર સ્ટુઅર્ટને ઉંચુ મત છે. તે 'પોકાર કરતા' ફીલસુફનું એવું મત હતુ કે "આતશ એ સર્વેનું મૂળ છે, અને કે દરેક ચીજ નિરંતર પ્રવાહી રૂપે વેહયા કરતી હતી." "એ ઉપરથી જણાય છે કે સૃષ્ટીની કુદરતી રીતની અશાંતી અને જુસ્સો ઉભરી આવવા વિષેની કલપનાનું આબેહુબ જ્ઞાન તે ધરાવતો હતો. અને તે જ્ઞાન આપણા હાલના ફીલસુફો જેઓ સૃષ્ટીની ખાસ્યત, ગતિ ધરાવતી ધારે છે તેને એ મત મળતું આવે છે. પણ તે હાલના વિદ્વાનોના મત જેટલું ચોકસ નથી" એમ પ્રોફેસર બાલફોર ધારે છે. તે આતશ બોલને ઘણો અનિશ્ચિત લેખતો હતો, અને તેમ બનવું કુદરતી રીતેજ છે. કારણકે પ્રોફેસર બાલફર સ્ટુઅર્ટ જે તેના કેટલાક વિદ્વાન ગોઠયાઓ કરતાં ઇશ્વરી શક્તિ તરફ વધારે સારી વળણ ધરાવતો જણાય છે તે અથવા તેની સાથે હાલના જમાનામાં જીંદગી ભોગવનારા બીજાઓ 'આતશ' શબ્દ તે ફીલસુફ કેવા ભાવાર્થથી વાપરતો હતો તે બાબેની શાબેતી ધરાવતાજ નથી.

સઘળી ચીજોની ઉત્પતિ વિષે તેના વિચારો હીપોક્રેતીસના મતને મલતા હતા. એ બંને ફીલસુફો એક સર્વોપરી શક્તિ વિષે એકમત હતા, ને તેટલા માટે મૂળ આતશ વિષેના તેઓના અનુમાનોમાં એક જડ શક્તિ જેવું લાગે છે એટલે ટુકાંમાં જે વળી લીએનતઝના ગતિશાસ્ત્રને મળતી આવે છે તેથી તેઓ હાલના ફીલસુફોના મત કરતાં વધારે અધુરાં છે એ બાબેનો હજુર નિર્ણય કરવાનો છે. જ્યારે બીજા હાથ ઉપર એ મૂળ આતશને લગતા આગળા જમાનાના આત્મીક અનુમાનો, હાલના જમાનાના વિદ્વાનોના એકલપેટાઇથી ભરપુર અનુમાનો કરતાં વધારે ફીલસુફી ભર્યાં અને વધારે સાચાં હતાં. એ ફીલસુફોના આતશ વિષેના વિચારો પાછલા વખતના આતશ જ્ઞાનાઓ, રોઝીક્રુસ્યનો, અને વધારે આગલા જમાનાના જરથોસ્તીઓને મળતા આવતા હતા. તેઓ ખાતરીથી જણાવતા હતા કે આતશની અંદરથી દુન્યાને પેદા

કરવામાં આવી હતી, જેનો ઈશ્વરી આત્માં તે એક સર્વે શક્તિમાન અને સઘળું જોનાર ખોદા હતો. જડ તત્વને લગતા સવાલ વિષે તેઓના મતોને ટેકો આપવાને (આજની) વિદ્યાએ મેરબાની બતાવી છે. આપણા વખતની તેમજ સઘળા જમાના અને મુલકોની જુની ફીલસુફીના મત પ્રમાણે આતશને ત્રેવડી શક્તિવાળો ધારવામાં આવે છે. જેવી રીતે પાણી દેખીતુ આકારનું જણાય છે, પણ અંદીઠ રીતે તેમાં "ગેસો" છુપાયલી હોય છે, અને તે સઘળા પાછળ કુદરતની આત્મીક શકિત છુપાયલી હોય છે, જેથી કરી તેઓની અંદર ગતિ પેદા કરનારી શકિત આવે છે; તેજ પ્રમાણે તેઓ આતશનેબી ગણવા લાગ્યા; એટલે (૧) લું આતશનું નજરે પડતું બળતું; (૨ જું) અંદીઠ અથવા શુક્ષ્મીક આતશ; જ્યારે આતશ મંદ હોય છે ત્યારે તે અંદીઠ હોય છે, પણ જ્યારે તે તેજવાળો બને છે ત્યારે ગરમી, રોશની, રસાયણીક શકિત, અને વિજળી તેમજ પરમાનુઓ વચેની આકૃષ્ણ શકિતઓ ઉતપંત કરે છે. (૩ જું) આત્મા.

દરેક મૂળ તતત્વને તેઓ આએજ કાયદો લાગુ પાડે છે. તતવોના મિશ્રણથી અને સંબંધથી જે દરેક ચીજ તેમાં માણસ સુધાનું પ્રગટીકરણ થયું હતું તે ત્રેવડું હતું એમ તેઓનું અનુમાન હતું. રોઝીક્રુસ્યનોના મત પ્રમાણે આતશ ખાકી પરમાનુઓ (રજકણો) નું મૂળ હતો એટલુંજ નહી પણ જે શકિતઓ અથવા તત્વોથી કરી તે રજકણોમાં હીલચાલ થતી હતી તેઓનુંબી મૂળ હતો. જ્યારે એક નજરે પડતું બળતું બુજાવી નાખવામાં આવે છે, ત્યારે તે જડવાદીઓની નજરમાંથી માત્ર ગેબજ થઇ ગયું નથી પણ તેઓના ધ્યાનમાથીબી તે હમેશનું ગુમ થઈ ગયું હોય છે. પણ એક હરમેતીક ફીલસુફ જેમ એક ખાકી શરીરથી છુટો થયલો આત્મા જે મીનોઇ બળતાની જીવદાર ચીંગારી છે તેને ઘોરની પેલીમેર બેહેસ્તમાં જતો જોઇ કહાડે છે, તેમ તે ખાકી બળતાંરૂપી આતશના નજરે પડતા દેખાવના પરદામાંથી પસાર થઇ પેલી તરફ અને બીજી બાજુએ તેના અંદીઠ રૂપ તરફ પોંહોચી વળે છે. (Isis Unveiled VII. P. P. 422-23)

મીનોઈ જ્ઞાનની નજરે પડતું આતશબેહેરામ—જરથોસ્તીઓનું આતશબેહેરામ એ જેનું વર્ણન નહી થઇ શકે એવા ખોદાની સાથે સંબંધ વેહવાર ચલાવવાને માટે જે સઘળા ધર્મની શાળાઓનો માણસજાતે પાયો રચ્યો છે તેઓમાનું એક સર્વેથી ઉમદા શાળાવાલું છે. તેમાં દાખલ થવાથી કરી બહારની રોશની (ખાકીજ્ઞાન) અને અંદરની રોશની (આત્મજ્ઞાન) બાએના પવિત્ર વિચારો અસંખ્ય પ્રમાણમાં આપણામાં દાખલ થાય છે. એ મકાણના સૌથી ભિત્તરના ભાગમાં સંગેમરમરના હીંધોળાપર એક રૂપાં અથવા પિતલના અફરગાન્યામાં પવિત્ર આતશને તખ્તનશીન કરવામાં આવ્યો હોય છે, જેને રાત અને દહાડો સુખડનો ખોરાક આપવામાં આવે છે, જે હમેશાં બહેસ્ત તરફ જવાની નિશાની બતાવીને જ્યાં એક (મીનોઈ) આતશ (ખોદા) નું રહેઠાણ છે, અને જ્યાં તે (ખોદાઈ આતશ) સૃષ્ટિનો વહેવાર ચાલુ રાખવાને માટે કાંઇબી નબળા પડી જતા ઝળકાટ વગર બળે છે, તે ભૂવનો તરફ બંદગી કરનારના આતમાનું ધ્યાન ઉંચે લઇ જાય છે. ચકચકીત છતકલા જે આતશની ધારમાંથી સઘળી બાજુઓએ આમતેમ ઉડે છે તેઓ જીંદગીનું મોટું બળતું જે ઇશ્વર છે તેમાંથી છુટા પડેલા મનુષ્યના આત્માના ચિન્હો બતાવે છે. જે ઓરડામાં આતશ બળતો રહે છે—જે આતશ જરથોસ્તીઓને મનસે પેદા કરનારનો ખરેખરો નમુનોજ, અશોઇની સંપૂર્ણ ટોચ, તેમજ અંધારાને દૂર કરનાર અને માણસની અંદરની હમેશની જીંદગીને ઉંચે દરજજે મૂકનાર છે—તે ઓરડાના ઉંબર ઉપર તે અંદીઠ ખોદાના નજરે પડતા ઝળકાટ, જે 'આત્ર અહુરેમજદાઓ' તરફ સર નમાવતા સંખ્યાબંધ પૂજારીઓ પોતાના માથાં મૂકે છે. આતશ જે ખોદાનો

છોકરો તે અહીઆં નીચે ખાકી દુનિયાંનો ખોદા છે, જે તેના બાપ અહુરમજદનો પ્રતિનીધિ, અનંત સુખનો ધણી, માણસોનું ભલું કરનાર અને સૃષ્ટીની રોશની તેમજ જીંદગી સમાન છે.

પણ જે કાંઈ સૌથી વધુ ધ્યાન ખેચનારૂં છે તે એ છે કે આતશ કે જેની આગળ આએ મીનોઇ જ્ઞાનની પડતીના વખતમાંબી તેની અંદર પોતાના ખોદા અહુરમજદનો અંસ જોવાને માટે સંખ્યાબંધ માણસો પોતાના અંતઃકરણના ઉભરા બહાર કહાડે છે તે આતશ પવિત્ર કરવાની ક્રિયા છે. બેકત્રિઅન ફીલસુફ (જરથોસ્ત) ની પૂઠે ચાલનારાઓનો મકમ વિશ્વાસ એ છે કે તે (જરથોસ્ત) બહેસ્ત બાબે અજવાળુ પાડનાર હતો; કે રોશની તેનો પેગામ હતો, અને કે સધળાઓને મોડે વહેલે રોશનીના છોકરાંઓ અથવા તેના વંશ વેલા થવાનું હતું; સધળા તતવોમાં આતશજ માત્ર એક એવું તતવ છે કે જે હમેશ આસમાન તરફ બતાવે છે, અને જે બહેસ્તમાંથી આતશ લાવ્યો હતો તેણે ખાકી દુનિયામાંથી નીતિ અને મીનોઇને લગતું અંધારૂ (અજ્ઞાનપણું) દૂર કીધું. જ્યારેબી એક નવું આતશબહેરામ બાંધવામાં આવે છે ત્યારે સધળી જગ્યાએથી, તેમજ કારીગરો અને સધળી વર્ણના માણસો પાસેથી આતશ એકઠો કરવા સારૂ મહીનાઓ આગમજથી તૈયારીઓ કરવામાં આવે છે. રાજાને ત્યાંના તેમજ એક ભિખક્ષુકને ત્યાંના ચુહુલાઓમાંથી, કડીઆ, લોહાર, કુંભાર, સુઠાર, સોની તેમજ સુદ્ર જાતોના ચુહુલાઓમાથી પણ આતશને એકઠો કરવામાં આવે છે. વળી ચકમકમાંથી ઉત્પન્ન કીધેલા આતશની વાત તો બાજુએ રહી. મુરદાની બળતી ચેહમાના તેમજ વિજળી પડવાથી જંગલની અંદર જે ઝાડો સળગી ઉઠે છે તે ઝાડોના આતશોને પણ ક્રિયામાં વાપડવામાં આવે છે. અશોઈ પાળવા માટેનો ઉપદેશ કરી ગયલા પેગમબર (જરથોસ્ત) ની પૂઠે ચાલનારાઓ જુદા જુદા મૂળમાંથી આતશ લાવી એકઠો કરીને તે તરફ માન બતાવીને તેની આરાધના કરે છે તે બાબેની નોંધ લેવામાં ધણી અજાયબી સાથે શિક્ષણ મળે છે. પણ આએ જાત જાતના આતશોનો ગુંઠાઇને એક ઝળકાટમંદ આખો આકાર બનવાથી જે શિક્ષણ મળે છે તે એ બાબે છે કે જગતની અંદર જોકે એક જીંદગી ધણા આકારોની અંદર છુપાઇ જાય તોપણ માત્ર એકજ જીંદગીનીજ આરાધના કરવાની છે. કે માણસ જાતના કુદરતી રીતે બનેલા સધળા વર્ગોમાંથી આતશના જે સંગ્રહો કરવામાં આવે છે, તે લાખો ભાણવાળી હાલતો જે સધળી એકજ મૂળમાંથી બહાર પડે છે, અને જેઓ તે મૂળને બરોબર મળતાં ઉતરે છે એવું કહેવાની તેમાં ધારણા રાખવામાં આવી હોય છે તેનો તે એક ચિન્હરૂપ છે એમ અહીંઆ આપણે ખુલાસો કરીએ તો તે કાંઇ ફોકટ ગયલો જણાશે નહી. હદની અંદર રહેલાં ભાણોને સધળાં એકંદર જાતિ–ભાણની અંદર ફેરવી નાખવાના છે, અને જે પ્રમાણે આતશબહેરામમા તેનું ચિન્હ અથવા કેબલો કરવામાં આવ્યો છે તેમ સધળા ભાણોને એકઠાં કરીને એ કામ પાર ઉતારવાનું છે. અપ્રગાનિયામાં જોડાઈ એક થયલા આતશો ખોદા જે સૃષ્ટીના ભાણના મધ્યબિંદુ સમાન છે તેનો ચિતાર રજુ કરે છે; અને બંદગી કરનારને જે કાંઈ માત્ર ચીજની આરાધના કરવા માટેની તાકીદ કરવામાં આવે છે તે એ કે તે હદ વગરના ભાણ સાથે એક થાય એવી મતલબ તેમાં સમાવવામાં આવી છે.

પૂર્વ તરફના ધર્મો તેઓના દેવળોમાં હરિત ભોગવે છે. ત્યાં એક જીવતા જાગતા ખોદાની નજદીકજ તે આરાધના કરનાર ઉભો છે એવી યાદ દેવડાવવાને માટે દરેક દેવળ બનાવવામાં ધારણા રાખવામાં આવી હતી.

પારસીઓનુ આતશ બહેરામ આય સાધારણ ધોરણથી કાંઈ જુદુ નથી.

"જેને કાન છે તેને સાંભળવા દો."–("જરથોસ્તી") જુઓ ચેરાગ ચોપાન્યામાં ધી થિયોસોફીસ્ત પરથી કીધેલો તરજુમો.

ખુરોરગ આતશ......નો પ્રતાપ (તથા) ખોરેહ જીઆદે થાઓ !.....................

(દાદાર હોરમજદને) ખુશાલ કરવાને માટે હોરમજદની તરફના બધી ચીજોને પાક કરનાર આતશની; હોરમજદની તરફના બધી ચીજોને પાક કરનાર અએ આતશ! તારી, હોરમજદની તરફના બધી ચીજોને પાક કરનાર (આદર ફરોહબા નામના) આતશની,........ ......હોરમજદની તરફના બધી ચીજોને પાક કરનાર (આદર ગુશસ્પ નામના) આતશની,...... ....હોરમજદની તરફના બધી ચીજોને પાક કરનાર (આદર બુરજીન નામના) આતશની.................હોરમજદની તરફના (બધી ચીજોને) પાક કરનાર આતશની, અએ વૃધ્ધિ કરનાર, (દેવોની સાંભે) લડનાર, પુર ખોરેહવાળા, પુર તંદરોસ્તી આપનાર આદર ઇજદ! હોરમજદની તરફના (બધી ચીજોને) પાક કરનાર આતશની—તેની સાથે તમામ આતશોની, ...(એ બધાઓની) આરાધના કરવાને, (તેઓની) ખુબીઓ ગાવાને, (તેઓને) ખુસ્નુદ કરવાને તથા તેઓની વખાણ કરવાને જોતી મારી આગળ વથા અહુ વઇરયો (ના કલામોની ખુબીઓ) જાહેર કરે.

(૧) હોરમજદની તરફના (સઘળી ચીજોને) અએ પાક કરનાર આતશ! તારી ઇજશ્નેને, આરાધનાને, સારી ભેટને, તંદરોસ્તી આપનારી ભેટને તથા દોસ્તી ભરેલી ભેટને હું વખાણું છું. (ઓ આતશ!) તું ઇજવા લાયક (તથા) આરાધનાને લાયક છે; માણસોના ઘેરોમાં (તું) ઇજવા લાયક (તથા) આરાધનાને લાયક થજે! જે માણસ હાતમાં એસમ લઇને, હાતમાં બરસમ લઇને, હાતમાં જીવામ લઈને, તથા હાથમાં હાવનીમ લઈને તુંને હમેશ ઈજે, તે માણસને મ્હોટાઇ (અથવા સુખાકારી) હોજો!

(૨) (હોરમજદની તરફના સઘળી ચીજોને અએ પાક કરનાર આતશ!) એસમમાં (તું) લાયક થજે, બોઓમાં (તું) લાયક થજે, ખોરાકમાં (તું) લાયક થજે (તથા) લાકડાંના ગાંઠમાં (તું) લાયક થજે, હોરમજદની તરફના (સઘળી ચીજોને) અએ પાક કરનાર આતશ! ખોરાકમાં લાંબો વખત સુધી ભરેલો તું થજે, ખોરાકમાં લાંબો વખત સુધી ભલો તું થજે.

(૩) (અએ આતશ!) લાંબો વખત સુધી, શૂર આપનાર રસ્તાખેજ (ના વખત) સુધી, તથા હિમ્મત આપનાર ભલા કેઆમત (ના વખત) સુધી આએ ઘેરમાં (તું) બલતામાં થજે, (ઇઆને બલતો રહેજે), આએ ઘેરમાં (તું) હમેશાં બલતો રહેજે, આએ ઘેરમાં (તું) ચલકાતમાં રહેજે (તથા) આએ ઘેરમાં (તું) વધારામાં રહેજે.

(૪) (ભણનાર શખ્સ બોલે છે) હોરમજદની તરફના સઘળી ચીજોને અએ પાક કરનાર આતશ! મને (નીચે જણાવેલી ચીજો) તું આપ.

(જલદીથી અથવા વગર ઢીલ કરવે) આસાની, જલદીથી પોષણ, જલદીથી (લાંબી) જીંદગી, પુરતું સુખ, પુરતું પોષણ, પુરતી જીંદગી, મ્હોટાઇ, ડહાપણ, તેજ જબાન, તથા (મારા) રવાનને માટે હુશીઆરી (તથા) અક્કલ, જે (અક્કલ) (તે મલ્યા) પછી પ્રમાણમાં વધતી (થાએ) અને ઘટનારી નહી (થાએ) (અને) ત્યાર પછી મરદાંનગીનું કૌવત (એ બધું, ઓ આતશ! તું મને આપ)

(૫) ખડે પગે ઉભું રહેવાની શક્તિ, દાહાડો તથા રાત મલીને એક તૃતિયાંશ ભાગ ઉંઘ, પોતાના કામ ઉપર ઉસ્તેવારી, ખબરદારી, (તથા) ફરજંદ (જે) પોષણ કરનાર, જાતી અક્કલવાળું, કેશ્વરની ઉપર રાજ ચલાવનારૂં, અનજુમનમાં બેસનારૂં, ઉઘરતું, સારી ઇજતવાળુ, સંકટમાંથી છુટકારો આપનાર, પેહેલવાનના જેવું જોરમંદ (એવું ફરજંદ, અએ હોરમજદના આતશ! તુ મને આપ); જે (ફરજંદ) (મારાં) ઘરને (મારા) ખાનદાનને, મારા કસબાને, (મારા) દેશને તથા (મારા) દેશના ધરમને આબાદ કરે.

(૬) હોરમજદની તરફના (સઘળી ચીજોને) અએ પાક કરનાર આતશ ! (તે ચીજ) મને તું આપ કે જે મારે માટે હમણા તથા હમેશ સુધી (ઇઆને મારી જીંદગીના છેડા સુધી) અશો લોકોની રોશણીવાળી (તથા) તમામ આસાનીવાળી સઉથી સરસ દુનિયાં (એટલે બેહેસ્ત) વિષે શિખવનાર હોએ. (અને તે બેહેસ્ત) ભલા બદલામાં, ભલી બંદગી (ના અવેજ) માં તથા (મારા) રવાનને માટે લાંબા વખતની પવિત્રાઇના (અવેજ) માં હું મેળવું.

(૭) અએ સપેતમાન (જરથોસ્ત)! જેઓને માટે તે (આતશ) રાતનું તથા બપોરનું (ખાનું) પકાવે છે (તે) બધાઓને માટે (તે) હોરમજદનો આતશ શિખામણ લઇ જાએ છે (ઇઆને તેઓને સારી સમજ આપે છે), (તથા) (તે) બધાઓ પાસેથી સારી ભેટ તથા તંદરોસ્તી આપનારી ભેટ તથા દોસ્તી ભરેલી ભેટ ઇચ્છે છે.

(૮) ....વૃદ્ધિ કરનાર, જોરાવર. રોશણ (અથવા હયાતીવાળા) (તથા) (દેવોની સાંભે) લડનારા આતશને હમો વખાણીએ છિયે.

(૯) પણ અગર જો કોઇ શખ્સ તે (આતશ) ને માટે એસમ, અથવા અશોઇથી કાપેલી બરસમ, અથવા અશોઇથી પાંથરેલું હધાનએપત (નામનુ ખુશબોદાર) બોરવર લઈ જાય છે તો, તે હોરમજદનો આતશ (જે) ખુસ્નુદ થએલો, આદરમાન પામેલો તથા તૃપ્ત થએલો (તે), તે ભેટ આપનાર શખ્સ) ને (નીચે મુજબ) દુઆ દે છે.

(૧૦) તારે ત્યાંહાં (ઈઆને તારા કબીલામાં) ગાએ ઢોરનું ટોલું જીઆદે થજો ! (તારે ત્યાંહા) માણસોનો વધારો થજો ! તુંને કામ કરતું મન (થજો)! તારી જીંદગી કામ કરતી થજો ! જેટલી રાત તું જીવતો રહે તેટલી (રાત) ખુશાલી ભરેલી જીંદગીના જીવ સાથે તું (તારી) જીંદગી ગુજારજે !

હોરમજદની તરફના (બધી ચીજોને) પાક કરનાર આતશ ઈત્યાદિની આરાધણા, કીર્તિ તથા કૌવતને હું વખાણું છું.

ઓ હોરમજદ ! હમો તારા જોરાવર, સઉથી તેજીવાળા, હિમ્મત આપનારા, હમેશાં ખુશી કરનાર જાહેર રીતે મદદ કરનારા, આતશને અષ (ઈઆને અરદી બેહેસ્ત અમશાસ્પંદ) ની મારફતે ઈચ્છીએ છિયે. ઓ હોરમજદ ! (આતશ) (પોતાના) કૌવતે કરીને દ્વેષ રાખનાર (તથા) કીનો રાખનાર માણસને મજબુત પકડનારો (છે).—આતશ નીઆએશ (એરવદ કાવશજી એદલજી કાંગાના ખોરદેહ અવસ્તાના તરજુમાં ઉપરથી) (જુઓ એજ મુજબ ઇજશનેના હા ૬૨ મો) (જુઓ વંદીદાદની પરગરદ ૧૮ મી.)

(૧) (ભણનાર કહે છે) આએ આતશની મરફતે, અએ સઉથી વૃદ્ધિ કરનાર મીનો હોરમજદ ! સઉથી પેહેલ્લા (હમો) તુંને પોંહોંચીએ છિયે. જેને ગલીચી (લાગેલી હોય છે) (તે) ગલીચીને તે (ઈઆને આતશ) લઇ લે છે.

(૨) તે માણસ પોતે આએ શક્તિથી (ઇઆને આતશની મારફતે હોરમજદને પોંહોં-ચ્યાથી) ઘણોજ ખુશાલ (છે). અએ હોરમજદના આતશ ! ઘણીજ ખુશાલીવાળાની ખુશાલીથી (તથા) ઘણીજ નામાંકિતની બંદગીથી તું (હમુને) પોહોચ; કામોમાના સઉથી મ્હોટાં (કામ) ને માટે તું (હમુને) પોંહોચ.

(૩) અએ આતશ ! હોરમજદની (તું) એક નિશાન છે, (અએ આતશ !) (તું) તે મીનોની (ઇઆને દાદાર હોરમજદની) સઉથી વૃદ્ધિ કરનાર નિશાન છે. અએ હોરમજદના આતશ ! નામોમાંનું તારૂં (એક નામ) વાજિસ્ત (છે). તે (નામ) ની મારફતે તુંને, અએ હોરમજદ ! હમો પોહોંચીએ.—મ્હોટી હપ્તન યસ્ત (એ. કાંગાના તરજુમાપરથી).

અવસ્તા અને વેદોમાં જણાવેલા આતશો વિષે એકસરખી મળતી બાબદો:—

(૧) જેમ અવસ્તામાં આતશને 'આતર' કરી કહયો છે તેમ મી૦ કુન્ત નામના વિદ્વાનના જણાવવા પ્રમાણે વેદમાં તેને 'હુતાસ' કરી કહયો છે.

(૨) જેમ અવસ્તામાં આતશની સંભાળ કરનારાને 'આથ્રવન' કરી કહયો છે તેમ વેદમાં પણ 'અથ્રવન' કરી કહયો છે.

(૩) હવે ઋગવેદના આઠમાં મંડલની શરૂઆતમાનું પહેલું મંત્ર અગ્નિ (આતશ) ની સ્તુતિમાં જોડેલું છે અને તેમાં તેને આ સૃષ્ટિવાસી દેવતા ગણ્યો છે. વળી એજ વેદમાં બીજીગમ તેને 'પ્રીતીપુરવક વાહલા યજમાન' તરીકે ગણ્યો છે. વળી એને 'ઈશ્વરી શક્તિના પ્રદરશકરૂપ' તરીકે કહ્યો છે. અને એનેથી ઉતરતો દરજ્જો ઇંદ્રનો ગણ્યો છે. વળી એજ વેદનું પેહેલું સુક્ત (યાને પવિત્ર મંત્ર) જે અગ્નિ વિષેનું છે તેમાં આતશ વિષે એમ જણાવે છે કે:—"જેમ એક પીતા પોતાના પુત્ર ઉપર કૃપા રાખે છે તેમ તું અમારી ઉપર રાખજે."

વળી એજ વેદના બીજા મંડલના પેહેલાં મંત્રમાં અગ્નિ વિષે એમ જણાવે છે કે:—તેને સર્વ જગતનો પતિ, મનુષ્ય માત્રનો ધણી, ડાહયો રાજા અને મનુષ્યનો પીતા, પુત્ર અને મિત્ર કરી કહયો છે, એટલુંજ નહી પણ બીજા સઘળા દેવતાઓની શક્તિ અને સત્તા સ્પષ્ટ રીતે અગ્નિને લાગુ પાડવામાં આવી છે. વલી એજ ઋગવેદમાં અગ્નિને (આતશને) સઘલા યજ્ઞોના ગુરૂ તરીકે સ્વીકારેલો છે. તેમા એમ જણાવે છે કે:—"અગ્નિ કે જે ઘણોજ પુરાતન, કુંટુંબનો ગુરૂ, યજ્ઞનો ખાવીંદ, મુખ્ય ધર્મગુરૂ યાને હોતારી (જોતી) રોશનીનું મુલ તેને હું આરાધું છું."

"એજ ઋગવેદમાં અગ્નિ વિષે એમ જણાવે છે કે "અગ્નિથી દ્રવ્ય (રયિમ) (અથવા ગણયાન) મેલવી શકાય છે કે જે દીનપર દીન વધતુંજ જાય છે, અને જશ આપવા લાયક અને વીરોથી ભરપુર છે."

અથર્વ વેદમાં એકગમ અગ્નિ વિષે એમ જણાવે છે કે તે પૃથ્વીનો દીકરો છે, જેમાં તેને વાછરડા તરીકે અને તેની માતાને ગાયના નામો આપેલાં છે.

અગ્નિ વિષે 'શપ્તથ બ્રહ્મ' વાલા ગ્રંથમાં એમ જણાવે છે કે "અગ્નિને પ્રજાપતી (પરમેશ્વર) દેવતાએ પેદા કર્યો છે."

'ધર્મ સહિતા' ના ૫૫ ના પ્રકરણમાં અગ્નિ વિષે જણાવે છે કે:—

"આ પૃથ્વી ઉપર સૌથી મોટો દેવતા અગ્નિ છે.

હીંદુઓના 'સામવેદ' માં અગ્નિ વિષે એમ જણાવે છે કે:—અગ્નિની બીજી રોશની સુર્યમાં વસે છે. બીજીગમ એમ જણાવે છે કે અગ્નિ સુર્યની માફક બે તેજ રાખે છે, એક સફેદ અને બીજી રાતી.

હિંદુઓના 'ગીતા' માં અગ્નિ વિષે એમ જણાવે છે કે:—કૃષ્ણ અરજુનને એવી ખબર આપે છે કે ઇશ્વરનું સ્થળ અગ્નિ ચેહમાં છે.—જુવો "પારસીઓ અને હિંદુઓનું મળ".

મેરી હોવીથ નામે એક ઈંગ્રેજ બાનુ ગ્રંથકાર 'આતશની મિત્રાચારી' એવાં મથાલાં હેઠલ નિચલું અસરકારક લખાણ કરે છે:—

"આતશ તમારો એક ખરો ગોથી-સોબતી છે, તે તમોને સુખ આપનારો સોબતી છે, જે હમેશાં તમારી સનમુખ હસ્તે ચેહરે આવે છે, અને એક ગરીબમાં ગરીબ માણસની ઝુપડીને પોતાની હાજરીથી એક મેહેલ જેવી આનંદકારક કરે છે. તમોને ટાઢ વાય છે? અરે ફીકર નહી તે તમોને હવડાં ગરમી આપશે. તમોને ઠાક ચહડી છે? અરે હવડાં તમારી ઠાક ઉતારી મુકશે. તમોને ભુખ લાગી છે? હવડાં તમારે માટે તે ખોરાક પકાવશે. તમોને પરાયા મુલકમાં અંજાનું લાગે છે? બચપણથી જાણીતા થયલા વિચારો તમારી સનમુખ ધરી તમોને સોહોવાઈ જાએ

તેવું કરશે. તમો ગરીબ છેઓ? તેની શી ફીકર. આતશને મનથી એક ગરીબમાં ગરીબ ફકીર અને તવંગરમાં તવંગર શાહનશાહ બેઉ એકસરખા છે. માણસ તરીકે કહેવાતો તમારો કોઇ એવો દોસત છે, જે તમોને એટલો બધો કામ લાગે"?—પુરાતમ આતશખાના.

ચેરાગની સ્તુતી વિષે એક અંગ્રેજી કવિતાનો તરજુમો—"નમસકાર તુને મારા છે. એ રોસની! એ નીરમલ! એ ઝળકાટ ભરેલા! એ પાકીજે કરેલા! સૌથી ઉત્તમ, એ ચેરાગ અથવા નુર તમામ જાતની દલગીરી તથા દર દેહેશત તથા અંધકાર તારેથી દફે થાય છે, અને ખરી સચાઇને જન્મ આપનારો માતા તથા ખરી ખુબસુરતીનો ચેહેરો દેખાડનારી આરસી તે તુજ છે, એ રોશની!"

શેહનશાહ ગુસ્તાસ્પનો નબીરો શેહનશાહ બેહમન (ઝરકઝીસ) જ્યારે ગ્રીસ ઉપર ચાર લાખ માણસોનું લશ્કર ૨૦૦) વહાણો ભરી લઈ ગયો હતો ત્યારે 'હેલેસપોન્ટ' નામના દર્યામાંથી પસાર થવાની ક્રિયા કરતી વેળાએ દસ્તુરોને આગેવાની આપી હતી. તે સઘળાઓને સફેત ઝભા પેહડાવ્યા હતા તેમજ તે ક્રિયા બળતા આતશ સનમુખ પુર દમામથી થઇ હતી તે વિષેનું મી૦ ગ્લોવર નામનો એક ઇંગ્રેજ કવી જે બ્યાન કરી ગયો છે તે નિચે મુજબ છેઃ—

"સૌથી સફેદમાં સફેદ રંગના ઝભા અથવા જામાનો સફાઇદાર પોશાક પેહડીને પારસીઓના દસ્તુરો અને મોબેદો એક તંબુની આસપાસ હારબંધ ઉભા રહ્યા હતા. તેઓની નજદીકમાં રોશન આતશ બળતો હતો, અને તે પાક આતશની સનમુખ તે સઘળાઓએ ઉભા રહીને ખુશ અવાજથી તે પરવરદેગારની સ્તુતિ કરી હતી. એ સ્તુતિ અથવા બંદગીના કલામ અથવા ગીત હજરત જરથોસ્તના જોડેલાં હતાં, કે જે જરથોસ્તે ઇરાન દેશનાં પહાડપરની ફુલ ફળોથી ભરેલી તથા વહેતાં પાણીના ઝરાઓથી આબાદ થયલી અને તરો તાજગી ભરેલા ગુંફામાં રહીને તે ગીતો અથવા કલામો તઇઆર કર્યા હતા. તે કલામો પેલા પરેહજગાર મોબેદો એમ ભણુતા હતા કે—"એ દાદાર હોરમજદ! હમોને તું ફતેહ બખશ. તારીજ મેહરબાનીથી ઇરાનનાં શેહનશાહનું તાજ કીર્તિ ભરેલું રહ્યું છે. અને આ મોટો 'બેહમન' પાદશાહ તારી મદદનો ઇનતેજાર અથવા ખાહેશમંદ છે. નાપેકાર એહેરમને, એ પાદશાહનું બુરૂ ઈચ્છીને આએ 'હેલેસપાન્ટ' નામના દર્યાને જોશ ભરેલો અથવા તોફાની કીધો હતો. તે ઉછળતા દર્યાની છાટી ઉપર તમામ જેહાનપર હોકમવરી ચલાવનાર આએ 'બેહમન' પાદશાહને સવાર કરીને, આજ દીને તેણે કબુલ કીધેલી તેની કીર્તિ તું ભોગવવા દે. એટલે આએ ગ્રીસ અથવા યુનાનનો મુલક બીહી-ધ્રુજીને, તેની આગળ નમનતાઇથી પોતાનું સર નીચું કરશે,—અને જેમ તું જેવા બલવંત ખોદાની આગલ બુરો એહેરેમન સેવટે આજેજ થઇને નીચે પડશે, અને તમામ જાતની બદી નાબુદ થશે, તેજ મીશાલે આએ યુનાનીઓ, ઇરાનનાં પાદશાહ આગલ લાચાર થઈ પડવાથી તમામ જાતનો ફેસાદ અને બરકરારીનો અંત આવશે."—"પુરાતમ આતશખાના."

આતશની બુલંદી વીશે ઘણી અલંકારીક ભાશામાં જાંણીતી મીશ બીશંતે એક ભાશાણ કરેલું તેમાંનો થોડોક ભાગ નીચે મુજબ છે:—

"ઈથર" ની ખાશિયત શું છે અને તે કેવી રીતે ક્રિયા ચલાવે છે, તે બાબે થોડી ઘણી શોધ ખોળ ચાલી છે, તે ઇથર જેને આપણે આકાશ કહીએ છીએ તેનું સૌથી હલકું રૂપ છે. કારણકે આકાશ મુળ વસ્તુ છે, તેમાં ઇથર એ આપણા પોતાના સૂર્ય મંડળ સાથે સંબંધ રાખતા આકાશના વધારે હલકી જાતના રૂપોમાનું એક છે.

'આકાશ'માં હવાની ક્રિયા થવી તે 'મહા પ્રાણ' સમાન છે, અને એને લીધેજ કાંઇ ચીજ અડકવાથી જ્ઞાન થવાની સ્પર્શ લાગણી ઉત્પન્ન થાય છે. અવાજ થવાથી સાંભળવાની ઇદ્રિય સાથે સંબંધ થાય છે; જ્યારે "મહા પ્રાણ" તરીકે વાયુના સંબંધથી લાગણી થવાનો સંબંધ થાય છે. ઈથરની અંદર થતી આવી ધ્રુજરીઓ, એ હાલની વિદ્યા પ્રમાણે સમજાવવામાં આવે છે. તેમ ગતિના રૂપો છે અને એક ચોકસ જણને ગતિના રૂપો અડકવાથી તેને શા આકારમાં ગણવું તે નકી થાય છે; અવાજ એક જાતનું

ગતિનું રૂપ છે, જેની અંદર હવા મુખ્ય ભાગ બજાવે છે; રોશની એક બીજી જાતનું ગતિનુ રૂપ છે જે સ્વચ્છ ઇથર વાયુ છે એમ કહેવામાં આવે છે, હમણા હમણા વીજળીને વળી બીજી જાતનું ગતિ રૂપ તરીકે માનવામાં આવે છે. વળી ગરમી જુદુજ ગતિરૂપ છે, અને એ વિગેરે બીજાં રૂપો છે. પુર્વ તરફનું જ્ઞાન હમેશાં "એકત્રતા" નો અર્થ સમજાવવા માટેનું લક્ષણ ધરાવવાની ખાશિયતવાળું માલમ પડયું છે, તેજ પ્રમાણેનું 'એક તાત્વ' પશ્ચિમ તરફની વિદ્યામાં આસ્તે આસ્તે દેખાતું ચાલ્યું છે. એટલા માટે દેખઈતી રીતે દરેક ચીજ એક એકથી ઉલટી જણાય છે, તે અંતરજ્ઞાનની રીતે તપાસતાં એકજ રૂપ ધારણ કરે છે, તેથી રોશનીની બાબેનું બયાન કરતાં મુળ ગતિના અંતરજ્ઞાનમાના બીજાં રૂપનું માત્ર બયાન કરીએ છીએ. અને જે એક રૂપે જો અવાજ જણાય છે, તો બીજે રૂપે જોતાં રોશની જણાય છે. જેમ આપણને માલમ પડશે તેમ તે મુળબીજ કલ્પનાઓને એક વખતે અવાજ તરીકે ને બીજી વખતે રોશની તરીકે જાહેર કરવામાં આવે છે. જેમ હું તમોને દેખાડીશ તેમ કેટલાક છેલામાં છેલા અખતરાઓ પશ્ચિમ તરફના દેશોમાં ચલાવવામાં આવ્યા છે, તેમાં અવાજ અને રંગો દેખઇ જતી રીતે એકમેકમાં બદલી શકાય છે એમ સાબિત કરવામાં આવ્યું છે, તે પ્રમાણે સૃષ્ટિમાં દરેક ઠેકાણે અવાજ અને રંગ એકમેકમાં બદલી શકાય એમ છે, તેથી તેઓ "એક તાત્વ" છે એમ ધારવું અનુસરતું છે. આજે સહવારે જે બાબત ઉપર આપણા વિચાર રોકાયલા રહેશે તે બાબત 'ધુજરી' જે આપણને રોશની રૂપે જણાયલી છે, તે રોશની જે કાંઇ આપણાથી નહી કલ્પી શકાય એવું છે; તે શબ્દનો બીજો બોલ રોશની તરીકે સઘળા અસલ ગ્રંથોમાં હોવો જોઇએ. જે બોલ પ્રગટ કહી શકાય તે વિશે આપણે જણાવી ગયા—જો હું ફરીથી એ વાપરૂં તો—તે પરબ્રહ્મ અથવા બ્રહ્માથી પેલીમેરના વિવેચન કરનારાં વાકયથી જણાવાય. 'અંધારૂ' એ બોલ ધર્મ પુસ્તકોમાં "મુળ વિચાર" સમજાવવાને અર્થે વપરાયલો છે—એ અંધારામાં "અનંતા" તેમજ સંપુર્ણતા સમાયલી છે, જે કાંઇ દર્શાવી શકાતું નથી, કારણકે તે આપણાથી દર્શાવી શકાય એવી ચીજોની હદની બહાર છે; જેનાથી કાંઇ વિચાર ઉત્પન્ન થતો નથી, કારણકે વિચાર એ અમુક હદ બતાવે છે અને જે વિચારી શકાતું નથી, અને જે વિચારી શકાય છે; તે બે વચ્ચેનું જુદાપણું બતાવે છે; પણ આમાં જ્યાં વિચારજ નથી તેમાં જુદાપણા જેવું કાંઇ નથી; તેમાં વિચાર જેવું નથી. કારણકે વિચાર એટલે જુદાઈ થયલી માલમ પડે છે; અને એટલા માટે અંધારૂ જેમાં પ્રગટ થયલો અથવા છુપો એ બેમાનો કોઇ નથી તે સૌથી સરસ (પરમાત્માનું) ચિન્હ છે;—તે અંધારૂ પુર્ણ, હમેશનું, અને સમજણ ન પડે તેવું છે; રોશની ઉપરાંત દરેક ચીજ જે આદમીઓની ભાષામાં દર્શાવી શકાય તેના દરેક પ્રગટ રૂપોના પડદા પાછળ તે અદ્રશ્ય રૂપે (અંદીઠ) હોય છે. અને અંધારામાથી પ્રગટરૂપે પહેલી (ચીજ) બહાર પડી છે, તે રોશની છે. પણ રોશની કાંઈ પણ આકાર વગરની હતી. તે પ્રગટ થવાથી ખરેખર દેખાઇ શકતી હતી, તોપણ તેને રંગરૂપ જેવું ન હતું. કારણકે આકાર એ પેહલી રોશની કરતાં કાંઇ વધારે દેખાડતું હતું; આકાશને કાંઇ પણ આકાર નથી. એજ કારણને લીધે "બ્રહ્મા" ને 'ચળકતો નિરાકાર' તરીકે વર્ણવવામાં આવ્યો છે. તે રોશની કેવળ "આભાશ" (ખ્યાલી) છે; જે આભાશ વિષે બોલતાં તેને માટે ખચીતજ કલ્પના શક્તિનો ઉપયોગ કરવો જોઇએ છે; કારણકે જેનો આપણે વિચાર કરીએ છીએ તે હમેશાં રોશની આપતી ચીજ હોય એવું આપણને લાગે છે; જયારે અહીઆં એક જડ પદાર્થ અથવા ચીજ જેવાં રૂપનો વિચાર તમારે લાવવો ન જોઇએ. તેની અંદર વળી કાંઇ આકાર જેવું છે એમ પણ વિચારો. તમો એવું વિચારો કે કાંઇ પણ ચીજ જેની હદ બાંધી શકાય તે ચીજથી તદન નિરાળી અને તેટલા માટે આકાર વિનાની ઝળકાટમંદ રોશની જે વિશે "મનદોકય ઉપનીષદ" માં કહ્યું છે તેનો વિચાર મનમાં લાવવો.

તે ત્યારે પહેલો વિચાર અંધારા તરીકે લેખાશે; અને તેમાંથી જે ઉત્પન્ન થશે તે રોશની. અને અજાએબ જેવું તો એ છે જે, વિદ્યા પણ આવી રીતોની કલ્પનાની બાબતોમાં કાંઈ કહેવાને સામર્થવાન છે; કારણકે તે માહ બળવાન શ્વાસ અથવા જેને વધારે સારી રીતે બોલીએ તો "માહ પ્રાણ" સાથે આપણી ગતિની ભાવનાને સંબંધ હોય છે, તે ભાવના ધ્યાનમાં લેતાં માણુસ જાતના અંતરભાણુની સમજણથી જોતાં અંધારૂ ગતિની સાથે બંધ બેસ્તું થઈ પડે છે. રોશની ખરેખર ગતિનું એક રૂપ છે, પણ તેથી પેદા થતી ધ્રુજરી જે અતિશય ઝડપવાળી અથવા અતીશય ધીમી ચાલની હોય છે તો તેથી કરી રોશની પાડી શકાતી નથી, અને તેના પરીણામ તરીકે આપણુને અંધારૂ જણાય છે.—જે સૌથી વધુ જરૂરની સાહદત છે. જો થોડી પળ સુધી તમો એવો ખ્યાલ કરો કે તમો ધ્રુજરીઓને એટલી તો ઝડપવાળી જુઓ છો કે આંખની ઇંદ્રિય વડે તેનો અર્થ સમજી શકાતો નથી તો તે અતિશય ઝડપવાળી ધ્રુજરીઓને લીધે અંધારૂ જણાય છે, એમ તમારા અંતર ધ્યાનમાંથી જવાબ મળશે. ખરેખર જેટલે દરજજે હાલ "અંતરભાણુ" માણુસ જાત ધરાવે છે તે જોતાં તે ભાણુની હદની બહાર (એ ઝડપી ધ્રુજરી) હયાત હોય એ બનવા જોગ છે—અને એ પ્રમાણે અસંખ્ય જાતની બનવા જોગ હસ્તીઓ ન હોય એમ આપણાથી કહી શકાતું નથી—તે વીષેની હદ બહારની હૈયાતીનું ભાણુ આપણી ઇંદ્રિયોને લાગે છે. આ પ્રમાણે વિદ્યા આપણુને કહે છે કે જે અતિશય ઝડપવાળી ધ્રુજરીઓનો ખ્યાલ કરવાને આપણી આંખો ઉપયોગમાં આવતી નથી તે ધ્રુજરીઓ આપણા અંતર ભાણુને અંધારાનો ખ્યાલ આપશે; અને જ્યારે એ ધ્રુજરીઓની ઝડપ ઓછી થશે ત્યારેજ રોશની જણાશે. હવે એ વિદ્દવતા ભરેલાં અનુમાનને આવૃમીક ભાષામાં ફેરવી નાંખો તો તમોને "સૃષ્ટિનું હૈયાતીમાં આવવું" બરોબર સમજાશે; કારણકે જે કલ્પનાની હદની બહાર છે તે દેખાવ દેવા માટે પોતાની ઝડપ ઓછી કરે છે, તેથી કરી તે ખુલ્લી જણાતી રોશની રૂપે જાહેર થાય છે. અને એવી રીતે આ પ્રગટ રૂપ સૃષ્ટિમાં તમોને માલમ પડશે. કેટલાંક બારીક હુન્નરમંદીના યંત્રો આપણી પાસે છે, જેની અંદર જે ચીજ જાતે રોશનીજ છે તેની મુદલ રોશની પડતી નથી—કારણકે તેની ધ્રુજરીઓ હદની બહાર ઝડપવાળી છે અને જો આપણે તે રોશની આપતી ચીજને જોવા માગતા હોઈએ તો ચોક્કશ ગોઠવણવાલાં ઓજારોમાં તે રોશની નાંખી તેની ધ્રુજરી ઓછી કરવાની આપણુને ગરજ જણાય છે. એ પ્રમાણે જ્યારે સૃષ્ટિ પ્રગટરૂપ ધારણ કરવાની હોય છે, ત્યારે તેમાથી પદાર્થો બહાર પડવાના હોય તે વખતે હદવિનાના અંધારારૂપી માહ સાગરની ઝડપ કમી થાય છે, અને તેની ધ્રુજરીઓની ચાલ આ પ્રમાણે કમી થવાથી આકાર વગરની રોશની પ્રગટ થાય છે. આ અસલી પુર્વ દેશની કલ્પનાના એક ઊંડાણ પ્રસારા તરીકે પશ્ચિમ તરફથી સમજાવવામાં આવેલાં અનુમાનો છે એમ આપણુને લાગે છે. અને પુર્વ દેશોની કીતાબોમાં પદાર્થોની શરૂઆત કેમ થઇ તે વિશેના અનુમાનની નજદીક ઓલાંટ ખાતો જતો પશ્ચિમ તરફના લોકોનો અખતરારૂપી વિચાર આપણુને માલમ પડે છે.

આ "તેજસ" જે રૂપ વગરનું છે. આ ઝળકાટ જે પોતાની મેળે પ્રગટ થતી ખરેખરી રોશની છે. આ નિર્મળ રોશનીમાંથી ગરમીની લાગણીના વિચારને બાતલ કરવા તેને કોઈ કોઈ વાર "ઠંડુ બળતું" કરી કહે છે—તેમાંથી બીજું રૂપ પ્રગટ થતું આપણુને માલમ પડે છે, જે બીજા 'લાગસ' (ખોદા) વીષે આપણે આગળ બોલી ગયા તે છે. અને ત્યાર પછી રોશની આતશનું રૂપ ધારણ કરે છે. અને હવે પછી તે રોશની તદનજ આકાર વગરની કે તદનજ ગરમી વગરની હોતી નથી. પણ જેમ જેમ રૂપો પ્રગટ થતાં જાય છે, તેમ તેમ રોશનીની ઝડપ પણ પડતી જાય છે, ને તેને બદલે ગરમી ઉત્પન્ન થાય છે. એ ઉપરથી તમોને આતશનું રૂપ હસ્તીમાં આવેલું જણાશે, અને ઠંડુ નિરાકાર બળતું આતશમાં બદલાઈ જશે, જે આતશ આ સૃષ્ટિ બંધારણમાં મુખ્ય ભાગ બજાવે છે. પણ આતશ બીજી ચીજની મદદ

વગર એકલો નજરે પડે નહી એમ છે. કારણકે જે રોશનીમાંથી તે ઉત્પન્ન થાય છે તેના કરવાં તે કાંઇ વધારે કરે છે એવું જણાય છે; વળી એવું સિધ્ધ કરાય છે જે બે ચીજોના ઘસારાથી ગરમી ઉત્પન્ન થાય છે. જ્યારે આગળ અવાજ વિશે બોલતાં બેવડાં રૂપનુ વર્ણન કીધું હતું તે પ્રમાણે એ આતશ પણ બેવડાં રૂપનો વૃધ્ધિ પામેલો વિચાર આગળ ધરે છે; તેથી જ્યારે આપણે આતશને જોઇએ છે ત્યારે તેનાથી થતી ક્રિયા વગર આપણને તેનો વિચાર આવી શકતો નથી. અને આતશનું પહેલું કામ તે પાણીને ઉત્પન્ન કરવાનું છે. તેથી કરી આ બીજા "લોગોસ" અથવા પ્રગટ રૂપમાં બે આકાર તરીકે આતશ અને પાણી એ બને ચીજો આપણી કલ્પનાની નજદીક આવી ઉભી રહે છે; આતશ જે મુળ ખાશીએતરૂપે આતમીક છે, જ્યારે પાણી ખાકી ચીજની મુળ ખાશીએતના ચિન્હ તરીકે હમેશાં વપરાય છે, અને જેવી રીતે અવાજના વિષયમાં પુરૂષ પ્રકૃતિ ને બીજા "લોગોસ" તરીકે કહ્યાં છે ને તેમાંથી અવાજ ઉત્પન્ન થવાનું અસંભવિતપણું આપણને જણાયું છે તે પ્રમાણે લોગોસની રોશની અને જેમાં તે ક્રિયા ચલાવે છે તેનો વિચાર આવે છે, તે ઉપરથી આતશ અને પાણીનો વિચાર ઉત્પન્ન થાય છે. કમળ ફુલ કે જે વિષ્ણુની નાભીમાંથી ઉગતું અને જે પાણીમાંથી જીંદગી ઉત્પન્ન થાય છે તેની તળે છુપાએલા તરીકેની નિશાનીવાળુ ચિન્હ આ બાબતને વિષે હમેશાં જણાય છે. કારણ વિષ્ણું જે પાણીની સપાટી ઉપર તરતો નથી પણ તેમાં છુપાએલો રહે છે, તે આવી રીતે પહેલો લોગસ છે. "લોતસ" અથવા કમળ ફુલ તેની નાભીમાંથી ઊંચે ઉગે છે તે બીજો લોગસ છે અને તે આતશ અને પાણીનું ચિન્હ છે. કારણકે કમળના પાંદડાં એક ચોકશ બાજુ સુધી ઉપર જાય છે, તે પ્રમાણે આતશના બળતાં ઊંચે જતાં તમોને જણાશે; અને તે પાંદડાં પાણીની સપાટી ઉપર તરસે અને કમળ ફુલને હમેશાં ઉત્પન્ન કરનારી શક્તિ ધરાવનાર આતશ જેના ભીત્તરમાંથી ગરમી જે હમેશાં તેમાં તેજીથી ઉત્પન્નં કરવાની શક્તિ તરીકે રહેલી છે તે ઉત્પન્ન થાય છે. તેટલાં માટે પહેલાં કમળ ફુલ મોહોર અથવા કળીના આકારમાં હોય છે તે પ્રમાણે ૩ જુ લોગોસ જે 'બ્રહ્મા' અથવા ચપળ ઉત્પન્ન કરનાર શક્તિ છે અને જેનો બીજો બોલ "મહત" અથવા આતશના ભીત્તરની પેદા કરનારી શક્તિવાળું હોશ છે; અને જ્યારે બળતું બહાર ફેલાય છે, ત્યારે જે બળતાં બીજ રૂપ પ્રગટ થાય છે, તે ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. જે પેહલાં લોગોસનું ઠંડા બળતાંના રૂપ જેવું નથી, પણ ત્રીજા લોગોસના ગરમી આપનારાં બળતાં જેવું છે, જે આતશ દરિયામાંથી સૃષ્ટિ રચના બાંધવા સારૂં અને સૃષ્ટિની હસ્તી સંભવિત કરવા સારૂ છે.

'મેદમ બ્લાવાટસ્કી' ના જણાવ્યા પ્રમાણે ઇથરનું સૌથી સ્વચ્છ રૂપ તે આતશ છે. ઇથરના તત્વ વિષે પહેલાં જણાવવું જોઈએ કે તે તત્વ આકાશ છે અને બે જાતના આતશ હસ્તી ભોગવે છે, અને ગુપ્ત વિદ્યામાં તે બંનેનો ભેદ સમજાવવામાં આવ્યો છે. પહેલો આતશ જે સૌથી પવિત્ર અને નિરાકાર અને અંદીઠ છે, તે સૃષ્ટિના મધ્યમા આવેલા આતમીક સૂર્યમાં રહે છે, અને આતમીક તત્વ વિદ્યાની રીતે બોલતાં ત્રેવડી ખાશિયત ધરાવનારૂં છે. વળી અહીઆં લોગોસની ત્રેવડી ખાશિયત જણાય છે, જેમાંથી આ આતશો રૂપ લઇ બહાર પડે છે, અને ત્યાર પછી જે આતશ સૃષ્ટિ તરીકે જાહેર થાય છે અને જે આપણા સૂર્ય મંડળમાં અને સૃષ્ટિ બંનેમાં સખ્ત રૂપ ધારણ કરે છે, તે આકાર લે છે. અને અહીંઆ રૂપ વગરનું બળતું છે—તે ઠંડુ બળતું અથવા રોશની છે—તે સિવાય આતશ અને ગરમી અથવા વૃધ્ધી કરનારૂં બળતું છે, એ સર્વે બીજરૂપે ત્રેવડાં ચિન્હ બતાવે છે તેજ મુળ વિચારનો એ બીજો આકાર છે. એ ઉપરથી આપણે હમેશાં શીખીએ છીએ કે લોગોસની રોશની જેમ "દૈવી પ્રકૃતિ" અથવા એક ચીજનું ઝળકાટમંદ પાસુ કહેવામાં આવે છે, તે ઉત્પન્ન કરનાર અને વૃધ્ધી કરનાર શક્તિ છે. આ ઉપરથી એવાં અનુમાનપર આવી શકાય કે (મુળ) શક્તિ વધારે હલકાં રૂપોમાં વિજળી, આકર્ષણ શક્તિ અને ગરમી રૂપ હોય છે, તે ઉપરાંત તેની ગતિનું રૂપ બીજી જાતનું

છે પણ તે ઉપરાંત 'મહા પ્રાણ' ની બીજી ક્રિયા પણ છે; અને તે શક્તિ તે થિઓસોફીકલ શાસ્ત્રમાં જણાવવામાં આવેલી "ફોહાત" રૂપે છે.—તેનો મી૦ સુબા રાવે બંધ બેસતો અર્થ 'લોગોસ' માંથી બહાર પડતી રોશની એવો કીધો છે; કારણકે તે શ્રમથી કામ કરનાર શક્તિ છે, તેણે ઉતપન્ન થઇ સૃષ્ટિનું બંધારણ કરવું છે; તે આતશ સાપની માફક છે, જે પેદા કરનાર શક્તિ છે. તમને માલમ તો હશે કે કેવી રીતે આગલ એ બાબે વર્ણન કર્યું હતું; અને મી૦ ક્રુકસની છેલ્લામાં છેલ્લી શોધમાનાં વિજળીના એક ચિન્હ તરીકે મેં કેવી રીતે ઇસારો કીધો હતો; અને હવાની અંદરની ઉશ્નુતા ઓછી થવાથી એક ગોળ પેચદાર આકાર ઉત્પન્ન થયલો બતાવ્યો હતો; અને અહીઆં આપણે 'ફોહાત' ને આતશી (સાધારણ) સાપ અને આતશી ઉઠતા સાપ તરીકે આકાશ ગંગામાં આતશ દમ વાટે બહાર કહાડતો અને એવી રીતે પ્રગટ રૂપોના આકારોને બાંધતો જોઈએ છે. જ્યાં જ્યાં આતશી સાપનું ચિન્હ તમો જુઓ ત્યાં ત્યાં તે પોતાના મોહડામાં પુછડી લઇ કુંડાળુ કરતો જણાએ છે, એવા ચિન્હથી એમ સમજો કે દુનિયા જે ઉત્પત્તિ ક્રિયાનું પરીણામ છે તેને એ શક્તિ ઉત્પન્ન કરે છે. તે પેચદાર આકૃતિમાંથી તમો પસાર થઇ ગયા છો. અને જે સાપની આકૃતિ પોતાની પુછડી લઈ પોતાનીજ આસપાસ ઘુમરી ખાય છે તે નિશાની સૃષ્ટિનું ઉત્પન્ન થવું બતાવે છે. તેણે ગોળાનો આકાર પકડયો છે, જે પ્રગટરૂપે સૃષ્ટિમાં સઘળે જોવામાં આવે છે. એ પ્રમાણે ફોહાત સાપના ઇંડાનુ રૂપ ધારણ કરે છે; ત્યાર પછી સૃષ્ટિમાં બનેલાં પાછલાં રૂપોમાંથી અને કમળની અંદર કરતાં કોઈ કોઇવાર તે ઇંડાની અંદર તમોને બ્રહ્મા જે પેદા કરનારી શકતિ જે શોનેરી ઇંડામાં રહે છે, ને જે ઇંડું કમળનું બીજું ચિન્હ છે, તે તે ઇંડામાં થોડો વખત રહ્યા પછી બહાર આવીને દુનિયાઓ પેદા કરે છે. એ ઉપરથી ફરીથી તમો પહાડોની આસપાસ વિંટળાતું સાપનુ ચિન્હ જોશો, જેને માટે "પુરાણો" માં તમો એવુ વાંચશો કે તેથી કરી જીંદગી અને અમરગપણુ તથા બીજી ચીજો ઉત્પન્ન થઈ હતી. એ પછી આતશને લગતી બીજી ઘણી રસીલી બાબત આપણને મળી આવે છે તે તરફ આપણે ધ્યાન દોડાવીએ.—તેમાં માણુસની તરફનું આતશનું સ્વરૂપ અને સૃષ્ટિમાં વૃધ્ધિ કરનારા આતશને માણુસની ભીત્તરના આતશ જે તેની જીંદગીનું મુળ છે તે સાથે શું સંબંધ છે, તે જોઇએ. "મનદાકય ઉપનીષદ" લો. તેમાં તમને જણાશે કે "જેવી રીતે એક ભભુકદાર બળતા આતશમાંથી એક હજાર રીતની ચીંગારી નિકળે તેવીજ રીતે અરે મારા વહાલા, એક અમર્ગ જીવમાંથી જુદી જુદી જાતના જીવાત્માઓ ઉતપન્ન થાય છે." આ શ્લોકનો ખરો અર્થ શું છે? આતશ જે સૃષ્ટિના મધ્યબીંદુ તરીકે આગળનો જણાયલો છે, તે ભભુકદાર આતશનાં બળતાં ચોકશ હદ સુધી પહોંચે છે કે તેમાંથી ચીંગારીઓ આસપાસ ઉડે છે. "જળવું" એ બળતાનો એક તબકકો બતાવે છે, કારણ કે જે તબક્કામાં આતશ ભડકો લઇ સળગી ઉઠે છે તે તબક્કામાં આપણને બળતું નજર આવે છે, અને તે તબકકો લોગોસમાંના ત્રીજા લોગોસના લક્ષણો છે. પણ વળી ત્રીજો લોગસ "મહત" એટલે ખુદ તેની ખાસીઅતજ "હોશ" છે. એવી રીતે આપણે સારાંશપર આવીએ છીએ કે સૃષ્ટિના દરેકે દરેક રજકણોમાં માલમ પડતી ચીંગારીઓને 'હોશ' તરીકે 'બ્રહ્મા' માંથી આસપાસ ફેંકવામાં આવે છે, તેથી કરી ઈશ્વરના જીવની ખાશીઅત જેમાં ન હોય એવી રીતની કોઇ પણ ચીજ સૃષ્ટિ બંધારણમાં આવતી નથી. જે ચીંગારી બહાર ફેંકવામાં આવી હોય છે, તે ચીંગારી કોઇ પણ રજકણોના આતમા તરીકે હોય છે—તમારે ધ્યાનમાં રાખવું જોઇએ કે તે આતમા માત્ર માણુસોનેજ હોતો નથી—એ આતમા માણુસોમાંજ નહી પણ સઘળાં પ્રાણીઓમાં અને રજકણોમાં સૌથી અંદરના અર્ક જેવો છે; તેમાં સર્વેથી બુલંદ પ્રગટ રૂપના સૌથી અંદરના અર્ક જેવો છે; કારણ કે સૃષ્ટિ સામટી રીતે લેતાં એકજ છે. અને બળતા આતશમાથી નિકળતી ચીંગારીઓ પ્રગટ રૂપોના મુળોમાં હાજર હોય છે તેથી કરી એક રેતીનો દાણો—

એટલું નહી પણ જે રજકણોથી કરી રેતીનો દાણો બનેલો છે તેને પણ અરૂપી આતમા હોય છે, અને આકાર તરીકે 'આકાશ' હોય છે, જે આકાશ જાણે કે આતમીક કીરણ બહાર નિકળી જતું અટકાવી બાંધી રાખે છે, જેને હદ બાંધી આપી પ્રગટરૂપ ધારણ કરે છે અને "એકતામાં" વહેંચી નાખવાનુ કારણ દાખલ કરે છે. જેમ જેમ આ ચીંગારીઓ બહાર ફેંકાય છે તેમ તેમ 'સીક્રેટ દોકત્રીન' માં જણાવ્યા પ્રમાણે એક આતશી વમળ અથવા વંટોળીઓ માલુમ પડે છે. અને તે વંટોળીઓ આકાશ બહારની બાજુએથી પસાર થતો એક આતશ અથવા એક જીંદગીનું તત્વ પોતાની સાથે હમેશાં ઘસડી લઇ જાય છે. અને જેવો તે વંટોળીઓ જોસબંધ ફુંકાવા માંડે છે, કે ચીંગારીઓ જે જુદી જુદી જાતની ખાશીઅતોની હોય છે, તે વધવા માંડે છે; તે ચીંગારીઓ કાંઇ મુળ તત્વરૂપે જુદી જુદી ખાશીઅતની હોતી નથી, પણ પ્રગટરૂપ થવામાં માત્ર જુદાઇ ધારણ કરે છે. અને ગુપ્ત વિદ્યાનો સર્વેથી ગુપ્ત ભેદ ભરમોમાનો અને સર્વેથી ઊંડાણ ભેદભરમોમાનો એક છુપાયલો ભેદ છે જે તરફ હું તમોને આસ્તે આસ્તે દોરવીશ. તમોએ જો ધર્મ પુસ્તકોના શબ્દાર્થ નિચે શું છે તે તપાસ્યું નહી હોય, અને ગુપ્ત અર્થથી તે પુસ્તકો સઘળાં એકમેક સાથે જોડાય છે તે માટે જુદા જુદા પ્રકરાની સરખામણી કરી શોધી કાઢયું ન હોય, તો તેવાઓ માટે આ સમજવું ઘણું મુશ્કેલ થઇ પડશે. જે ભેદભરમના ઊંડાણમાં હું તમોને ઉતારવા માગું છું, તે સરૂઆતથીજ તમોને જણાવી દેવાને હું રાજી નથી. કારણ કે મને એવી બીક છે કે તમોને તે આગળ લઈ જવામાં આવે તે આગમચ તે ઓચીંતાં જણાવી દેવાથી હું તમારા વિચારોને ગુચવણમાં નાખી દઇશ, જે ગુચવણ દુર કરવાને પછીથી ઘણું મુશ્કેલ થઇ પડશે. માટે જે કાંઇ હું બોલું તેની પછવાડે પછવાડે તમારે ચાલવું જોઇએ. આતશી વંટોળીઆમાથી ઉડી જતી ચીંગારીઓ માફકની એક ચીંગારી વિષે મનમાં વિચાર લાવો. ત્યાર પછી એવો વિચાર કરો કે તે ચીંગારીઓ આતમા છે, અને તે આતમાનુ કીરણ મેં હમણા કહ્યું તેમ આકાશની હદથી કપાઇ છુટુ થઇ ગયું છે, તેથી કરી જો કે મુળ પાય એકજ—આતમા છે અને તે એકતાપણામાં આપણો મોક્ષ અથવા તારણ સમાયલું છે—તે છતાં પ્રગટરૂપે તે જુદુ પડયું છે. જાણે કે જે મુળ તે મધ્યબીંદુ જેમાંથી સઘળાં ફુટતાં કીરણો એકજ હોય એમ જણાય છે; પણ તેને તુરતા તુરત પ્રગટરૂપની બીજી બાજુએથી રોશની તરીકે ધ્યાનમાં ન લેતાં, આકાશ જે રોશનીપર પડદો નાંખે છે તેનાપર ધ્યાન દોડાવવાથી અને તેની હદ બાંધવાથી દરેક કીરણ જુદું પડતું માલમ પડે છે, જ્યારે ખરેખર મુળરૂપે તો જુદાઇ જેવું કાંઇ નથી. એ પ્રમાણે અંતર ધ્યાનની રીતે જોતાં સૃષ્ટિ તો માત્ર એકજ ચીજની બની રહી છે. સૃષ્ટિ રાહે જોતાં તે જુદાં જુદાં રૂપોવાળી છે. કારણ કે તે સૃષ્ટિને આતમાનો મુળ પાયો ધ્યાન ધરીને જોવામાં આવી નથી. મધ્યમા આવેલા સુરજમાં તમો ઉભા રહીને તેમાથી ફુટતાં દરેક કીરણ તરફ જુઓ. તેથી કરી રોશનીથી ઉજાસ પામેલી જમીનોનો દેખાવ તમારા મધ્યમાં ઉભા રહેવાને લીધે એકજ રોશની હોય એમ લાગશે. તેજ માફક આખી સૃષ્ટિ વિષે છે. પણ જો તમોએ જે સૂર્યમાથી જમીનનું ચિત્ર જોયું તે ચિત્રપર એટલે સૂર્યની બહાર ઉભા રહીને જ્યાંથી કીરણ ફુટતું હોય તેના મધ્યબીંદુ તરફ પાછા જુઓ ત્યારે તમને તમારી આસપાસ ઘણાં કીરણો માલુમ પડશે. પણ તમારી તરફના કીરણ સિવાય બીજાં કીરણો તમો જોઇ શકતે નહી. તે છતાં પણ તમો એકજ જાતનો સૂર્ય જુઓ છો. કારણ કે સઘળાં કીરણો એકમાથીજ બહાર ફેલાય છે, અને તેવી રીતે મધ્યબીંદુએ તે સઘળાંનુ જોડાણ થાય છે. જ્યાં સુધી તમો ઓહોલા વિસ્તારરૂપી કુડાલાના ઘેરાવા નજદીક ઉભા રહીને જાણે કે કીરણોમાનું એક જે તે આખા મધ્યબીંદુ તરફ આપણી નજર લઇ જાય છે તે તરફ જોતા હોશ્યાં સુધી તો તમોને એકતાપણું મળવું મુશ્કેલ છે. હવે એ વિચાર ઘડીભર મનમાં રાખી આપણે એક પગલું આગળ વધીએ.

દરેક રજકણમાં આતમા હોય છે, જેને હાલ જીવ કહેવામાં આવે છે, અને એવી રીતે એ પ્રગટ-રૂપ થયલી અમુક જણની રીતે જોતાં તે જુદું છે, અને પ્રગટરૂપ થયલી આખા રૂપની નજરે જોતાં તેમાં જુદાઈ જેવું કાંઈ નથી. આ એક ખોટો દેખાવ છે. આ એક માયા છે, જેને પેલે-પાર મુકી આગળ વધી શકાતું નથી;—અને જેથી કરી સૃષ્ટિ ખરેખરી ખોટા દેખાવવાળી થાય છે; કારણ કે જે નજરથી આપણે જોઇએ છે, તેથી આપણે છેતરાઇએ છીએ. પ્રગટરૂપે જુદાં જુદાં કીરણો જોવાથી, જેમાંથી કીરણો ફુટે છે તે જોઇ શકતા નથી, અને તેથી વારંવાર એ વાકય વપરાયલું જોઈએ છીએ, જે વાકયનો તમોએ વધારે વાર ઉલટો અર્થ સમજવો ન જોઇએ. તે વાકયમાં જણાવવામાં આવે છે જે દરેક રજકણમાં તેનો આતમા રહેલો છે, તે મુળ નિયમથી અલગ પડેલો છે એવું બતાવતો નથી, પણ પ્રગટરૂપ જે જુદાઇ જેવું જણાય છે તેવું શીખવે છે. એટલી હદે પહોંચ્યા પછી આપણે એવું ધારો કે આ પ્રગટ આતશી વંટોળીઆની ચીંગારી-ઓમાં હવે એક એકથી ઉલટી ખાશિયત છે, જે પેહલાં જાણે કે ધ્યાનમાં ન ઉતરે એવું લાગે છે. જાણે કે તેઓમાના કેટલાંક તેજદાર બળતાં છે—જેઓને ભાણ અને હોશ છે. તેઓ આ પ્રગટ થયેલી દુનિયાનું બાંધકામ ચાલુ છે તેમાં દેવતા તરીકે આવે છે. તેઓ આતમા જ્ઞાનની ચોક્કશ ઊંચી હદે પુગેલા 'હોશો' છે અને માણસો કે જેઓ તેઓની પાછળ લાંબે વખતે હૈયાતીમાં આવે છે તેઓના કરતાં ઘણુંજ ઓછાં બંધનમાં એ (હોશો) છે. તેથી કરી આપ-ણુને માલુમ પડે છે કે આ સૃષ્ટિ પ્રગટ થવાની અગાઉના આ તબક્કામાં આ ચીંગારીઓનો વંટોળીઓ હોય છે, જેમાં ઊંચે દરજજેનું હોશ ઉત્પન્ન થયું હોય છે, તેથી તેઓ પેદા કરના-રની શકતિના જીવતા મદદગાર આડતિયાઓની માફક વર્તવાને શકતિવાન છે અને સૃષ્ટિને સમતોલપણે અને અંકુશમાં રાખનાર શકતિના તાબામાં રહીને તેનુ બાંધકામ કરે છે. આ પ્રમાણેના પહેલા પ્રગટરૂપો દેવતાઓના છે. તેઓ ઇંદ્ર, વાયુ અને એવા એવા ઘણાં જુદાં જુદાં નામોથી જણાયલાં છે. એઓને આપણી પુર્વ તરફની ભાષામાં પ્રવિણ વિદ્વાનો તેઓના અજ્ઞાન-પણાને લીધે 'કુદરતની રૂપ આપેલી શકતિઓ' કહે છે. "બચગીમાં થયલા સુધારા વખતે તે રૂપો આપવામાં આવ્યાં હતાં. માણસના મુર્ખાઇ ભરેલા વિચારથી તેઓને એ રૂપો આપવામાં આવ્યાં હતાં; જે કુદરતના બહારના દેખાવો જેવા કે હવા, આકાશ અને રોશની ધ્યાનમાં લઇને તેઓને વાયુ, ઇંદ્ર અને અગ્નિ તરીકે ઓળખાવીને તેઓની દેવતા તરીકે બંદગી કીધી છે"! ખરી રીતે જોતાં તો કમ અક્કલી માણસે કુદરતમાં માલુમ પડતા દેખાવોને રૂપ આપવાં તે બરોબર નથી. આ આતશની ચીંગારીઓ તે સર્વે શકતિવાનમાથી બહાર પડી છે. તેઓ જીવતા "હોશો" છે જેઓએ તે (ખોદા) માથી બહાર આવીને બેઅક્કલી માણસની દુનિયા થઈ નહી તે આગમચ તે ભવિષ્યની માણસીક ઓલાદને માટે સૃષ્ટિને હસ્તીમાં લાવવાને માટે તેનું બાંધકામ કરવા માંડયું; અને જો કે પશ્ચિમના વિદ્વાનો એવું કહેવા માગે છે કે જંગલી માણસ જાતની મુર્ખાઇને લીધે કુદરતની શકતિને રૂપો આપ્યાં છે; પણ જે ખરેખર ખરૂ છે તે આ રીતનું છે. આ દેવતાઓ દરેક નજરે પડતા બનાવોના દેખાવોની પીડે રહે છે, અને જેને આપણે કુદરતી કાયદા તરીકે જણાવીએ છીએ, તે દરેક કાયદાને બરોબર રીતે દોરવનારા તે હોશો છે. તેઓ અસ્તિ તત્વો છે. સૃષ્ટિનુ બંધારણ કરીને તે સૃષ્ટિને મધ્યબીંદુથી તેના ઘેરાવાની હદ સુધી હોશદાર કરવાને માટે તેઓ મારા 'જુદાઇ' બોલનો અર્થ સમજાવવા તરીકે, એક આતમામાથી જુદી પડેલી ખરેખરી હસ્તીઓ છે. કુદરતના દેખાવો—એઓ શું ચીજ છે? તેઓ (દેખાવો) દેવતાની બહારની બાજુના દેખાવો જેવા છે. અને તે દેવતાઓ તે દેખાવના મધ્ય ભાગમાં હોય છે. જેમ જેમ વધારેને વધારે પ્રગટરૂપો થતાં જાય છે, તેમ તેમ જેઓ વધારે હલકી અને હલકી પદવીઓ ભોગવતા હતા, તેઓને જયાં સુધી તમો આસપાસ અનુક્રમે

અંધારણ hier archy મા જુવો, ત્યાં સુધી આસ્તે આસ્તે તેઓ આગળ વધે છે. જે સૌથી હલકો દેખાવ તમોએ આ સૃષ્ટિ ઉપર જોયો હોય છે, તે માત્ર આતમાનું "માયા" રૂપી ઢાંકણ છે. તેથી કરીને જે આતમા બરોબર કેળવાયો હોય અને ખુલ્યો હોય–કારણ કે તેમ થવાથી એ ઉતપન્ન કરનાર શકતિની બરોબરી કરે છે—તો તે પોતાને જેમ પસંદ પડે તેમ પ્રકૃતિ (ખાક)ને વાપરે છે, કારણ કે આ હોશે કે જેની બહારનુ સ્વરૂપ પ્રકૃતિ છે, અને પ્રકૃતિની "માયા" આ તેની આસપાસ વિંટલાએ છે તેને તાબે કરવાને શકતિવાન થયો તો પ્રગટ ખોદા રૂપે તે આતમા ઉભો થઇ શકે છે.

અને આ બળવાન રાજ્ય રચના તરફ આસ્તે વાંચનારને દોરવતાં સવાલ એ ઉભો થાય છે અને અહીઆં આપણને મુસ્કેલી આવી નડે છે—કે શા માટે આ પ્રગટ ચીંગારીઓમા તફાવત હોય છે? તે બળતા આતશમાંથી જ્યારે તેઓ બહાર આવે છે, ત્યારે શા માટે તેઓમાની એક દેવતાઇ રૂપ લે છે. શા માટે બીજીઓ હલકી પંક્તિના દેવતા તરીકે થાય છે. શા માટે વળી બીજી મધ્યબીંદુ તરીકે થાય છે? ને મધયબીંદુની આસપાસ માણસરૂપી આકાર બંધાય છે? વળી બીજી રેતીના દાણાની મધયબીંદુ તરીકે શા કારણથી હોય છે? જે "એકતા" વીષેનું વર્ણન કીધું તેની અંદર પ્રગટરૂપે જુદાઇ થવાનો કાંઇ પણ સંભવ છે? એકમેકથી જુદા હોવાની સચ્ચાઈ વિષે સમજણ લેવાની પહેલી બાબત છે. દેવતા, માણસ જાત, પ્રાણી માત્ર, વનસપતિ પદાર્થો, ખનીજ પદાર્થો, "એલીમેન્ટલ ફોરસીસ"—એ આપણી આસપાસ ફરી વળેલું છે, અને એવી રીતે તફાવત ખુલ્લો જણાય છે. રોશનીના પુત્રો વીષે જે આપણે વાંચીએ છીએ તે મેં કહ્યું તે પ્રમાણે સૃષ્ટિ બાંધનારા તે સર્વેથી મોટા દેવતાઓ છે—પણ કેટલીક પવિત્ર કિતાબોમાં આપણે વાંચીએ છીએ જે કેટલાકોને અગ્નિ પુત્રો કહેલા છે. તે અગ્નિ પુત્રો કોણ છે? તેઓ માણસ જાત જ્યારે બચગીની હાલતમાં હતી, ત્યારે તેઓને શીખવનાર હતા—જેઓ એ 'વેદ' વિષે માણસજાતને શીખવ્યું; જેઓએ સઘળાં પવિત્ર પુસ્તકો તેઓને આપ્યાં; જેઓ એ માણસજાતની સુધારાની સરૂઆતમાં તેઓએ તેઓને દોરવ્યાં. અને ખરેખરી રીતે જોતાં તો તેઓ માણસ જાતના શિક્ષકો હતા. ત્યારે તેઓ કેવા પ્રકારના છે? તેઓ બળતાં છે; જેઓએ તબકકાના પ્રગટ રૂપ સાથે સ્વચ્છ રીતનું અત્યંત ખીલેલું હોશ લાવ્યા છે, જેથી કરી બીજાઓ કે જેઓ ચીંગારીઓ બાહેર ફેંકી દીધેલાની માફક છે અને જેઓએ માનસીક અવતાર લીધા છે તેઓના શિક્ષકો થવાને તેઓને બની આવે છે. તે અવતાર લીધેલા• માણસો છે. કુમારાઓ (દેવતાઓ) અને માણસો વચ્ચે કેટલોક અજાએબ જેવો તફાવત છે, એમ સુચવવામાં આવે છે. આપણે એ તફાવત શોધી કાઢીએ એ શું બનવા જોગ છે? પ્રગટ રૂપે વહી ગયલા જુગો, માહા પ્રાણનુ આવવુ અને જવુ, (દમનું લેવુ અને છોડવુ), રોશની જે અંધાર બને છે, અંધાર જે ફરીથી રોશનીમાં ફાટી નિકળે છે, આતમાઓ પ્રકૃતિમાં દાખલ થઈ જુદા પડી જાય છે, અને માણસ જાત જ્યાંથી આવ્યું તે મુળ તરફ પાછું ઉંચે ચઢે છે અને મોક્ષ પામે છે. તેઓ (આતમાઓ) "ફરીથી પાછા નહી ફરવા માટે જાય છે." જો તેઓ કબી પાછા ફરતા નથી તો આપણા મનવંતરની માફક એક એકથી જુદાઇના કારણો શું છે? અહીંઆ એક ગુપ્ત શિક્ષણની બાબત આવે છે, જે બાબત ઘણી ખરી નજર આગળથી ગુમ થઈ ગઈ છે. તે ગુપ્ત છે કારણ કે તે બોલ છપાયલાં પુસ્તકોના શબ્દો માટેજ લાગુ પડે છે. તેની અંદર સચ્ચાઇ ગુપ્ત રાખી છે, નહી કે ખુલ્લી કરી દીધી છે. દાખલા તરીકે બ્રહ્મા ને માટે "ઉપનીષદો" શુ કહે છે? તેને "ઉપનીષદ" માં છુપાવવામા આવ્યો છે, જે "ઉપનીષદો પોતે વેદમાં છુપાયલાં છે." તમો જો બ્રહ્માને શોધ કાઢવા માગતા હો તો ઉપનીષદમા આપેલા બોલોના ભિત્તરમાં જુઓ? ને તેની અંદર છુપાયલા ગુપ્ત બોલોના અર્થ શોધી કહાડો. અહીં આ ગુરૂ બનાવવાની જરૂરીઆત આગળ આવી ઉભી રહે છે. તે ઉપરથી એવું કહેવાતું છે જે એક માણસ કે જે

બ્રહ્માને શોધવા ઇચ્છે છે. તેણે માહાગુરૂઓ શોધી કહાડી અને તેઓની આગ્ના પ્રમાણે ચાલવુ જોઇએ. કારણ કે ઉપનીષદમા આપેલો માત્ર બોલજ ખોદાને આપણી સામે ખુલ્લો કરી શકશે નહી; અને ચીંગારીઓ પોતે ઉંચે જવાને માટે પોતે બળતાં રૂપ ધારણ કરે તે માટે એક પોખા-એલાં બળતાંની જરૂર જણાય છે. અને એવી રીતે "કદીપણ પાછો નહી ફરે" એ બોલનો ગુપ્ત અર્થ શોધી કહાડીશુ.

માણસમાની ચીંગારી (જે સાધારણ માણસમાં "હુ" તરીકે વપરાય છે તે) બાલે છે. તે ચીંગારી "તપ"ના જોરથી બળવાથી વધે છે. તે બળવુ કેવી રીતનુ છે? (આતમા) ગ્નાનના આતશના જોરથી સળગીને અગ્નાનપણાને બાળી દેવુ એજ તપ શબ્દનો મુખ્ય અર્થ છે. અને જેમ ઘડી ઘડી એ બોલનો તરજુમો અંગ્રેજીમા કરવામાં આવે છે તેમ આ "વૈરાગ્ય" અથવા "તપ" અથવા સખ્ત રીતની "અશોઈ" થી કરી ગ્નાન રૂપી ક્રિયા ચાલે છે, તે ગ્નાન રૂપી ક્રિયા ચાલે છે, તે ગ્નાન રૂપી ક્રિયા બાળે છે અને પવિત્રતાઇ લાવે છે, અથવા પાક કરે છે, અને જ્યારે તે બળે છે, ત્યારે માણસ જાતના (શારીરીક) ખોખાંઓ જેની અંદર વધારે ધીચ અગ્નાનપણુ ઘર કરી રહે છે, તેને બાળી નાંખે છે, અને ગ્નાનરૂપી આતશથી કરી જેમ જેમ એક પછી એક ખોખાંઓ બળતાં જાય છે, તેમ તેમ આતમાનુ બળતું વધારે ને વધારે પ્રગટી નિકળીને પોતાની જાત શું છે તે જાણતાં શીખવે છે. અને આ ચીંગારી જે પ્રકૃતિના ધુમાડાથી ઢંકાઇ ગઇ હોય છે, તે હવે પ્રકૃતિમાંથી છુટો થઈ બળતાંનુ રૂપ પકડે છે, અને જ્યારે તેને તદ્દન છુટાપણુ મળે છે ત્યારે તેના મુળ સાથે, એટલે મુળે જ્યાંથી તે નિકળ્યો છે ત્યાં, તે આતમીક બળતું મળી જઇ એક થઈ જાય છે. જો તમો ઘણાં ઘણાં બળતાં લાવી સાથે મુકો તો જેવાં તેઓ એકમેકને મલે છે, તેવુજ તેઓનુ માત્ર એકજ બળતું થઇ રહે છે; કારણ કે તેઓ એકજ જાતનાં છે, અને તેઓ વચ્ચે પડેલો અંતર દુર થઇ ગયો છે. પણ આ દાખલો આપી મને આગળ વર્ણન કરવા દો. અને એ વિચારની પછવાડે પછવાડે ચાલતાં તમોને કાંઈ સચ્ચાઇ વિષેનો ઝાંખો વિચાર આવશે—તમો તે પોતે થાઓ ત્યાંસુધી તમોને તે વિષેનો ખુલ્લો ખ્યાલ આવી શકશે નહી. કારણ કે તમો પોતે તે રૂપ બનો ત્યાંસુધી તમોને કાંઇ સમજણ પડશે નહી. માણસ જાતના ગ્નાનની ખાયેશ તે જુદાઈ (નો વધારો કરે) છે. જ્યારે ઈશ્વરી ગ્નાનનુ ડાહપણ એ એકતાપણું છે, અને જેમ બહારના બળતાંનો આકાર ગેબ થઇ જાય છે, તેમ તે એક (ખોદા) ની અંદર એક થઈ જાય છે. તે કાંઇ ખોવાઇ જતું અથવા નાશ પામતું નથી. સંખ્યાબંધ (આતમા રૂપી) બળતાં મુળ (આતમા રૂપી) બળતાંમાં એક થઇ ગયા છે તેથી કરી તે આતમીક બળતાંને બેસુમાર ફાયદો થયો છે—અને તે એ કે તેના આતમાનુ તારણ થયું છે. અમુક બાંધી લીધેલી હદ જેથી કરી તમો જુદાં દેખાઓ છો તે હદનો નાન થાયો છે, અને સઘળા ગ્નાનના બોહોળા પ્રસાર (ફેલાવા) થી—તે અપાર ગ્નાન જેની હદજ નથી—તે (સઘળા) ગ્નાનનુ ખરૂ તત્વ રૂપ છે. પણ એ બોલનો અર્થ પુરેપુરો ઉઠાવતાં એમ પુછી શકાય કે તે હમેશનુ છે કે? તે આતમા નિરવાણ (જેગરોથમાન બેહસ્તના જેટલોજ મોટો દરજજો ધરાવે છે તે) માંથી કદી પણ પાછો ફરતો નથી? જેઓ એ આતમગ્નાન જાણે છે તેઓ તરફથી સમજાવવામાં આવેલાં ગ્નાનના અજવાળાંમાં એ બાબતનો ઉંડો અભ્યાસ કરીયો હોય છે તેઓને માલમતો હશે કે "મન વંતરોના" "મન વંતરોનેબી ચોકશ હદ છે, એમ લેખવામા આવે છે. અને આતમાનો "અપ્રગટી" નો વખત જે પછી પ્રગટ રૂપ ધારણ કરવાનો વખત આગળ આવે છે ને જાય છે. તેની સાથે અરસપરસ સંબંધ રાખે છે. જે પ્રમાણે (આતમાનુ) પ્રગટ અને અદૃશ્ય થવું (બે માલમ થઈ જવું) થાય છે તેના ચિન્હ તરીકે દહાડો અને રાતને લેખવામાં આવે છે. વળી તેજ પ્રમાણે ગ્રહોનુ પ્રગટી નીકળવું અને મલી જવું જણાય છે; અને ફરીથી પાછા દેખાવું અને અંદીઠ થઇ જવું થાય છે. એમ જ્યાં સુધી આખા સૂર્ય મંડળનો અંદીઠ થઇ જવાનો વખત આવે

આં સુધી થયા કરે છે. પણ એમ થવુ સૂર્ય મંડળના લંબાભવના ઉપર આધાર રાખે છે, અને તે ફરીથી બહાર આવી પ્રગટ રૂપે અધર રહીને, જે આગલાં રૂપમાં તેણે કાંઇ પણ ચીજોનો સંગ્રહ કીધો હોય છે, તે સર્વે ચીજોને બહાર સાથે લઈ આવે છે. અને જેવી રીતે તમો એક દીવસે એક પાઠ તૈયાર કરો ને તે બાબેનુ રાત્રે ઉંઘમાં તમોને ભાન રહેતું નથી, પણ જ્યારે તમો સહવારે જાગો છો તે વખતે આગલે દહાડેનુ જ્ઞાન તમો સાથ લઈજાઓ છો, તેજ રીતે "ગ્રહ' તેના "પ્રલય" ના વખતમાંથી પસાર થઈ જવા પછી જે આગલાં પ્રગટ રૂપમા તેણે જે જે કાંઇ સંગ્રહ કરી રાખ્યું હતું, તે હાલના પ્રગટ રૂપમાં પોતાની સાથે પાછું લાવે છે. જે પ્રમાણે સૂર્ય મંડળ પોતાની લાંબી જીંદગી પસાર કરીને અદીઠ રૂપે લાંબો વખંત રહી ફરીથી પ્રગટી નિકળે છે. તે વખતે ઉંચા તબકકાનુ થયલું હોય છે, અને તેવી રીતે સૃષ્ટિને જ્યારે સામટી લઈને તે સાથે મન વંતર બોલનો પૂરે પૂરો અર્થ કરીને અને તેપછી પ્રલય થાય છે તે બાબે વર્ણન કરીએતો તમોને જણાશે કે સઘળાં બળતાંઓ વચ્ચે હવે કાંઇ પણ ફરક ન રહેવાથી એકજ થઈ ગયાં હોય છે; "તે છતાં દરેક બળતાંની સાથે સંબંધ ધરાવતો એક આતશી દોરો હોય છે, અને જ્યારે જુદા થઇ જવાનો વખત આવે છે, ત્યારે એ આતશી દોરા ઉપર ક્રિયા ચાલુ થાય છે, તેથી કરી આસ્તે આસ્તે આગળ વધી તેઓ એકતામાંથી પોતાની સાથે બળતુ લાવે છે અને દોરાઓ ચોક્કશ દોરાઓ સાથે બહાર નિકળે છે, જે (દોરા) નો "પ્રલય" અંદીઠ થવાનો વખત અથવા ચઢતા ઉતરતી લંબાઇના "નિરવાણો" વડીક નાશ કરી શકતા નથી. તે (દોરા રૂપી) છેડા અને સરવે ચીજ પ્રગટ રૂપ બહાર પડે છે, અને જે તપાવતો આએ બહાર પડતી ચીંગારીઓમાં મળી આવે છે, તે તપાવતો આગલાં મનવંતરોમા આસ્તે આસ્તે ખીલવ્યાં હોય છે અને દેખઇતી રીતે નાશ પામ્યા છતાં જેમના તેમ જાળવી રાખ્યાં હોય છે."

જેવી રીતે પારસીઓ સુરજ અને દર્યા તરફ મોહોડું કરી બંદગી કરે છે, અને રોશનીઓમાંની સર્વેથી છુપી રોશની, સઘળી જીંદગાંનીનું મુળ, કે જેને તેઓ અહુરમજદનું નામ આપે છે તેનો ખ્યાલ તેઓ એ નુરી ચીજોને જોઇને પોતાના મનમાં લાવે છે, તેજ પ્રમાણેનો ખ્યાલ તેઓ આતશની સામા ઉભા રહી બંદગી કરવાથી પોતાના મનમાં લાવતા જણાય છે—Mystery of Ages.

આતશ બદલો આપનારો છે—અરે [મીનોઈ] આતશ, એક સારે માર્ગે તું હમોને હમારા બદલા આગળ પોંહોચાડ; ઓ ખોદાવંદ, તું કે જે હમારાં સઘળાં કામો બાબે માહીતી ધરાવે છે, તે હમારામાંથી અણઘટતી બદી દુર કરી નાંખ! તુંને સઘળી ખુશનુંદી હોજો! એમ હમે વારંવાર અને ફરીથી પોકારીએ છીએ!—Isopanishad.

આતશ ચૈતન્ય જગતના મુળ તરીકે—"કથોપનિષ્ટ પ્રમાણે મોહોતના દુત ગુપ્ત અથવા મીનોઇ આતશને સર્વેથી અમુલ્ય ભેદભર્મ ખુલ્લો કરવાના કામમાં મદદ કરવાને સારૂ તેની મદદ મેળવવાને માટે આરાધના કરે છે. આતશ મીનો તેમજ ખાકી બન્ને જગતો જે ચૈતન્ય સ્થિતિમાં હોય છે તેના મુળ તરીકે છે; તેમજ બળીદાનમાં વપડાતા આતશને, મીનોઇ આતશના ચિન્હ તરીકે લેવાનો છે"—Mead & Chattopadhya.

આતશ એ ખોદા અને માણુસ વચે પુલ સમાન છે—બ્રહ્મા કે જે સર્વેથી બુલંદ તેમજ અમરગ છે, તેને માટે બળીદાન અર્પણ કરનારાઓ વચેના પુલ સમાન તે છે, તેમજ જેઓ ઓલંગી જવા ચાહે છે તેઓ સારૂ ભયથી નિરાલા બીજી બાજુના કીનારા સમાન તે છે, તે નચીકેત આતશને હમો હાથ કરીએ!—Kathopanishad.

અશો જરથોસ્તે બંદગી કરવી વખતે કેબલો કરવા વિષે પાક દાદારને કીધેલો સવાલ—અશો જરથોસ્તે આલમને પેદા કરનાર પાક દાદારની હજુરમાં સવાલ કીધો કે "એ સઘળા

એદાથી વાકેફગાર સાહેબ ! તારી પરસ્તેશ કરનારા રોશન દીલના મોબેદો અને તે વગેરે બીજા બુઝોર્ગ લોકો તારી હજુરમાં નીઆએશ તથા સેતાએશ કહી ચીજની સનમુખ ઉભા રહીને કરે અને તે દીનદાર લોકો કેવી રીતે અને શું પઢવાથી તારી એબાદત તથા બંદગી બજા લાવે ? અને કઇ ચીજને ચાહે ? તે વિષે ખોલાસાથી તું મને સમજાવ."

આ ઉપલા સવાલનો જવાબ તે વગર હાજતના અને સર્વને રોજી પોહોંચાડનાર પાક દાદારે એવી રીતે વાલ્યો કે "એ અશો જરથોસ્ત ! તું આલમના લોકોને જાહેર કરજે કે તેઓ જાહેર અથવા છુપી રીતે મારી પરસ્તેશ તથા બંદગી કરતી વેળાએ જે ચીજ જાતે નુર ભરેલી તથા રોશન હોય તેને મારા નુર તરીકે સમજીને તેની રોશની તરફ પોતાનું મોહો રાખે અને તે ઉપર પોતાની નજર રાખીને મારી એબાદત કરે. દુનિયામાં સર્વે લોકોની નજદીક રોશની વધારે મરતબો ધરાવે છે, અને બેઉ દુનિયામાં મારા નુરથી કોઈબી જગોને તું ખાલી ન જોશે, માટે જેઓ આ મારા હોકમ પ્રમાણે ચાલશે તેઓથી એહેરેમન (યાને બદ વિચાર) દુર થશે. અને જે જગોએ રોશની હશે તે અંધારાથી ખરાબ થઇ શકનાર નથી.—[પેગમબર જરથોસ્તના જન્મારાનો એહેવાલ—આવૃતી બીજી.]

અશો જરથોસ્તને અર્દીબેહેસ્ત અમશાસ્પંદની શાથે થયલી વાતચીત—એ પછી અશો જરથોસ્તની આગલ અર્દીબેહેસ્ત અમશાસ્પંદ આવીને કહેવા લાગો કે, એએ ખોદાના પસંદ કીધેલા પેગમ્બર ! આએ મારો સંદેસો પાદશાહ ગુસ્તાસ્પને તું પોહોંચાડજે અને તેને કેહજે કે, એએ પાદશાહ ! સઘલા આતશોની જાલવણી રાખવાનું કામ મેં તુંને સ્વાધીન કીધેલું છે તેથી આબરૂ અને ઇજતની સાથે દરેક શેહેરમાં આતશ કદેહ બનાવી સદેહના કાયદાઓને તું બુઝોર્ગી આપજે તથા તે આતશોને થંડા પાણીથી તથા સખત માટીથી હલાકી નહી પોહોંચે તેને સારૂ તું સાફ દીલના પરહેજગાર દસ્તુર—મોબેદો તથા હેરબદોને ફરમાવજે કે તેઓ તે સઘલા આતશોની જાલવણી ઘણીએક કોશેશથી કરે. અને તેના ખરચને કીજે મોટી રકમોની આયપત કરી આપજે કે તેમાંથી આતશની તથા તેના મકાનની અને તેની જાલવણી કરનાર મોબેદોની ખોરાકીનો પુરતો ખરચ થઇ શકે. રોશન આતશ એ એક ખોદાઈ નુરના ઝરા મધેથી નીકલેલી નુરી વસ્તુ છે. તું સારી તરેહથી જાણે છે કે દુનિયામાં આતશ એ ઘણી બુઝોર્ગ ચીજ છે. તેનું કામ સરવેને પડે છે, તે આદમીઓથી સુગી કાઠી સીવાય વધારે ચાહતો નથી. તે ઉપર કાઠી મેલ્યાથી તેની (મોબારક) જાત હમેશ જુવાનીની હાલતમાં રહે છે. તેની આસપાસ લાકડાં મેલ્યાથી તેની જાતને બુજાવાની તથા જઈફ થવાની કોઈબી પ્રકારે ધાસ્તી રેહતી નથી. જો તું તેની ઉપર ખુશબોઈ મેલશે તો તેના સારા સોરમથી તારા મગજને ખુશબોદાર કરશે; અને જો બદબો મેલશે તો તેનો ખરાબ વાસ તારા મગજને પોહોંચાડશે. આતશનો ઈગાર થંડીનાં દરદને મટાડશે, અને તારા અંધારા દીલને રોશન કરશે. એ વગેરે આતશથી ઘણાએક બુઝોર્ગ કામો નીપજે છે, તેનો બરતર દરજજો પીછાંણવાની તારી ફરજ છે. જેમ પાક દાદારે આતશની ઉપર મને હવાલો સોંપ્યો છે, તેમ તેનો હવાલો હું તુંને સોપું છઊં...જે કોઇ આએ મારી નસીહત મુજબ ચાલશે તે શખ્સ ખોદાએતાલાની નજદીક પ્યારો થશે, અને જે કોઈ એ હોકમથી ઉલટો ચાલશે તેનું રવાન દોઝખમાં ગીરફતાર થશે." આએ નસીહત ભરેલાં કલામોને અશો જરથોસ્તે અર્દીબેહેસ્ત અમશાસ્પંદથી કબુલ કીધા.—[પેગમબર જરથોસ્તના જન્મારાનો એહેવાલ—આવૃતી બીજી.]

[નવસારીનાલા એરવદ ખુરશેદજી એરચજીએ કીધેલી વાયજ.]

આતશનો જાહેર કિબ્લો
અને
તે ઉપરથી મળતી નસીહત.

અવસ્તા—અત તોઈ આતરેમ અહુરા અઓજોંઘહવંતેમ અષા ઉસેમહી.
અસિસ્તેમ એમવંતેમ સ્તોઇ રપેન્તેમ ચિથ્રા અવંઘહેમ.
અત મજદા દઇબિષ્યંતે જરતાઈ સ્તાઇશ દેરેસ્તા અએનંઘહેમ.

ભાવાર્થ—"ઓ અહુરમજદ! અમો તારા આતશને રાસ્ત રાહે ચાહીએ છીએ, કે જે ઘણો જોરાવર, તેજી, સેતાબીવાળો, પેહેલવાન સરીખા દબદબા ભરેલા દેખાવનો અને જે કોઇએક જાણે પ્યાર અને મોહબ્બતથી વરત્તું હોય તેમ ઘટતી રીતે કામ લે છે. તેને તે તરેહવાર મદદો અને ફાયદાઓ કરે છે. પણ જે કોઇ તેની સાથ તેથી ઉલટી ગોયા એક દુશ્મનને છાજે તેવી અઘટીત ચાલ ચલાવે છે તો જેમ કોઇ હથિઆરોથી ઈજા કરે તેમ તેને ગોયા સજા તરીકે તેની કરણી પ્રમાણે તે ઇજા અને નુકસાનોબી કરે છે."

ઉપલા અવસ્તા ગાથાના મોતેબર કલામો છે. એમાં જેવું કારણ તેવું પરિણામ, એ કુદરતી નિયમ દર્શાવવામાં આવ્યો છે. તેમાં પ્રથમ આતશની શક્તિ ગાવામાં આવી છે, અને ત્યાર પછી સઘળા સવાબકારોને તેઓની નેકીના બદલામાં ફાયદા હાંસેલ થતા દર્શાવ્યા છે, તેમજ ગુનાહકારોને તેઓની બદીની સજા હાંસેલ થતી જણાવી છે.

આપણા ધર્મને લગતી સઘળી મોતેબર ક્રિયાઓમાં આતશ ઘણો અગત્યનો ભાગ બજાવે છે, યોજદાથ્રેગર મોબેદોથી દરેમેહેરોમાં થતી પાવ મેહેલને લગતી સોથી મોતેબર ક્રિયાઓમાં રોશન આતશની હાજરી અવશ્ય જોઈએ છે. અને એજ કારણથી આજની આપણી જશનની મોતેબર ક્રિયામાં રોશન આતશ આપણી સન્મુખ રાખવામાં આવ્યો છે. આતશને સન્મુખ રાખવાના કામને આતશનો કિબ્લો કહેછે. આતશનો કિબ્લો કરવાનું પુરાતન જમાનાથી જણાય છે. આતશનો કિબ્લો જરથોસ્તીઓજ નહીં પણ બીજી પુરાતન પ્રજાઓમાંબી જોવામાં આવે છે. એટલુંજ નહીં પણ ખુદ પેગમબર સાહેબ જરથોસ્તે જ્યારે આતશનો કિબ્લો કરવાની ખુલ્લી શાહદત મળે છે ત્યારે તેમાં ઘણું વજુદ સમાયલું હોવું જોઇએ. યજસ્નના ૯ મા હામાં જરથોસ્ત સાહેબને આતશનો કિબ્લો કરતા જણાવવામાં આવે છે કે—

"હાવનીમ આ રતુમ આ હઓમો ઉપાઇત જરથુસ્ત્રેમ
આતરેમ પૈરિ-યઓજ્દથેંતેમ ગાથાઓસ્ચ સ્રાવયંતેમ.

એટલે, હાવન ગાહમાં, આતશને આસપાસ પવિત્રાઈ આપતા (રોશન કરતા) અને ગાથા ગાતા જરથોશ્ત નજદીક હોમ ગયો. (૫૦ ૧). આ શાહદત આતશના કિબ્લાનું અહત્વ જાહેર કરે છે અને જરથોસ્ત સાહેબને આતશ જેવાં પવિત્ર તત્વ તરફ આટલું મોટું માન ધરાવવા અને તેનો કિબ્લો કરવાનાં કુદરતી કારણો આપણે જોઇ શકીશું.

આતશની અપાર શક્તિ.

આતશની ખુબી અપાર છે, તે કુદરતની એક અમુલ્ય બક્ષેષ છે. તે આકાશ અને પાતાળમાં ઘણો અગત્યનો ભાગ બજાવે છે. આતશથીજ જાનદારો પોતાની હેયાતી ટકાવી રાખે છે. આપણા

ભિત્તરમાંબી રોશન આતશની હાજરી છે, જેથી આપણે હીલચાલ કરી શકીએ છીએ, ખાણી પીણી લઇએ છીએ અને ખોરાક પચાવી શકીએ છીએ. જાનદારોનો ભિત્તરનો આતશ (ગરમી) જ્યારે બુજાઇ જાય છે ત્યારે જીંદગી ખતમ થાય છે.

જગતનો ઘણો કારોબાર આતશથી ચાલે છે. આપણી ફુંફાડા મારતી આગ ગાડીઓ, ચીચીઆરા પાડતી આગબોટો, અને ગડબડ ઘોંઘાટ કરતાં કારખાનાંઓ આતશના વરાળ યંત્રથી ચાલે છે. એ રીતે વેપારે વણજ, હુનર ઉદ્યોગ અને મુસાફરી સેહેલી કરવામાં આતશ ઘણો ઉપયોગી છે. આતશથી આપણું દરરોજનું ખાણું પકાવી ખાઇએ છીએ, ઠંડીથી શરિરનું રક્ષણ મેળવીએ છીએ, અને સરદીથી ઉત્પન્ન થતાં દુઃખ દરદો ઓછાં કરીએ છીએ. જાહેર આતશથીજ જાહેર અગણિત ફાયદા આપણે મેળવતા નથી પણ બાતેનનો આતશ એ કરતાં વધારે મહાભારત કામો બજાવતો જણાયો છે. જાનદારોજ નહીં પણ પાણી, ઝાડપાનો વગેરે વસ્તુઓના ઉધરભાવમાં, તેઓને ખિલવવામાં અને તેઓને ગતી આપવામાં આતશનો હિસ્સો છે. તેમજ આકાશ અને પાતાળમાં આતશની હાજરી જોવામાં આવે છે. આકાશમાં થતા વીજળીના ચમકારા, વાદળાંની દોડ અને તેની ભારે ગર્જના, પવનનું જોશબંધ ફુંકવું, વરસાદનું ધોધબંધ વરસવું વગેરે બનાવો બીજી શિક્તઓ ભેગા આતશને ઘણે ભાગે આભારી છે. જમીનનાં ભિતરમાંથી મળી આવતા ખનીજ પદાર્થોને તાવી તેને રૂપ આપવામાં, અને જમીનના પેટામાં વધારે જથામાં અગ્ની ઉત્પન્ન કરી જવાળામુખી પર્વતોનું ફાટવું અને ધર્તીકંપનું ઉત્પન્ન થવું એ સઘળી આતશનીજ ક્રિયાઓ છે. આપણી પૃથ્વીનું કઠણ પડ જેની ઉપર આપણે વસીએ છીએ તે પોતે બળતણથી બળીને તાઢો થયલો એક પોપડો છે એવું વિદ્વાનો સમજાવે છે. ઝાડપાન, જાનવર વગેરે જાનદારો અને વસ્તુઓમાંબી રસાયણી બળતણ હવાઈ રૂપે ચાલુજ રહે છે, એટલે દુનિયામાં જેજે ચીજો આકાર પકડે છે અથવા નાશ પામે છે તેબી એજ ક્રિયા મુજબ બળતણની ગરમીથી બળીને ખાક થાય છે અને ખાક થયલી વસ્તુઓ પોતાના અસલ તત્વોમાં મળી જઈ નવું રૂપ લે છે. એ અને એવાજ બીજા લાખો અને કરોડો બનાવોમાં આતશ પોતાનો થોડો કે ઘણો હિસ્સો આપે છે. જેથી આતશ જેવી અપાર ખુબી ધરાવનારી ખુદાઈ બક્ષેષના મહત્વથી વાકેફ થઈ તેનો કિબ્લો કરવાનું જરથોસ્ત સાહેબે વાજબી જોયું છે.

નુરમંદ આતશ દુનિયાની આબાદી, સુખશાંતિ અને વૃદ્ધિનું ગોયા મુળ છે. આતશ પોતાની ગરમી અને રોશનીના પ્રતાપે જગતને અગણિત ફાયદા આપે છે જેથી તે પોતાની ખાસ ખુબીઓને લીધે આપણાં માનને લાયક ઠરે છે. અને તેથીજ ખુદાના અખુટ નુરમાના આ બુલંદ નુરને નજરે નજર જોઇ તેનો કિબ્લો કરવા અને તેની સેતાયશ કરવામાં આપણે ખોટા ગણાવા નહી જોઇએ. બલકે આતશ તરફથી મળતા અગણિત ફાયદાઓને લીધે તેને સન્મુખ રાખી તેની લાયક વખાણ ગાવામાં ધર્મ ફરજથીજ નહીં પણ માણસાઇ ફરજથીબી બંધાયલા છીએ.

નુરાંની કિબ્લાઓ.

આતશ, ખુરશેદ, માહાબખ્તાર, વગેરેનો આપણે કિબ્લો કર્યે છીએ. કારણકે એ વસ્તુઓ ખુદ ખુદાની પેદા કીધેલી છે. તે જગતને સામાન્ય ફાયદા આપનારી છે અને એ વસ્તુઓ વગર જગત જીવી શકે નહીં. તે બિહદ પ્રકાશવાલી છે અને તેથી તે અતિ સુંદર દેખાય છે. તેઓની સુંદરતા અને કારીગરીનો પુરેપુરો ખેઆલ આવી શકતો નથી. એ કિબ્લાઓ સન્મુખ ઉભાં રહી આપણે જે બંદગી કર્યે છીએ તે પેલી નુરમંદ વસ્તુઓની કરતાં નથી, પણ જેણે તેઓને એવી ખુબીવાળી બનાવી છે તે એકજ ખુદા અહુરમજદની કર્યે છીએ. કારણ કે અહુરમજદ મીનોઆંન મીનો એટલે ગેબીઓમાં ગેબી છે તેથી તે સાહેબની બનાવેલી મોંહો પમાડનારી વસ્તુઓ ને આપણે મોંઢાં સન્મુખ રાખીએ છીએ. તે નુરાંની વસ્તુઓને બનાવવામાં અહુરમજદે જે

કારીગરી વાપરી છે, તેને સામે રાખી બંદગી કરવાથી તે સાહેબની કારીગરીનો ચોડાળી ખેઆલ આપણા મનમાં આવે છે. આએ ઉંચી કારીગરીનાનમુનાઓને રૂબરૂ રાખવાથી તેઓ તરફજ આપણું ચિત્ત રોકાય છે અને એક ચિત્તે બંદગી થાય છે. આતશ અને બીજા નુરમંદ ફરેસ્તાઓની સામે ઉભાં રહી આપણે તેઓની આરાધના અને સેતાયશ કર્યે છીએ પણ સેતાયશ તે બંદગી, પરસ્તેશ કે પ્રાર્થના નથી સેતાયશ અથવા આરાધનાનો અર્થ સ્તુતિ અથવા વખાણ થાય છે, પણ બંદગીનો અર્થ તાબેદારી અથવા સેવા થાય છે. પરસ્તેશનો અર્થ પુજા થાય છે અને પ્રાર્થનાનો અર્થ અરજ ગુજારવાનો અથવા મુરાદો માગવાનો થાય છે. જેમ ફરેસ્તાઓની સેતાયશ થાય છે તેમજ ખુદાનીબી સેતાયશ થઇ શકે છે પણ ફરેસ્તાઓની બંદગી થતી નથી. બંદગી કે સેવા, પરસ્તેશ કે પુજા અથવા પ્રાર્થના કે અરજ ગુજારી તો એકલા જગત કર્ત્તા અહુરમજદની કરવી ઘટેછે. કિબ્લા સન્મુખ ઉભાં રહી નુરમંદ વસ્તુઓને બનાવવામાં અહુરમજદે જે કારીગરી વાપરી છે તેની સેતાયશ કરવી તેમાં તે વસ્તુઓ સાથે તે સાહેબનીજ સેતાયશ થાય છે. જેમકે કોઇ કારીગરે એક સારી ચીજ બનાવી હોય અને તે વસ્તુઓને જોઇને આપણે તેની કારીગરીની વખાણ કર્યે તો તેમાં પેલી વસ્તુની સાથે સાથે તેના કારીગરનીબી વખાણ થાય છે. એક કારીગરે બનાવેલી વસ્તુની હુનરમંદીની આપણે તારીફ કર્યે તો તે તારીફ ભેગી પેલા કારીગરનીબી તારીફ થાય છે. એજ મુજબ આતશ વગેરે નુરમંદ નમુનાઓ બનાવવામાં ખોદાએ જે કારીગરી વાપરી છે, તે સૌથી ઉત્તમ નમુનાઓ આપણી આંખ આગળ રાખી તેની સેતાયશ કરવામાં પેલા મોટા કારીગર એકલા અહુરમજદનીજ સેતાયશ અને બંદગી થાય છે. આતશ વગેરે નુરમંદ અને અપાર ખુબી ધરાવનારી વસ્તુઓને સન્મુખ રાખી તેઓની સેતાયશ કરવાથી આપણે આતશ પરસ્ત કે સુર્ય પુજક ઠરતાં નથી, પણ તેઓની સેતાયશ કરવામાં તેઓની શક્તિની આપણે પિછાણ કર્યે છીએ, કે જે પિછાણમાં તેના મહાન કર્ત્તાની પુરતી પિછાણ સમાયલી છે. માણસના હાથનાં બનાવેલાં પુતળાં કે પથ્થરની મુર્તી સામે ઉભાં રહી પરમેશ્વરની પુજા કરવામાં ઉતરતી પંકતીના માણસોનું લક્ષ જ્યારે પરમેશ્વર તરફજ ખેંચવાનો સબબ સમજાવવામાં આવે છે, ત્યારે આ માણસ જાતથી નહીં બની શકે એવા કુદ્રતની કારીગરીના ઉત્તમ નમુનાઓ સામે ધેઆન ધરી બંદગી કરવાથી કિર્ત્તારની ઉંચી કરામતનો બુલંદ ખેઆલ આપણા હૈડાંમાં સેહેજે ઉતરે છે, અને તેનાં સર્વ શકિતવાનપણાંનો સંપુર્ણ ખેઆલ મનપર લાવવાને શકિતવાન થઇએ છીએ. એ રીતે કિબ્લાનો આ જરથોસ્તી તરીકો કુદ્રત ઉપરથી કુદ્રતના મહાન કારીગરની લાયક પિછાણ કરાવે છે.

આપણા આતશ બેહેરાંમો અને આતશ આદરાંનો જાહેર કિબ્લાઓ છે. પારસી હકુમતના જમાનામાં ધર્મ અને રાજ્ય એકેકના જોડયાં ગણાતાં હતાં. એક પારસી પાદશાહ રાજ્યના સારા બંદોબસ્ત માટે પોતાને જેટલો જવાબદાર સમજતો હતો તેટલીજ ધર્મની જાળવણી કરવા માટે પોતાની જવાબદારીની પાક ફરજ તે સમજતો હતો. એ વેળા આ કિબ્લાઓને ધર્મ અને રાજ્યની ઐકયતાની પવિત્ર ઇંધાણી ગણવામાં આવતી હતી. જેનો એક દાખલો તવારીખમાં નોંધાયલો મળે છે. ગ્રીસ દેશના રાજા **સીકંદરે** હખામની પારસી પાદશાહ છેલ્લા **દારાબના** હાથમાંથી ઈરાંનનું રાજ્ય જીતવાપછી ઘણાં વર્ષો સુધી એ રાજ્ય જુદા જુદા પ્રાંતો અને પરગણાંઓમાં સ્વતંત્ર સુબાઓના હાથમાં વેંહેંચાઇ ગયું હતું. આખરે ઈરાની ખુનીઆદથી ઉતરી આવેલા **અર્દશીર બાબકાંન** નામના એક શુરવીર પારસીએ ઇરાંનમાં ફરી એકવાર પારસી રાજ્યની ધજા ઉડારી. શાહ અર્દશીરે ઠરીઠામ થવા પછી રાજ્ય અને ધર્મમાં ઘણા સુધારા કીધા હતા, અને ધર્મની ઘણી મોટી સેવા બજાવી હતી. તેણે પોતાની વેંહેંચાઇ ગયલી ઇરાંની સલતનતને એકત્ર કીધી અને નવેસરથી પારસી શેહેનશાહત સ્થાપી અને આ એકત્ર

સલતનત કરવાના મહાન બનાવની યાદગારીમાં આતશ બેહેરાંમ બરપા કીધા હતા. એવા દશ આતશ બેહેરાંમો અર્દશીરે પોતાની ફત્તેહ અને બીજા બનાવોની ખુશહાલીમાં તખ્તનશીન કીધેલા પેહેલવી પુસ્તકોમાં જણાવવામાં આવ્યા છે.

આતશ ઉપરથી મળતો ધડો.

ધ્જબ્ર નામના નામીચાં ભણતરમાં આતશ તરફથી મળતાં શિક્ષણમાટે કહે છે કે,—

"વીસ્પએઇબ્યો સસ્તીમ બરઇતિ આતશ મજ્દાઓ અહુરહે."

એટલે, "અહુરમજદનો આતશ સઘળાંઓને માટે શિખામણ લઇ જાય છે યાને ઉત્તમ નસીહતો દે છે. હવે શું આતશ ખરેખર બોધ દે છે? અગર તે દેતોજ હોય તો તે શો છે તે આપણે જોવું અને જાણવું અગત્યનું છે. આતશ ઉપરથી તેની સેતાયશ કરનારાંઓએ કેવા કેવા ધડા શિખવાના છે, આતશ અને એવીજ બીજી કુદ્રત ઉપરથી માણુસ જાતે શુંશું શિક્ષણ લેવાનું છે તે આપણે જોઇશું.

આતશ કદેહોમાં આપણા ધર્મગુરૂઓ આતશ ઉપર જે ખુશબોએદાર બળતણ રાતોદીન જારી રાખે છે તે એવો બોધ દે છે, કે જેમ એ ચીજો જોકે બળીને ખાક થાય છે તોપણ તેની વાસના તે પાછળ કેટલોક વખત સુધી રહે છે તેમજ આતશ કદેહોમાં સુખડ વગેરેનો પવિત્ર હદીઓ લઇ જનાર એક દીનદાર જરથોસ્તીએ પોતાની હૈયાતીમાં નેક કામો કરી આ ફાણી દુનિયામાં પોતાની નેકીનો પમરાટ ચોમેર પાંથરવો કે જેથી તેનાં ભલાં કામોની ભલી યાદ તેની પાછળ લાંબો વખત સુધી જળવાઈ રહે છે.

આતશ ઉપર ખુશબોએદાર ચીજો બળવાથી એક હાથપર જ્યારે તે મગજને તાજેગી બક્ષે છે ત્યારે બીજા હાથ ઉપર ખરાબ વસ્તુ બળવાથી મગજને નુકશાંન થાય એવી દુર્ગંધ મળે છે. આ સારી યા નઠારી ચીજ બાળનાર યા તો કોઇ શાહ હોય યા ફકીર, પણ તેઓ જેવી ચીજ બાળસે તેવોજ તેનો સોડમ મેળવશે. આતશની આ ખાસીહત ઉત્તમ ધડો શિખવે છે કે આ દુનિયામાં નેકીના કરનાર પેલી જેહાંનમાં સુખી જીંદગી ભોંગવશે, પણ બદીમાં ગીરફતાર થયલાં બદબખ્તો દોજખમાં દુઃખી જીંદગી ભોગવતાં થશે. જેવું કારણ તેવુંજ તેનું પરિણામ—એ કુદ્રતી નિયમ મથાળે ટાંકેલા ગાથાના કલામોમાં આતશની એક ખાસ ખાસીહત તરીકે આપણે જોઈ છે.

આતશ ઉપર જ્યારે બળતણ મુકવામાં આવે છે ત્યારે તેનો ધુંઓ અને સોલો હમેશ ઉપરજ જાય છે, જે એક જરથોસ્તીને, આ દુનિયામાં કીધેલાં કર્તુકોનો હિસાબ મરણ પછી મીનોઈ દુનિયામાં આપવાની યાદ આપે છે. વળી આતશની એ ખાસીયત તેના ભાવીકોની અરજો અને મુરાદો ગોયા વસીલા તરીકે તે દાદારની દરગાહમાં પોંહોંચાડે છે.

આતશ પોતે નિર્મળ અને ખાલેસ છે અને તેની ઉપર ખરાબ વસ્તુ બાળવી નહીં. અને જો બાળવામાં આવશે તો તેને તે પાછી ફેંકી દે છે અને પોતાની અસલ ખાલેસી જાળવી રાખે છે. તેમજ આપણો આત્મા જે અસલ ખાલેસ છે તે ઉપર બદીનો ડાઘ પડવા દેવો નહીં, પણ જો ભુલથી પડયો હોય તો આપણી કરણીને પાક કરતાં રહી તેને અર્દીબેહેસ્તનાં રોશન બળતણથી બાળી નાંખવો અને આત્માને સદા પાક રાખવો, જેથી તે પોતાની અસલ ખાલેસ અને ઉંચી હાલતમાં મુકાય છે યાને બેહેસ્નો બેહેરો મેળવવાને લાયક થાય છે.

આતશ કદેહોમાં આપણા ધર્મગુરૂઓ આતશના કિબ્લાઓને રાતોદીન બળતણ પુરૂં પાડી તેને સદા રોશન રાખવાની સઘળી કાળજી ખપાવે છે અને તેઓને જેમ બુજાવા દેતા નથી તેમજ આતશનો કિબ્લો કરનારે બોધ લેવાનો છે કે કવખતે આપઘાત કરી પોતાની હૈયાતી ખતમ કરી ભિત્તરના આતશને બુજાવી નાખવાને તકસીરવાર થવું નહીં, પણ દરાવેલે

વખતે હૈયાતી ખતમ થાય ત્યાં સુધી જીંદગીનો આતશ રોશન રાખવો. જેઓ ખુદાતાલાના ઠરાવેલા વખત અગાઉ આપઘાત કરી જીંદગીની દોરી વચ્ચેથી તોડી નાંખે છે અને તેની જીવતી જાગતી જોતને અધુરે બુજાવી દે છે તેઓ ધર્મની રૂએ મોટાં ગુનેહગાર થાય છે. આપઘાત કરનાર કુદ્રતનો કાયદોજ તોડતાં નથી પણ કુદ્રતના સાહેબનો મોટો અનાદર કરે છે. તેઓ જીવની કીંમત પિછાણતાં નથી. જીવ જેવી અમુલ્ય ખુદાઈ બક્ષેપનો તેઓને ખરો ખેઆલ હોતો નથી. આએ કુદ્રતની મોટી નવાજેશનો જેઓ ગેરઉપયોગ કરે છે તેઓનો આત્મા પાધરો સ્વર્ગે જતો નથી. મરણ પછી એવાં માણસનાં રવાંનની હાલત ઘણી દયાજનક થઈ પડે છે. હમણા થોડો વખત થયો જરથોસ્તીઓમાં, મુખ્ય કરી જવાંન વર્ગમાં આપઘાત નો ગોયા "મૅન્યા" લાગો છે. એ કાંઈજ નહીં પણ ઉઘરતાં બાળકોને ધર્મનીતિનું ગ્નાન નહીં આપવાનું, બચગીથી તેઓમાં સહન શક્તિનો સદ્‌ગુણ નહી ખિલવવાનું, પ્રજાની મનની નબળાઇનું, મનની નબળાઇને હીચકારાપણાથી વશ થવાનું અને તેઓમાં ધર્મનો ધાક નહી બેસાડવાનું આ દુઃખદાયક પરિણામ છે.

આતશ જેમ પૃથ્વીમાંથી મળી આવતા સઘળા ખનીજ પદાર્થોને તાવી નાંખી સાફ અને સ્વચ્છ કરે છે અને તેનું અસલ રૂપ જાહેર કરે છે તેમ જરથોસ્તીઓએ, ખાસ કરી આતશની જાળવણી કરનારા અથોરનાન વર્ગે આ આતશની સ્વચ્છતા કરવાની નેક ખાસીહત ધારણ કરવી ઘટે છે અને તે કિરતારની એબાદતગાહમાં તેનીજ યાદમાં એક સ્વચ્છ આતશી બળતી જોતની મિસાલ ખાલેસ મને દાખલ થવું ઘટે છે. આપણા દેમાગમાં બળતો આતશ જે આપણો આત્મા છે તેને રોશન રાખી દીલ અને મનમાંની સઘળી બદી યાને મનવિકારોને હાંકી કાઢવાની ચાલુ કોશેશ કરવી જોઈએ. શરિરના ભિત્તરની આતશી ગરમી, અંદરના ગંધીલા પદાર્થોને જેમ હવાઈ રૂપે બાહાર કાઢી આપે છે અને ભિત્તરના અવયવોને તાજા અને ખુશહાલ રાખે છે તેમજ એક બંદગીખોર જરથોસ્તીએ મનવિકારોને હાંકી કાઢી રવાંન અને મન—અંતઃકરણને નિર્મળ રાખવાને કોશેશ કરવી જોઈએ. 'જે હવા આપણે પલેપલ દમમાં લઈએ છીએ જેથી જીવન ક્રિયા ચાલુ રહે છે. અને આ ક્રિયા હરદમ અહુરમજદ ખુદાનું પાક નામ જબાન ઉપર ધરવાની માણસ માત્રને પોતાની પાક ફરજ શિખવે છે. વળી એ તેજદાર આતશરૂપી હવા આપણા દમમાં જઈને બળતણ ચાલુ કરે છે જેથી ખોરાક ચરીને કાંજી રૂપે તૈયાર થાય છે અને તેનું લોહી બનાવી આપે છે તથા તે લોહીને તેજદાર કરે છે અને ત્યાં જીવન શક્તિનો સદા બળતો આતશ જારી રાખે છે. આ દમમાં ચાલતો આતશ આપણા શરીરમાં આસપાસની સખ્ત ઠંડી અથવા ગરમ હવા છતાં તે પોતાનું સમતોલપણું જાળવી રાખે છે, જેથી સરદી અને ગરમીની ભારે પીડા આપણે ભોગવી શકતાં નથી. આતશ ઉપર ચોખ્ખી અને સુકી ખુશબોએદાર કાઠીનું બળતણ બાળવાની ધર્મમાં સખ્ત તાકીદ ફરમાવી છે, કે જે એ બળતણ પોહોંચાડનારા દીનદારોના પોતાનાજ ફાયદા માટેની છે. એટલે જેવું બળતણ આતશને મળશે તેવોજ તેનો સોડમ બળતણ પોહોંચાડનારને મળશે. એજ મિસાલ આપણા ભિત્તરના બુલંદ આતશ ઉપર જ્યાં સુધી ચોખ્ખું સુખડ લોબાન મુકાય છે યાને તાજો અને સાદો સુતરો ખોરાક લેવાય છે ત્યાં સુધી તે માણસનું લોહી સ્વચ્છ રહે છે અને તે પવિત્ર લોહીને લીધેજ તે ધર્મી ભલાં કામો કરવાને શક્તિવાન થાય છે. એથી ઉલટું ભિત્તરના આતશને ખરાબ બળતણ પુરૂં પાડવાથી એટલે, ખરાબ ખોરાક લેવાથી જે લોહી બનીને તૈયાર થાય છે તેથી આત્મા ઉપર ખરાબ બળતણનો ગોયા કાળો ધુમાડો ઉડે છે જેથી પેલો આત્મા પોતાનું કાર્ય બરાબર બજાવી શકતો નથી અને ખુદાઇ રાહ ભુલી જાય છે. એ ધુમાડા મારફતે ગોયા તેના આચાર વિચારો કાળા થઇ જાય છે અને તેના શરીરના અવયવો પોતાનું રાબેતાનું કામ કરી શકતા નથી. એટલુંજ નહીં પણ બાજે વખત તેવાં માણસો અહુરમજદનાં ફરમાનથી ઉલટાં

કામો કરવાની રાહ ઉપર દોરવઇ જાય છે. આપણા અમુલ્ય જીવને જે આતશ પવિત્ર અને નિરંતર રાખે છે, જે આપણી જીંદગીનું ગોયા જીવતર છે, જે આપણને હુમત, હુખ્ત અને હવર્સ્તની નેક રાહ ઉપર ઉતારે છે તે બુલંદ આતશની જાળવણી કરવાની જેમ આપણી ઐન ફરજ છે તેમજ આપણું તન જે આપણા અમર આત્માનું રેહેઠાંણુ છે તેને સ્વચ્છ અને નિરોગી રાખવાની તેટલીજ જરૂર છે. આપણા પવિત્ર આતશી આત્માનો ખોરાક તન, મન અને રવાંનની ખાલેસી છે. નીતિ, નેકી અને દીનદારી તેને ખાલેસી બખશનારો ખોરાક છે. સખાવત પરમાર્થ તેને ટકાવો આપનારાં કામો છે. આતશ કદેહેમાં ધર્મગુરૂઓથી થતી આતશની જાળવણી, સર્વે જાનદાર ભલી પેદાયશોની જાળવણી કરવા, તેઓને તાજી રાખવા, ખિલવવા અને તેઓની પરવરશી કરવા શિખવે છે. વળી તે ભિત્તરના આતશની ખિલવણી કરતા રેહેવાને અને તેને રોશન રાખવાનાં પુન્યવાન કામમાં હરદમ ભાગ લેવા અને કોઈબી રસ્તે તે આતશ ઝાંખો ન પડે તેની સંભાળ લેવા શિખવે છે. આતશને રોશન રાખવાનાં પુન્યવાંન કામો જે એક દીનદારે બજા લાવવાનાં છે તે હમદીનોને બાપીકા મજહબની તાલીમ આપી તેઓને ધર્મી અને નીતિમાન બનાવવાં, જેથી ગુમરાહી અને બદએકીની દુર થઇ તેઓનો આત્મીક આતશ સદા રોશન રહે. દર્દીઓના દર્દ તાળવાના ઉપાયો લેવા કે જેથી તેઓનો બુઝાતો આતશ તેજી પકડે. આંધળાં પાંગળાં અને ખરાં અશકતોને સહાય થવું કે જેથી તેઓનો કરમાઈ જતો આતશ જાગૃત રહે."*

પારસીઓ આતશ પરસ્ત નથી.

શું પારસીઓ આતશ પરસ્ત યા ખુરશેદ પરસ્ત છે? પરકોમના કેટલાક તવારીખ લખનારાઓ પારસીઓને "આતશના પુજારી" તરીકે ઓળખાવી ગયા છે તે શું વાજબી છે? આપણે તેનો સાફ ઈનકાર કર્યે છીએ. આ લખનારાઓમાંના કેટલાકો જોકે પોતાની બેખબરીથી પણ કેટલાકો દીન દુશ્મનીથી પારસીઓને આતશના પુજારી લખી ગયા છે તેમાં થોડુંબી વજુદ સમાયલું નથી. જે પ્રજાના એક મહાગુરૂએ એકજ ખુદા અહુરમજદની ખાલેસ પરસ્તેશ શિખવેલી તે પ્રજાને તત્વના પુજારીઓ તરીકે ઓળખાવવા એ તેના મહાન ગુરૂનાં શિક્ષણ ઉપર સુખન લઈ જવા બરાબર છે. પારસીઓને માથે આ એક કલંક છે જેનું ખંડન કેટલાક વિદ્વાનોએ ઘણી બાહોશીથી કીધું છે. પારસીઓ જો કે આતશ પરસ્ત નથી, પારસી ધર્મ જો કે તત્વ પુજા શિખવતો નથી, તે જો કે જગતકર્ત્તા અહુરમજદનીજ પરસ્તેશ કરવા શિખવે છે, તોપણ પારસીઓ આતશને સન્મુખ રાખી તેનો કિબ્લો કરે છે તે ઉપરથી પરકોમનાઓ તેઓને આતશના પુજારીની જે ઉપમા આપે છે તેમાં તેઓ ખચીતજ ભુલાવો ખાય છે. આતશનો કિબ્લો તે તેની પુજા નથી. આતશ જેવાં નહીં વર્ણવી શકાય એવાં મહાન તત્વનો કિબ્લો કરવાનું ધર્મનું ફરમાન અને તે ફરમાન મુજબ અમલ કરનારાંઓ માટે કેટલું માન ભરેલું છે તેનો થોડોબી ખેઆલ આજની વાઅજ ઉપરથી મળી શકે એમ છે. આતશ જેવાં કુદ્રતી તત્વનો કિબ્લો કુદ્રતના કારીગરની મહાન શક્તિની કેવી લાયક પિછાણ કરાવે છે અને એ શક્તિનો તે કરનારાંઓનાં અંતઃકરણ ઉપર કેવો ઉંડો અને ધાર્મિક છાપ મારે છે તેના નાકેશ પુરાવા તરીકે, આતશના પુજારી તરીકેનો આળ મુકનારાઓ આગળ આપણે આ વાઅજ માનપુર્વક રજુ કરીશું. કુલ દુનિયાના દેખીતા આધાર અને જગતને જીવન શક્તિ પુરી પાડનાર તરીકે આતશ અને સુર્ય જેવી મહાન શક્તિનો કિબ્લો તે કરનારાંઓને મગરૂર રેહેવાને વાજબી કારણો આપે છે.

---

* ધર્મ નીતિ બોધ—કર્તા મે૦ બ૦ દસતુર. સુધારા તથા વધારા સાથે.

સેવટે, આતશનો ક્રિઆ કરતાં તેને માટે સુખડ વગેરેનો પવિત્ર હદીઓ લઈ જનારાં દીનદારોને મળતા આશિષ જે ધર્મમાં આતશના પોતાના બોલોમાં મળે છે તે આશિષ સર્વ બસ્તે કુસ્તીઆંન જરથોસ્તીઓને દેઉં છું તે આમીન થાઓ !

ઉપ થ્વા હક્ષોઇત ગેઉશ વાંથ્વ ઉપ વીરનાંમ પોઉરૂતાસ

ઉપ થ્વા વરેજ્વત્ય મનો હક્ષોઇત અંધુહ ઉર્વક્ષ અંધુહ.

ગય જીગએશ તાઓ ક્ષપનો યાઓ જવાહિ.

ઈમત આથ્રો આફ્રીવનેમ.

યો અહ્માઇ અએસ્મેમ બરઇતિ હિકુશ રઓચસ-પઇરિસ્તેમ.

અશહે બેરેજ યઓજદાતાંમ.

યાને, જે માણુસ અશોઇની ખાહેશથી રોશનીમાં તપાસેલી સુકી કાઠી લઇ જાય છે તેને આએ આતશ (આદર યજદ) આશિષ દે છે કે—

તારે ત્યાં ગાવ ગોસ્પેંદો (પૈસા ટકા) ની વૃદ્ધિ થજો! તારે ત્યાં પુરા શુરવીરો પેદા પડજો ! તમે ચાલાક મનના થજો! તારી જીંદગી ઉપયોગી નિવડજો! અને સેવટની ઘડી સુધી તમો આનંદી જીંદગી ગુજારજો !

અથ જમ્યાત યથ આફ્રીનામી !

આમીન !

નવજોત-શેહાદી-વીગરેના સુભ ટાંકણાંનાં નોતરાંનાં કારડો—ચીઠીઓ-વીગરે-છપાવનારા સાહેબોને સુચના.

ઉપર લખેલાં કોઈબી શુભ ટાંકણેનાં તહરેવાર નકસીનાં જાત જાતનાં સલંગ તથા ઘડી વાલવાનાં તહરે કીશમનાં કારડો રંગ બેરંગી કલરના—અને ચીઠીઓ છાપવાનાં જાડાં પાતલાં સફેદ તથા રંગ બેરંગી નકસીનાં નોટ પેપરો—તેવાંજ સુંદર અને મનોરંજક કવરો—પરબીડાં—સાથે મુંબઈ વરતમાંન પ્રેસમાં જથાબંધ મંગાવામાં આવ્યાં છે; જેનાં નમુના તથા ભાવ તાલ ચરનીવાડી પર નંબર ૧૪૧ વાલાં મકાંનમાં ઉપલાં પ્રેસમાં પુછપરછ કરવાથી તરત માલમ પડી આવશે.

શંધાના ભાવ સવલ પડતા અને કીફાયતથી રાખવામાં આવ્યા છે, અને તુરતજ તાકીદે જોઈતા વખતમાં છાપી આપવામાં આવે છે.

એ કારડો અને ચીઠીઓ બધી જાતની રંગીન શાહીઓ જેવીકે શુનેરી, રૂપેરી, લાલ, બલુ—કાલી વીગરેની કોઈબી રંગથી ઘણી સુંદર અને મન પસંદ રીતે ગુજરાતી—અંગ્રેજી—મરાઠી—વીગરેની ભાશામાં છાપી આપવામાં આવે છે.

ઠેકાંણું—મુંબઇ વરતમાન છાપાખાનું—ચરનીવાડી.

શેહેનશાહી જરથોસતીઓને બંદગ.

ખોરદેહ અવસતા—આ જાતનાં અક્ષરે અને અશલ ઉચારે છાપેલી બધી ન અને ફ્રસ યસતે તેમાં:—હોરમજદ, મોટી ખોરદાદ, આવા, નાથલી સરોસ, રાતની મોટી અને બેહુરામ યસત છે. તે શાથે આ કેતાબ ... આશો જરથોસ્તની સુંદર સબી સુજનામા ...—કીંમત રૂ. ૦ાા,—પોસટેજ દોઢ આનો.

ખોરદેહ અવસતા—આ જાતનાં નવા મગેડદાર ... અન અશલ ઉચારે છાપેલી બધી નયાસે, પતેતો દુવાઓ ... રાતો તેમાં:— હોરમજદ, અરદીબેસત અને બેઉ સરોસ છે.—પતલાં પુઠા કીંમત રૂ૦ા, જાડાં પઠાંની રૂ૦—;—... ટેજ એક આનો. આ અવસતાની ચોપડી ... ગજવામાં રહી શકે ...ની નાથલાં ... ની છે.

ખોરદેહ અવસતા—પઢવાને શવલ પડે તેવી જુદાં જુદાં પદાની જુદા લાઇનો કરીને છાપેલી—બે દફતરો શાથે રૂ. ૧,—પોસટેજ દોઢ આનો.

ઉપલીજ જાતની—નાંથલી સાઇજની બે જુદા જુદા દફતરમાં બાંધેલી દરેક દફતરની કીંમત રૂ ૦ાા.

મુકતાદનાં દીવશોમાં ભણ...નાં ફરામરોદના હા તથા, ગાથાના હાની ચોપડી—કીંમત ત્રણ આના,—પોશટેજ અરધો આનો.

છુટી ફરવરદીન યશત ફેરોખશી—જાડા પુઠામાં બાંધેલી—કીંમત રૂ. ૦ા,—પોશટેજ અરધો આનો.

છુટી આવાં યશત—જાડાં પુઠાની કીંમત ત્રણ આના તથા પતલાં પુઠાં કીંમત બે આના,—પોશટેજ અરધો આનો.

પ્રીનસીપલ ગ્રોથસ ઓફ ઇનડીયન કોટન એટલે હીંદી રૂના પાકના મુખ્ય મઠકેનો કોઠો દેખાડનારી ચોપડી—જેમાં હીંદુસ્તાન તેમજ પરસીયાના ? કયા કયા ગામોમાં રૂ પાકેચ તે સઘલા ગામોના નામો આલફાબેટીક ગોઠવી તેમના રેલવે સ્ટેશનોના મારકા સહીત આપવામાં આવ્યા છે વલી રૂ કેવી જાતનો અને તે કયા ગામનો છે તે કેમ પારખવો વગેરેન લંબાનથી આપવામાં આવી છે. એને લગતા કામ કરનારાઓને ઘણી થઈ પડે તેવી છે. કીંમત માત્ર રૂપ્યો અરધો—પોસ્ટેજ અરધો આણો

ઠેકાણું—૧૪૧ ચરનીવાડી—મુંબઈ વરતમાન છાપાખાનું

.ઓ વેચવાની છે.

અથવા મુશલમાનેનો મશહુર ખાલીફ હારૂન-અલ-
રવાંન આદેલનું દાખમું જોવા ગયો તે કીસો. જે
નવી નવાઇ તથા નશીઅતો છે તે નામીચા ખાલીફને તે
.ગેહુબ છે. ખાલીફ હારૂન-અલ-રશીદ, શાહનશાહ
.છલ લગભગ ૨૦૦, વરસે બગદાદના તખત ઉપર :.
મોટા મરતબાવાલા તે જમાનાના ઓલમા મોટા ખેરખાહ
.લ ૨૦૦) વરશ થઈ ગયલા શેહેનશાહ નોશીરવાંનનું દાખમુ
જોયું અને ઇર .શાહતનું નામ જેહાંનમાં પુરેપુરી જાહોજલાલી ને
રોશનાઇથી રોશન તારનું અશો રૂવાંન નવા શાહજ પોશાગ સાથ ઘટતી
આવજતે તે મરહુમ જોહેનશાહની આગાહી માફક દાખમામાં ડેડવયું, એ
બેશક બનેલી વાત ને રુ.ાચી હકીકત છે.—કીંમત છ આના, પોસ્ટેજ અરધો
આનો.

"પારસીઓ અને હિંદુઓ.નું મૂળ"—યાને, પારસીઓના પુરાતન વડવાએ
અને હિંદુઓના અસલી પૂર્વજો પુરા...ન ઇરાનવેજ (આર્યવૃત)માં જે વેળા સાથે
વસ્તા હતા, તેવો એકજ કોમ તરીકે ગણ.તા હતા તે વિષેનો બંને કોમવા-
ળાઓને મારે જાણવાજોગ ટુંક હેવાલ.—કીંમત ૩૦, પોસ્ટેજ અરધો આનો.

રૂમાં કચરાની ઘટ આવીઆ પછી દર ખાંડીનો અને દર ..રતલનો ભાવ નકી
મ પડે છે, તેના કોઠાની—...ગ વીગેરે રૂઉનાં કારખાનાંઓને ઘણા ઉપ-
.ગી ચોપડી—...દર ખાંડીના રૂ૧૧૫ થી તે ૨૫૨) શુધીના ભાવનો રૂઉ દર
.ડે, યા ૩૪) ટકા સુધીની ઘટ કેટલી તથા નકી કેમ ખાંડી પડે છે તે જોવાનો
.ઠો છે.—કીંમત રૂ૧). પોસ્ટેજ અરધો આનો.

યોગ વીદ્યા અને અસલી ઇરાનીઓ—એમાં ખોદાતાલા યાને હકની દર-
મારગ કેમ અખતીઆર થાય તે વીશેનું માયાકુલ અને મોતેબર લખાણ
ત—રૂ૦, પોસ્ટેજ અરધો આનો.

સની ખુબી વીશે મલેલાં જુદાં જુદાં લખાણો—કીંમત બે આના.
પોસ્ટેજ અરધો આનો.

.ણું—૧૪૧ ચરનીવાડી—મુંબઇ વરતમાન છાપાખાનું.